ISSN 0976 - 9809 V-Vidyanagar

વર્ષ : ૧૫ અંક : ૭ જુલાઈ ૨૦૧૩ સળંગ અંક : ૫૦૧

# વિ-વિદ્યાનગર




चारुतर विद्यामंडल - वल्लभ विद्यानगर

कर्मण्येवाऽधिकारस्ते ।

## CHARUTAR VIDYAMANDAL
VALLABH VIDYANAGAR



ચારુતર વિદ્યામંડળના નવનિયુક્ત માનદ મંત્રી પ્રિ. એસ.એમ. પટેલે અમેરિકાની મુલાકાતેથી પાછા ફરતાં નવો હોદ્દો સંભાળ્યો ત્યારે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલે પુષ્પગુચ્છ આપીને તેમને આવકાર્યા હતા. આ પ્રસંગે નવનિયુક્ત માનદ કાર્યકારી મંત્રી ડૉ. જે.ડી. પટેલ તેમ જ માનદ સહમંત્રીઓ શ્રી બી.પી. પટેલ, ડૉ. એસ.જી. પટેલ અને શ્રી એમ.જે. પટેલ ઉપસ્થિત હતા.



ચારુતર વિદ્યામંડળના રાષ્ટ્રીયકક્ષાના આર એન્ડ ડી સેન્ટર સિકાર્ટમાં પ્રવાહી અને ઘન પદાર્થોના પરીક્ષણ માટેના અત્યાધુનિક વિદેશી મશીન એક્સઆરએમ (એક્સ-રે ફ્લોરેસન્ટ સ્પેક્ટોમીટર)ની પૂજા અનુપમ મિશન-મોગરીના વડા પૂજ્ય જશભાઈ સાહેબને હસ્તે કરાતાં એનો શુભારંભ થયો હતો. આ પ્રસંગે સીવીએમના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલ, સિકાર્ટના નિયામક ડૉ. વી.એસ. પટેલ, સિકાર્ટના વૈજ્ઞાનિકો સહિતના મહાનુભાવો ઉપસ્થિત હતા.




# વિ-વિદ્યાનગર

**ચારુતર વિદ્યામંડળ પ્રકાશન**

જુલાઈ ૨૦૧૩

વર્ષ : ૧૫ અંક : ૭

(સળંગ અંક ૫૦૧)

**ISSN 0976 - 9809 V-Vidyanagar**



**તંત્રી**

રાજેન્દ્રસિંહ જાડેજા • હરિ દેસાઈ

**પરામર્શન**

રમેશ એમ. ત્રિવેદી • જયન્ત ઓઝા

**સંપાદન**

ભગીરથ બ્રહ્મભટ્ટ • સુધીર મુખરજી

**સંપાદન-સહાય**

શૈલેષ ઉપાધ્યાય • ગિરીશ ચૌધરી



**પ્રકાશક**

પ્રિ. એસ.એમ. પટેલ

માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ

વલ્લભ વિદ્યાનગર - ૩૮૮ ૧૨૦

•

**મુદ્રક**

આણંદ પ્રેસ, ગામડી


**ચારુતર વિદ્યામંડળ**

વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦

**સ્થાપના વર્ષ**

૧૯૪૫

कर्मण्येवाऽधिकारस्ते


**અધ્યક્ષ**

ડૉ. સી.એલ. પટેલ

**માનદ મંત્રી**

પ્રિ. એસ.એમ. પટેલ

**માનદ કાર્યકારી મંત્રી**

ડૉ. જે.ડી. પટેલ

**માનદ સહમંત્રીઓ**

શ્રી વી.એમ. પટેલ • શ્રી બી.પી. પટેલ

ડૉ. એસ.જી. પટેલ • શ્રી એમ.જે. પટેલ


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઈજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ – ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટેક્નોલૉજી, હૉટેલ મેનેજમેન્ટ ટુરીઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ એડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઈજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા • રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે. • રાજ્યની પ્રથમ મહિલા ઈજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતકકક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કોલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ અપાવવા માટેની સીવીએમ આઈએએસ એકેડેમી. • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઈન્ટિરિયર ડિઝાઈન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઈન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.


**• અંકની છૂટક કિંમતઃ ₹ ૧૫/- • રવાનગી ખર્ચઃ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમઃ ₹ ૧૫૦/-**

**• વિદ્યાર્થી લવાજમઃ ₹ ૧૦૦/- • આજીવન લવાજમઃ ₹ ૧૫૦૦/-**

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઈ. સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણવિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય; વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી વર્તમાન અધ્યક્ષ ડૉ. સી.એલ.પટેલની નિસ્બત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

**વિ-વિદ્યાનગર**

'વિ-વિદ્યાનગર' ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ

**www.ecvm.net**

પર મૂકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

<u>**આ માસની વિચારકણિકા**</u>

**સાચા ગુજરાતી હો તો શરમ આવે એવું કામ ન કરજો. બારણાં બંધ કરી ભરાઈ ન બેસજો.**

● સરદાર પટેલ

# વિ-વિદ્યાનગર


## ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

જુલાઈ ૨૦૧૩
વર્ષ : ૧૫ અંક : ૭
(સળંગ અંક ૫૦૧)

**ISSN 0976 - 9809 V-Vidyanagar**


**सत्त्वात्सञ्जयते ज्ञानं रजसो लोभ एव च ।**
**प्रमादमेहौ तमसो भवतोऽज्ञानमेव च ॥**

**સત્ત્વથી ઊપજે જ્ઞાન, રજથી લોભ ઊપજે,**
**પ્રમાદ, મોહ, અજ્ઞાન, ઊપજે તમથી સહુ.**

શ્રીમદ્ ભગવદ્ ગીતા ૧૪:૧૭


॥ અધ્યક્ષસ્થાનેથી ॥ વ્યક્તિવિશેષની જવાબદારીની કાર્યદક્ષતા
★ ડૉ.સી.એલ.પટેલ

॥ પ્રાથમ્ય ॥ અધ્યાપકની વ્યાવસાયિક સજ્જતાનું સંવર્ધન
: પ્રથમ ચરણ ★ રાજેન્દ્રસિંહ જાડેજા / 1

॥ આપણો વારસો અને વૈભવ ॥ પદ્ય વિભાગ ॥
★ નરસિંહ મહેતા, હરીન્દ્ર દવે, મીરાંબાઈ, સુરેશ દલાલ / 2
॥ ગદ્ય વિભાગ ॥ બૌદ્ધ ધર્મ એટલે હિંદુ ધર્મની પૂર્તિ
★ સ્વામી વિવેકાનંદ / 3

॥ નવાં કાવ્યો ॥ ★ રમેશ મહેતા 'સ્વયમ્',
પરાજિત ડાભી - તમન્ના આઝમી, રાકેશ પટેલ / 4

॥ વ્યાખ્યાન ॥ નચિકેતાની જેમ પ્રશ્નો કરીએ ★ નરેન્દ્ર મોદી / 5

॥ પ્રેરણા ॥ આ પ્રજાને શું થયું છે? ★ સ્વામી રંગનાથાનંદ/ 8

॥ વ્યક્તિ વિશેષ ॥ વી.જે. – ફ્રેન્ડ, ફિલૉસોફર, ગાઈડ
★ આદમ ઘોડીવાલા / 9

॥ સંશોધન ॥ દલિતોના શિક્ષણ સંબંધે સયાજીરાવનું પ્રદાન
★ ગૌરાંગ જાની / 11

॥ સંશોધન ॥ કાકાસાહેબ કાલેલકરના નિબંધોમાં હિમાલયદર્શન
★ મેહુલ ડી. પટેલ / 14

॥ વિશ્વની વાટે ॥ ભારત-જાપાન સંબંધોઃ નવા આયામ
★ કૃષ્ણકાંત જોશી / 20

॥ વિશ્વની વાટે ॥ ચીની વડાપ્રધાનની ભારત મુલાકાત
★ વિજય દવે / 22

॥ જ્ઞાન-વિજ્ઞાન ॥ અકાળે યૌવન બક્ષતા – અંતઃ સ્રાવ વિભાજકો
★ ઉર્વીશ છાયા / 24

॥ સ્વાસ્થ્ય ॥ આયુર્વેદનું પ્રથમ સોપાન – પથ્ય અપથ્ય
★ અમીતા વ્યાસ, એ.આર.વી. મૂર્તિ / 26

॥ **विमर्श ॥ सच में पाक कब्जे वाला कश्मीर भारत का है?**
★ **सुरेश एस. डुग्गर** / 27

॥ રમન્તે તત્ર દેવતા ॥ અવનવાં વસ્ત્રાભૂષણોનું આકર્ષણ
★ પારુલટીના દોશી / 30

॥ Sports ॥ Physical Fitness and Nation Building
★ P. D. Sharma / 31

॥ વિદ્યાવૃત્ત ॥ / 35

# વ્યક્તિવિશેષની જવાબદારીની કાર્યદક્ષતા

વ્યક્તિવિશેષ જ્યારે કોઈપણ સંગઠન કે જવાબદારી કે પછી સેવાકીય સંસ્થામાં જોડાય ત્યારે તેનું પ્રતિનિધિત્વ આવી સંસ્થા, સંગઠન કે બીજી કોઈ જગ્યાએ શું ભાગ ભજવવા જોડાય છે અને તેના વિચારો, તેની કાર્યદક્ષતા અને તેની કામ કરવાની રીત જ્યાં તે જોડાય છે ત્યાં કેટલે અંશે સફળતા કે નિષ્ફળતા અપાવશે એનું મૂલ્યાંકન પોતે કરવું જરૂરી છે. આવું મૂલ્યાંકન કર્યા સિવાય કોઈપણ વ્યક્તિ ક્યાંય પોતે જોડાય અથવા તો આવી જવાબદારી સંભાળવા જે તે સંસ્થા, સંગઠનના મોભી તેને કામની જવાબદારી સોંપે ત્યારે વ્યક્તિવિશેષની તથા જવાબદારી સોંપનારની કાર્યદક્ષાના મૂલ્યાંકનના અભાવે સફળને બદલે નિષ્ફળતાને વધારે નોતરે છે. કોઈ વ્યક્તિ જ્યારે કોઈ બહોળા સમુદાયની જવાબદારી ઉપાડવા સક્ષમ ના હોય છતાં આવી જવાબહદારીવાળી જગ્યાએ કામ કરવાની તૈયારી બતાવે અને કાર્યદક્ષતા તથા ગુણવત્તાની ચકાસણી વગર મોભી આવી જવાબદારી સોંપે ત્યારે સ્થિતિ પેદા થાય છે તે સ્થિતિ સમાજને નિષ્ફળતા તરફ લઈ જાય છે.

આજકાલ રાજ્યમાં કે મધ્યસ્થ સરકારમાં રાજ્યની કે દેશની જવાબદારી સંભાળવા માટે છેક રાષ્ટ્રપતિ, વડાપ્રદાન કે જુદાં જુદાં ખાતાં સંભાળનાર પ્રધાને અને રાજ્યના મુખ્યમંત્રી તથા તેમના મંત્રીશ્રીઓની નિમણૂક અથવા પસંદગી ખૂબ વિચાર માગી લે છે. છેક રાષ્ટ્રપતિથી રાજ્યના મંત્રી સુધી દરેક મહાનુભાવ જે આ જવાબદારી માટે નિમાયેલા હોય તે તેમાં પારંગત અથવા તો જવાબદારી માટે પૂરેપૂરી જાણકારી અને ક્ષમતાની કોઈ ચકાસણી થતી હોય તેમ લાગતું નથી. તેથી જ આજુબાજુના તેમના મળતિયા અને જોડાયેલા અધિકારીઓની સલાહથી તેમણે ચાલવું પડે છે.

ખરેખર તો આવી નિમણૂક પામેલા મહાનુભાવોની એ જવાબદારી બને છે કે તેમની પાસે એવી ક્ષમતા હોય જેથી તે જે કોઈ નિર્ણય લેવાનો હોય તે પોતાની બુદ્ધિશક્તિથી લઈ શકે. નિર્ણય લેતાં પહેલાં નિર્ણય બાબતનું મૂલ્યાંકન જે રાજ્યને કે દેશને લાભને બદલે નુકસાન તરફ ના લઈ જાય તેની ખાતરી મનોમન કરીને પછી જ નિર્ણય લે તે જરૂરી છે. આજે તો કોઈ એક પક્ષની સરકારે કે તેમાં કાર્યરત મંત્રીઓ કે પ્રધાનોએ કોઈ ભૂલ કે ભ્રષ્ટાચાર કર્યો તેની આડ લઈને આમાંથી કોઈ બોધપાઠ લેવાને બદલે આવા જ નિર્ણયો વારંવાર થતા રહે છે, તે આ દેશની કમનસીબી છે. કોઈપણ વ્યક્તિએ પોતાના ગુણદોષો ન જોતાં દોષો તરફ વધુ લક્ષ્ય આપવું જોઈએ. બીજાના ટીકાટિપ્પણીથી દૂર રહીને બીજાના દોષો તરફ લક્ષ્ય આપવાને બદલે બીજાના સારા ગુણ તરફ ધ્યાન આપે તો જવાબદારી સારી રીતે નિભાવી શકે તેવું મારું માનવું છે.

આજકાલ પોતાના દોષો અથવા સુચારુ વહીવટની ખામીમાં કોઈપણ સુધારો લાવવાને બદલે જવાબદાર વ્યક્તિ અગાઉ જે નિર્ણયો થયા હતા તેનું જ અનુકરણ કર્યું છે તેવી જાતનો બચાવ કરવાનો બાલિશ પ્રયત્ન થતો રહ્યો છે. અગાઉનાં વર્ષોમાં અથવા અગાઉની સરકારે જે કોઈ નિર્ણયો લીધા હોય તે જે તે વખતની સ્થિતિને આધારિત હોય છે. સમયાંતરે જવાબદારી સંભાળતી સરકારોએ પોતપોતાના મેનિફેસ્ટો અને જે તે સમયની સ્થિતિને આધારે નિર્ણયો લેવા જરૂરી બને છે. આ દેશની ભૂંડી હાલત એ આજે આપણે સૌ ભોગવી રહ્યા છીએ એનું એક જ કારણ છે કે સજ્જનો પોતાની નબળાઈ દૂર કરીને સ્વતંત્ર મત પ્રદર્શિત કરવાની ઈચ્છાશક્તિની સુદૃષ્ટિ તથા સ્વતંત્ર મત પ્રદર્શિત કરવાનો ભય અને નીતિવિષયમાં બિનચોક્સાઈને લઈને દુષ્ટોની તાકાત પોતપોતાની રીતે કામ કરે છે જેથી પ્રગતિ રૂંધાય છે અને જનસમુદાય જે સુખ ઈચ્છે છે તેને મુશ્કેલીઓ વેઠવી પડે છે.

આ માટે રાજ્ય સરકાર, દેશની સરકારો જો પોતાનામાં જાગૃતિ નહીં કેળવે તો આ દેશને પશ્ચિમ બંગાળ, બિહાર, ઓરિસ્સા જેવાં રાજ્યમાં માઓવાદી ક્રાંતિકારીઓ પેદા થયા, એકસાથે બિહાર-ઓરિસ્સા ડાકૂઓની હાક હતી તેવી જ હાક પ્રજા માટે રચનાત્મક અભિગમ નહીં અપનાવતાં યુવાનોને ઘાતક માર્ગ ભણી દોરે છે. તેવું જ દક્ષિણના રાજ્યોમાં નક્સલવાદીઓને જન્મ પણ આવી સરકારોએ જ આપ્યો છે. દેશમાં જે કોઈ રાજકીય પક્ષો છે તેમને અસરકર્તા જવાબદારીઓ બરાબર નિભાવાય તે માટે તેમનામાં જાગૃતિ કેળવાય તો જ ગનીમત.

આજકાલ રાજ્યની સરકાર હોય કે ભારતની સરકાર હોય, ભાષણબાજીથી જાણે પ્રજા માટે રોટલો પેદા થતો હોય એવી રીતરસમ અપનાવવામાં આવે છે. તમે રાજ્યસ્તરે કામ કરતા હો કે મધ્યસ્થસ્તરે, તમારે જાણવું જોઈએ કે કોઈના પેટમાં રોટલો ક્યારે જાય, જ્યારે ખેતરમાં બાજરી વાવો, લણો અને બાજરીના રોટલા બનાવીને જમવા પીરસો. જમ્યા બાદ રોટલો પેટમાં જાય ત્યારે ભૂખ સંતોષાય. ડૉ. સ્વામિનાથન અને બીજા કૃષિ વૈજ્ઞાનિકોએ અનાજમાં સ્વાવલંબી બનાવ્યા પણ આજે દેશમાં કેટલાય બાળકો સાથે માબાપો પણ બે ટંકનું ભોજન મેળવી શકતાં નથી. જ્યારે પોષણક્ષમ ખોરાકની વાત કરવાની હોય ત્યારે પેટને સંતોષવા માટે જરૂરી અનાજ ઉપલબ્ધ ના થતું હોય ત્યારે પોષણક્ષમ ખોરાકની વાત જ ક્યાંથી કરવી? સરકારી ગોડાઉનોમાં હજારો ટન અનાજ વરસાદી પાણીથી પલળતાં ખરાબ થઈ જાય છે અને ગોડાઉનોમાં પણ અનાજ સડતું હોય ત્યારે રાજ્ય સરકાર અને મધ્યસ્થ સરકારોથી સંગ્રહિત અનાજ સાચવી શકાતું ના હોય તો તેને સમયમર્યાદામાં ઉપયોગમાં લેવું જોઈએ. પ્રજાના પેટની ભૂખ સંતોષાય તે આજની માંગ છે.

(૧૭ જૂન ૨૦૧૩)

સી.એલ.પટેલ

# અધ્યાપકની વ્યાવસાયિક સજ્જતાનું સંવર્ધન : પ્રથમ ચરણ

રાજેન્દ્રસિંહ જાડેજા

અધ્યાપક થવું એટલે શું? એ પ્રશ્નના સંદર્ભે ડૉ. સી. એલ. પટેલ સાહેબ પ્રસંગોપાત કહે છે કે અધ્યાપકો ઋષિ સમાન હોય; અર્થાત્ પ્રત્યેક અધ્યાપકે પોતાના વ્યક્તિત્વમાં રહેલું ઋષિત્વ જગાડવું જોઈએ.

આ ઋષિત્વની વિભિન્ન વ્યાખ્યાઓ થઈ શકે, તેના ભૌતિક તેમજ આધિભૌતિક પરિમાણો પણ છે. અધ્યાપક પોતાના સંપર્કમાં આવતા બધા બાળકો/યુવાનોનો માનસિક કિંવા બૌદ્ધિક વિકાસ થાય એ માટે પ્રયત્નશીલ હોય, પણ જેથી આગળ વધીને એમના આધ્યાત્મિક વિકાસ માટે જરૂરી એવું માર્ગદર્શન પણ એ આપે એવી અપેક્ષા રહે છે. છતાં આપણી આ ચર્ચા સામાજિક-સંસારી પરિપ્રેક્ષ્યમાં હોવાથી અત્યારે આપણે માત્ર માનસિક/બૌદ્ધિક વિકાસની વાત કરીએ.

અધ્યાપકની નિમણૂક પ્રસંગે પસંદગીના જે માપદંડ આપણે ઉપયોગમાં લઈએ છીએ તે અધ્યાપકની સજ્જતાના પહેલા પાયાની કસોટી કરતા હોય છે. સજ્જતાનો પહેલો પાયો છે — પોતાના વિષયની સમજ. તલસ્પર્શી અને સર્વગ્રાહી સમજ. નિમણૂક પામવા માટેની પ્રથમ લાયકાત તરીકે UGC માગે છે અનુસ્નાતક કક્ષાએ ૫૫%, અને AICTE માગે છે ૬૦%. પરિણામ. આનો અર્થ એવો થાય કે ઉચ્ચશિક્ષણના પ્રહરી સમાન આ બન્ને સંસ્થાઓ એવું માને છે કે જે વિદ્યાર્થી પોતાના વિષયમાં અરધા (૫૦%) કરતાં વધુ પારંગત હોય તેને અધ્યાપક તરીકેની જવાબદારી સોંપી શકાય.

પ્રથમ દૃષ્ટિએ હાસ્યાસ્પદ લાગે તેવું આ વિધાન વિવાદાસ્પદ તો છે જ. આટલું નીચું નિશાન તો શેં માફ કરી શકાય? પણ આપણી સામાજિક, આર્થિક, શૈક્ષણિક વિકાસની વર્તમાન દશાને નજર સમક્ષ રાખીએ તો વાત સાવ હાસ્યાસ્પદ નહીં જણાય. નિશાન નીચું જરૂર છે, અને તેથી જ વ્યાવસાયિક સજ્જતાનું સંવર્ધન કરવાની આવશ્યકતા રહે છે. અર્થાત્ અધ્યાપક તો બની ગયા પણ પોતાના વિષય પર પ્રભુત્વ પ્રાપ્ત કરવાનું હજી બાકી છે એવી સભાનતા કેળવવી રહી.

અધ્યાપકના વ્યવસાયનું એક ભયસ્થાન છેઃ ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન.

નાના ગામમાં તો માધ્યમિક શાળાનો શિક્ષક પણ બધામાં મુઠી ઊંચેરો માનવી ગણાતો હોય છે. વર્ગમાં બાળકોની વચ્ચે તો એ જ સર્વજ્ઞ. એવામાં કૉલેજના અધ્યાપક બનવું એટલે પૂરા ગૌરવની વાત ગણાય. પાંચમાં પૂછાય અને પ્રસંગે પૂજાય એવી વ્યક્તિ. અલબત્ત જીવનભરની જ્ઞાનસાધના પછી એવો દરજ્જો મળે તો યથાર્થ ગણાય. આપણે સહુ એવા વલણને વધાવી લઈએ.

પરંતુ કારકિર્દીના આરંભે અધ્યાપક પોતાના મનમાં એવું સમજી લે કે પોતે વિદ્વાન-લર્નેડ વ્યક્તિ છે, અધ્યયન થઈ ચૂક્યું છે, તે આત્મઘાતી સાબિત થાય.

અધ્યાપક થવું એટલે અધ્યયનનો અંત અને અધ્યાપનનો આરંભ એવું સમજવાનું નથી. અધ્યયનની યાત્રા હજી અધૂરી છે એવી સભાનતા સાથે આગળ વધવાનું છે. એ જ તો છે અધ્યાપકની સજ્જતાનું સંવર્ધન.

પોતાના વિષય પરનું પ્રભુત્વ મેળવવા માટે તલસ્પર્શી (in depth) અને સર્વગ્રાહી (comprehensive) સમજ કેળવવાની છે. વિદ્યાશાખાના સર્વ સંબંધિત ક્ષેત્રોની વિભાવનાઓનો આંતરસંબંધ સ્પષ્ટ કરવાની ક્ષમતા એટલે સર્વગ્રાહી સમજ, અને વિષયની ચાવીરૂપ એવી સંકલ્પનાઓ (key concepts)ને વ્યાખ્યાયિત કરવાની ક્ષમતામાં રહેલી છે તલસ્પર્શી સમજ. ઊંડાણ અને વ્યાપ બન્ને પામવાનું કામ સહેલું નથી. યાત્રા લાંબી છે, પણ એટલી જ મજાની છે.

આવી સભાનતા સાથે આપણા નવનિયુક્ત અધ્યાપકો પોતાની અધ્યયન યાત્રા નિરંતર આગળ ધપાવે એવી અપેક્ષા અને આશા રાખીએ.

(જુલાઈમાં જગન્નાથની રથયાત્રાનું મહાત્મ્ય ઘણું છે. એ નિમિત્તે શ્રીકૃષ્ણનાં કાવ્યો અહીં પ્રસ્તુત છે.)

## જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા

જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા
તુજ વિના ધેનમાં કોણ જાશે?

ત્રણસેં ને સાઠ ગોવાળ ટોળે મળ્યા,
વડો રે ગોવાળિયો કોણ થાશે?

દહીં તણાં દૈથરાં, ઘી તણાં ઘેબરાં,
કઢિયેલ દૂધ તે કોણ પીશે?

હરિ તાર્યો હાથિયો, કાળિનાગ નાથિયો,
ભૂમિનો ભાર તે કોણ લેશે?

જમનાના તીરે ગૌધણ ચરાવતાં
મધુરી શી મોરલી કોણ વાહશે?

ભણે નરસૈંયો તારા ગુણ ગાઈ રીઝિયે
બૂડતાં બાંહેડી કોણ સાહશે?

● નરસિંહ મહેતા

●

## કાનુડાને બાંધ્યો છે હીરના દોરે

કાનુડાને બાંધ્યો છે હીરના દોરે,
બાળુડાને બાંધ્યો છે હીરના દોરે.

કોમળ આ અંગ પરે કાપા પડે છે જેવા
આંગળીથી માખણમાં આંક્યા,
નાનકડાં નેણ થકી ઝરમર ઝરે છે જેવાં
ઢળતાં શીકેથી દહીં ઢાંક્યા,
એના હોઠ બે બિડાયા હજી તોરે
કાનુડાને બાંધ્યો છે હીરના દોરે.

માથેથી મોરપિચ્છ હેઠે સર્યું, ને સરી
હાથેથી મોગરાની માળા,
આંખેથી કાજળ બે ગાલે જઈ બેઠું
કાનકુંવર શું ઓછા હતા કાળા?
બંધ છોડે જશોદાને ક્હો રે
કોઈ જઈને જશોદાને ક્હો રે
કાનુડાને બાંધ્યો છે હીરના દોરે.

● હરીન્દ્ર દવે

## કાનુડો ન જાણે

કાનુડો ન જાણે મારી પ્રીત,
બાઈ અમે બાળકુંવારાં રે. ટેક.

જળ રે જમુનાનાં હું તો ભરવાને ગઈ'તી રે,
કાનુડે ઉડાડ્યાં આછાં નીર... ઊડ્યાં ફ ર ર ર ર ર રે.કાનુડો.

જમુનાને કાંઠે વ્હાલે રાસ રચ્યો છે રે,
સોળસેં ગોપીનાં ઝાલ્યાં ચીર... ફાટ્યાં ચ ર ર ર રે. કાનુડો.

હું રે વરણાગી કાના! તારા રે નામની રે,
કાનુડે તાણી માર્યાં તીર...વાગ્યાં અ ર ર ર રે. કાનુડો.

બાઈ મીરાં કહે ગિરધરના ગુણ વ્હાલા,
કાનુડે બાળી કીધાં ખાક...ઊડી ફ ર ર ર રે. કાનુડો.

● મીરાંબાઈ

●

## રાધાનું નામ

રાધાનું નામ તમે વાંસળીના સૂર મહીં વ્હેતું ના મેલો, ઘનશ્યામ!
સાંજ ને સવાર નિત નિંદા કરે છે ઘેલું-ઘેલું રે ગોકુળિયું ગામ!

વણગૂંથ્યા કેશ અને અણઆંજી આંખડી,
કે ખાલી બેડાં કરે વાત;
લોકો કરે છે શાને દિવસ ને રાત
એક મારા મોહનની પંચાત?

વળી-વળી નીરખે છે કુંજગલી: પૂછે છે, કેમ અલી! ક્યાં ગઈ'તી આમ?
રાધાનું નામ તમે વાંસળીના સૂર મહીં વ્હેતું ના મેલો, ઘનશ્યામ!

કોણે મૂક્યું રે તારે અંબોડે ફૂલ?
એની પૂછી-પૂછીને લિયે ગંધ,
વહે અંતરની વાત એ તો આંખ્યુંની ભૂલ,
જોકે હોઠોની પાંખડીઓ બંધ.

મારે મોંએથી ચહે સાંભળવા સાહેલી માધવનું મધ-મીઠું નામ;
રાધાનું નામ તમે વાંસળીના સૂર મહીં વ્હેતું ના મેલો, ઘનશ્યામ!

● સુરેશ દલાલ

# બૌદ્ધ ધર્મ એટલે હિંદુ ધર્મની પૂર્તિ

(૨૬મી સપ્ટેમ્બર, ૧૮૯૩)

**(સ્વામી વિવેકાનંદની મહાસમાધિનો દિવસ એટલે ૪ જુલાઈ ૧૯૦૨. 'વિ'ના જુલાઈ અંકમાં એ નિમિત્તે શિકાગો વ્યાખ્યાનોમાંનું એક મહત્ત્વપૂર્ણ વ્યાખ્યાન અહીં પ્રસ્તુત છે.)**

તમે સાંભળ્યું છે કે હું બૌદ્ધધર્મી નથી, અને છતાં હું બૌદ્ધધર્મી છું. ચીન, જાપાન અથવા સિલોનના લોકો એ મહાન વિભૂતિના ઉપદેશને અનુસરે છે, જ્યારે હિંદના લોકો તો એમને પરમાત્માના અવતારી પુરુષ તરીકે પૂજે છે. તમે હમણાં સાંભળ્યું કે બૌદ્ધ ધર્મ વિશે હું ટીકા કરવાનો છું; પણ આ ટીકા એટલે માત્ર આટલું જ એમ તમારે સમજવું. જેને હું આ પૃથ્વી પરના અવતારી પુરુષ તરીકે પૂજું છું, તેમની કશી ટીકા મારાથી ન કરાય. અમે માનીએ છીએ કે બુદ્ધને એમના શિષ્યો સાચી રીતે સમજ્યા ન હતા. હિંદુ ધર્મ અને અત્યારના બૌદ્ધ ધર્મ વચ્ચેનો સંબંધ, લગભગ યહૂદી અને ખ્રિસ્તી ધર્મ વચ્ચેના સંબંધ જેવો છે. (અહીં 'હિંદુ ધર્મ' એટલે 'વૈદિક ધર્મ' એમ હું કહેવા માગું છું.) ઈસુ ખ્રિસ્ત યહૂદી હતા, અને શાક્ય મુનિ હિંદુ હતા. યહૂદીઓએ ઈસુ ખ્રિસ્તને ન સ્વીકાર્યા અને એમને વધસ્તંભે ચઢાવ્યા; હિંદુઓએ શાક્ય મુનિને ઈશ્વર તરીકે સ્વીકારીને પૂજ્યા. પણ અત્યારનો બૌદ્ધ ધર્મ અને શાક્ય મુનિએ ઉપદેશેલો બૌદ્ધ ધર્મ એ બે વચ્ચે જે ખરો તફાવત રહેલો છે તે અમે હિંદુઓ મુખ્યત્વે આ રીતે દર્શાવીએ છીએ. શાક્ય મુનિએ નવું કશું કહ્યું નથી. ઈસુ ખ્રિસ્તની જેમ એ પણ ધર્મને પૂર્ણ કરવા આવ્યા હતા, નાશ કરવા નહીં. તેમાં ફેર આટલો છેઃ ઈસુ ખ્રિસ્તની બાબતમાં જૂના યહૂદી લોકો તેમને સમજી ન શક્યા, જ્યારે બુદ્ધના સંબંધમાં તેમના ઉપદેશનો મર્મ તેમના જ અનુયાયીઓ ન સમજ્યા. જેમ યહૂદીઓ ખ્રિસ્તી ધર્મને જૂના કરારની પૂર્તિરૂપે સમજી ન શક્યા, તેમ બુદ્ધના અનુયાયીઓ બૌદ્ધ ધર્મને હિંદુ ધર્મની પૂર્તિ તરીકે સમજી શક્યા નહીં. હું ફરી વાર કહું છું કે, શાક્ય મુનિ હિંદુ ધર્મનો નાશ કરવા માટે નહીં, પણ એની પૂર્તિ કરવા આવ્યા હતા. તેઓ હિંદુ ધર્મના તર્કશુદ્ધ પરિણામ અને વિકાસ રૂપે હતા.

હિંદુ ધર્મ બે ભાગમાં વહેંચાયેલો છેઃ ધાર્મિક વિધિઓ અને આધ્યાત્મિક તત્ત્વ. આ અધ્યાત્મતત્ત્વનો વિચાર ખાસ કરીને સાધુઓ કરતા હતા.

આધ્યાત્મિક તત્ત્વમાં કોઈ વર્ણભેદ હોતો નથી. ઊંચામાં ઊંચા કે નીચામાં નીચા ગણાતા વર્ણનો માણસ ભારતમાં સાધુ થઈ શકે છે, અને સમાન કક્ષામાં આવી જાય છે. ધર્મમાં કોઈ વર્ણભેદ નથી. જ્ઞાતિ એ સામાજિક સંસ્થા છે. શાક્ય મુનિ પોતે સાધુ હતા. તેમણે વેદોમાં છુપાયેલા તત્ત્વોને પ્રકાશમાં લાવીને જગત સમક્ષ તેનો પ્રચાર કર્યો. એમાં એમના હૃદયની પરમ ઉદારતા જોવામાં આવેલ છે. દેશપરદેશમાં ધર્મપ્રચારનું કાર્ય કરવામાં તેઓ પહેલા હતા એટલું જ નહીં, પરધર્મીને સ્વધર્મમાં લાવવાનો વિચાર પણ તેમને જ સૌ પ્રથમ સૂઝ્યો હતો.

આ મહાન જગદ્ગુરુની સૌથી મોટી મહત્તા તેમની સર્વ પ્રત્યેની, ખાસ કરીને અજ્ઞાન અને ગરીબ પ્રત્યેની, અજબ સહાનુભૂતિમાં રહેલી છે. એમના કેટલાક શિષ્યો બ્રાહ્મણ હતા. જે કાળે બુદ્ધ ઉપદેશ આપતા હતા તે કાળે સંસ્કૃત ભાષા દેશની બોલાતી ભાષા ન હતી. એ વિદ્વાનોનાં પુસ્તકોમાં જ સમાયેલી હતી. બુદ્ધના કેટલાક બ્રાહ્મણ શિષ્યો એમના ઉપદેશને સંસ્કૃતમાં ઉતારવા માગતા હતા. બુદ્ધે એમને સ્પષ્ટ રીતે જણાવ્યું, "હું ગરીબોનો છું, લોકોનો છું; મને લોકોની ભાષામાં બોલવા દો." તેથી બુદ્ધનો ઘણોખરો ઉપદેશ હિંદની તે વખતની લોકભાષામાં જ સચવાયેલો છે.

તત્ત્વજ્ઞાનનું ગમે તે સ્થાન હોય, દર્શનશાસ્ત્રનું ગમે તે સ્થાન હોય, જ્યાં સુધી જગતમાં મૃત્યુ જેવી વસ્તુ છે, જ્યાં સુધી માનવહૃદયમાં નબળાઈ જેવી વસ્તુ છે, અને એને લીધે માનવહૃદયમાંથી નીકળતો આર્તનાદ છે, ત્યાં સુધી પરમાત્મામાં શ્રદ્ધા રહેવાની જ.

તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ એ મહાન વિભૂતિના શિષ્યો વેદના સનાતન ખડકો સામે સખત માથાઝીક કરતા રહ્યા છતાં વેદોને તેઓ તોડી શક્યા નહીં; એથી ઊલટું સ્ત્રી-પુરુષ સૌ જેની પ્રેમથી ઉપાસના કરતાં હતાં એ સનાતન ઈશ્વરની કલ્પનાને તેમણે દેશમાંથી નાબૂદ કરી. પરિણામે બૌદ્ધ ધર્મનું ભારતમાં આપોઆપ અવસાન થયું. આજે એ ધર્મની જન્મભૂમિ એવા ભારતવર્ષમાં જ પોતાને બૌદ્ધ કહેવડાવે એવો લગભગ કોઈ જ નથી.

બીજી દૃષ્ટિએ બ્રાહ્મણ ધર્મે પણ કંઈક ગુમાવ્યું. પોતાનો સુધારાનો ઉત્સાહ ખોયો; પ્રાણીમાત્ર પ્રત્યેની અજબ સંવેદના અને ઉદારતા ખોયાં; બૌદ્ધ ધર્મે જનસમૂહને આપેલ નીતિપરાયણતા અને પ્રામાણિકતા ગુમાવ્યાં. બૌદ્ધ ધર્મના આ પ્રભાવની અસર ભારતના સમાજજીવન ઉપર ભારે હતી. એક ગ્રીક ઇતિહાસકારે એ સમયના સમાજજીવનનું વર્ણન કરતાં લખ્યું છે કે, "કોઈ ભારતવાસી અસત્ય બોલતો નથી અને કોઈ હિંદુ સ્ત્રી 'ચારિત્રહીન' નથી."

હિંદુ ધર્મ કે બૌદ્ધ ધર્મ, કોઈ એકબીજા સિવાય જીવી શકે નહીં. બન્ને વચ્ચે જે તફાવત છે તે જોતાં, બૌદ્ધ ધર્મ બ્રાહ્મણની બુદ્ધિપ્રતિભા અને તત્ત્વજ્ઞાન વિના ચલાવી ન શકે; તેમ જ બ્રાહ્મણને બૌદ્ધ ધર્મની કારુણ્યની ભાવના વિના ન ચાલે. બૌદ્ધ અને બ્રાહ્મણ વચ્ચેની આ જુદાઈ હિંદના પતનનું કારણ છે. તેને લીધે જ આજે હિંદમાં ત્રીસ કરોડ ભિખારીઓ છે, અને છેલ્લાં હજાર વર્ષથી તે પરદેશી વિજેતાઓનું ગુલામ બન્યું છે. એટલે આપણે બ્રાહ્મણની અપ્રતિમ બુદ્ધિનો, મહાન વિભૂતિ બુદ્ધની કારુણ્યની ભાવના સાથે, એમના અભિજાત આત્મા સાથે, તેનો અજબ માનવતા સાથે, સંયોગ કરવો જોઈએ.

(શિકાગો વ્યાખ્યાનો, સ્વામી વિવેકાનંદ, શ્રીરામકૃષ્ણ આશ્રમ, રાજકોટ – ૩૬૦ ૦૦૧, ડિસેમ્બર ૨૦૧૧)

## ચાલ્યો જઈશ

● રમેશ મહેતા 'સ્વયમ્'

ઉચાટ દિલમાં લઈ ચાલ્યો જઈશ,
સૌને હાથતાળી દઈ ચાલ્યો જઈશ!

સાંપડેલું જીવનભર કેટકેટલું?
સાવ બેફિકર થઈ ચાલ્યો જઈશ!

સ્નેહી, સ્વજનો બધાં આંસુ સારશે,
અપરસથી ચૂંથાઈ ચાલ્યો જઈશ!

છોડી દઈને જર, ઝવેરાત બધું,
દાનવ મટી દેવ થઈ ચાલ્યો જઈશ!

ભૂંડાં કરમનો ભરી ભંડાર છતાં,
હૈયામાં ક્યાંક પૂરાઈ ચાલ્યો જઈશ!

## જાણી ગયા અમે!

તમારી ભાવનાને જાણી ગયા અમે,
અદાકારી સલૂણી નાણી ગયા અમે!

વસ્તી છે આંખમાં અદેખાઈ એટલી,
રહી સહી સાદગીને તાણી ગયા અમે!

સદી ગઈ છે જિંદગીને આફતો ઘણી,
દર્દમાંય પરમાનંદ માણી ગયા અમે!

અજુગતી ના હોય ક્યારેય માગણી,
છતાંય પડતી મૂકીને છાણી ગયા અમે!

વહી ગયા પછીથી પાણી પાળ બાંધવી,
ડહાપણ નથી એમાં જાણી ગયા અમે!

(હરિ ક્લિનીક, સાસ્તાપુર – ૩૮૭ ૩૩૫, તા. મહુધા,
જિ. ખેડા. મો.: ૯૭૧૪૮૯૪૫૫૫)

## વિસ્ફોટ

● પરાજિત ડાભી
● તમન્ના આઝમી

શબ્દ ઉત્સવ જેમ ઉજવાતો રહે,
અર્થ પણ એની વ્યથા ગાતો રહે.

આ ગગનચુંબી ઈમારતમાં કદી,
મૌનનો વિસ્ફોટ પણ થતો રહે.

તું હજારોવાર તોડેને ભલે,
આપમેળે શબ્દ સંધાતો રહે.

જેમને બારાક્ષરી સ્પર્શી નતી,
એમને પણ સાર સમજાતો રહે.

સ્ફોટ કે વિસ્ફોટ જેવું થાય તો,
રણ વચાળે બાગ સર્જાતો રહે.


(ઓમ નમઃ શિવાય સોસાયટી, પ્લોટ નં.૩૪/એ,
ગુરુકુળ વિદ્યાલય પાસે, ફૂલસર, ભાવનગર - ૩૬૪ ૦૦૪.
મો. ૯૮૨૪૯૦૩૯૦૩

## ફરફરતો ઊભો છું

● રાકેશ પટેલ

પ્રલંબ રાત્રિઓના દેશની
નિશ્ચલતામાં
ફરફરતો
ઊભો છું
સદીઓથી કાલગ્રસ્ત
ત્યારે
જિહ્વા પર
રઝળતા અસંખ્ય અશબ્દ
સ્વાદ ધ્વનિઓ
ચિત્કારરૂપે
કોણ મારામાં આરોપી રહ્યું છે!?
મને પત્થર થઈ વાગે છે
મૂળસોતો ધ્રુજાવે છે
એના
લઘુપ્રાણ
મહાપ્રાણ
ધ્વનિઓ.
અને
ન ઉચ્ચારાયેલા
મારા સ્વાદ ધ્વનિઓના
સ્મરણોનો ભુક્કો
કોણ મારામાં અબીલ ગુલાલના
ઉપનામે ઉડાડી રહ્યું છે?
હું તો તમિસ્રઘન ખીણોમાં
હોમ્યા કરું છું
મારી અનાગત રુંવાટી પર
થરકતા અસંખ્ય વિશ્વો.

(૩૯૮, મંગલેશ્વર, આદિપુર-કચ્છ. મો.: ૯૪૨૯૨ ૯૭૭૭૦)



# નચિકેતાની જેમ પ્રશ્નો કરીએ

**નરેન્દ્ર મોદી**

**(ગત ૧૬ મે ૨૦૧૩ના રોજ કુલપતિઓ અને શિક્ષણવિદોની ઉપસ્થિતિમાં અમદાવાદમાં પ્રજ્ઞાપુરમ્ સંકુલનું ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ઉદ્‌ઘાટન કર્યું એ વેળાના સંબોધનના અંશ અહીં પ્રસ્તુત છે.)**

પ્રજ્ઞાપુરમ્‌ની મુલાકાત દરમ્યાન મિ.મહેતા મને મળ્યા. ચિંતા વ્યક્ત કરતા હતા. ૨૬૦૦ વર્ષ યુનિવર્સિટી શિક્ષણની ઉંમર થઇ ગઇ. એમાં ૧૮૦૦ વર્ષ સુધી એકચક્રી આપણો જ દબદબો હતો. ૮૦૦ વર્ષ એ દબદબો ભારતની બહાર ગયો. ઇતિહાસ સાક્ષી છે કે જેટલી ચર્ચા નાલંદાની થાય છે એટલી જ ચર્ચા વલભીની થાય છે.

સદીઓ પહેલાંના જમાનામાં મેનેજમેન્ટનું શિક્ષણ અપાતું. વિશ્વના દેશોના લોકો અહીં આવતા હતા અને આપણા પૂર્વજોની દીર્ઘદષ્ટિ તો જુઓ, એક બાજુ લોથલમાં વિશ્વનું સૌથી જૂનું બંદર હતું. એ જમાનામાં કહેવાતું કે ચોર્યાશી દેશના વાવટા ત્યાં ફરકતા. કદાચ એ યુગમાં ચોર્યાસી દેશો હશે. મજા એવી છે કે લોથલની તદ્દન નજીક એક નાનકડો પ્રવાસ કરો એટલે વલભી આવે. વલભીમાં યુનિવર્સિટી હતી. એનો અર્થ એ થયો કે એ વખતના પૂર્વજોએ જ્યારે વલભી માટે જગ્યા નક્કી કરી હશે; યુનિવર્સિટી કેમ્પસનો વિચાર કર્યો હશે ત્યારે એ એટલા માટે પસંદ કરી હશે કે લોથલ સમુદ્ર તટ પર અને બંદર પર વિશ્વભરના લોકોને આવવાની સુવિધા રહે અને આવીને તરત જ ભણવાનું વહેલામાં વહેલું સ્થાન મળે. આપ કલ્પના કરો કે ૨૬૦૦ વર્ષ પહેલાં કયા વિઝનથી આપણા પૂર્વજો કામ કરતા હતા, એવું કયું સામર્થ્ય હતું, અને આજે ૧૮૦૦ વર્ષની ભવ્ય વિરાસત ધરાવનારો દેશ જેણે આખી દુનિયાને ગુરુકુલથી વિશ્વકુલ સુધીની આખી એક જ્ઞાનસંપદાનો સેતુ બાંધી આપ્યો હતો અને ગુરુકુલથી શરૂ કરી વિશ્વકુલ સુધીની પરિભાષા જેણે પોતાનામાં સમાહિત કરી હતી એવો સમાજ અહીં આવીને કેમ અથડાઇ ગયો? કેટલાક લોકો એમ કારણ આપતા હશે કે ગુલામી આવી કે બીજું કંઇ થયું.

માત્ર રાજશક્તિ કે રાજસત્તા સમાજશક્તિને ક્ષીણવિક્ષીણ કરી દે એવું બનતું નથી. સમાજની ભીતર કોઇ લૂણો લાગે તો જ વિનાશનો આરંભ થાય છે. બાહ્ય પરિબળો તમારા આત્મિક સામર્થ્યને ક્યારેય નષ્ટ ન કરી શકે. વ્યક્તિના જીવનમાં પણ એ સંભવ હોય છે. સમાજજીવનમાં પણ આપણે જોતા હોઇએ છીએ કે જો આપણી આંતરશક્તિ કે સ્રોતની અંદર જ્યારે કંઇ પણ ગતિરોધ આવ્યો હોય, દિશાપલટો આવ્યો હોય, સ્થગિતતા આવી હોય તો પછી અન્ય બાબતો પ્રવેશી જતી હોય છે.

આપણા આખા સમાજજીવનની વિકાસયાત્રા જોઇએ તો મને એમ લાગે છે કે જ્યાં સુધી આપણે જ્ઞાનના ઉપાસક રહ્યા, જ્ઞાનના પૂજારી રહ્યા અને આખેઆખા યુગો અને વ્યક્તિએ આખેઆખા જીવનમાં ભાવિ પેઢી માટે કંઇક આપવા માટે નિરંતર મથામણો કરી. અવિરત સંશોધનો થયાં. સંશોધન કાલાતીત થવું જોઇએ, એને કાળનાં બંધન ના હોય અને એ કાલબાહ્ય પણ ના હોવું

જોઇએ. જ્યારે આખી એક રિસર્ચની પ્રક્રિયા રોકાઇ જાય અને આપણે પણ એમ માની લઇએ કે વાહ, હવે તો જગતમાં બધું જ થઇ ગયું. આપવાનું હતું એ બધું જ આપી દીધું, હવે શું? હવે તો લહેર પાણી ને લાડવા, બીજું શું? અને જ્યારે આ અવસ્થા આવી જાય અથવા તો વ્યવસાયોએ વિકાસની તરફ ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે અન્ય ચીજો તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું. ગુલામીના કાળખંડે વિનાશ તરફ આ ધક્કો આપ્યો, વિનાશના માર્ગો ખોલી દીધા કારણ કે રાજ્ય કરવા આવેલા શાસકોને સમાજ સમૃદ્ધ થાય એમાં રસ નહતો, આવનારી પેઢીઓ સુખી થાય એમાં રસ નહતો. એમને તો એમનું તંત્ર બરાબર ચાલે એમાં રસ હતો. તલવારથી ચાલે તો તલવારથી અથવા મેકોલે પદ્ધતિથી ચાલે તો મેકોલે પદ્ધતિથી. જે કોઇ માર્ગે ચાલે એ માર્ગમાં જ એમને રસ હતો. એની એ શક્તિ હજાર બારસો વર્ષના ગુલામી કાળમાં એમ જ કાઢી અને પરિણામે આ આખું પાસું અનેકવિધ કારણોને કારણે લગભગ કુંઠિત થયું. દેશ આઝાદ થયા પછી આવશ્યકતા હતી કે આપણી આ ઊર્જાને ફરીથી એક વાર પ્રજ્વલિત કરવામાં આવે, દેશ સ્વતંત્ર થયા પછી આ બધી બાબતનું મહાત્મ્ય વધારવામાં આવે, પણ કમનસીબે દેશ આઝાદ થયા પછી આપણે બે વિચિત્ર વિચારધારાઓમાં અટવાઇ ગયા. પરિણામે સંશોધન બાજુમાં રહ્યું. આપણે ક્યાં હતા, સાચા હતા, ખોટા હતા એમાં આપણે જ અટવાઈ ગયા. સેટેલાઇટનો આભાર માનો કે આખા વિવાદનો હવે અંત આવ્યો છે. કારણ કે સેટેલાઇટ ટૅકનોલોજીએ સિદ્ધ કર્યું છે કે આર્ય કોઇ જાતિ નહોતી, આર્ય ક્યાંયથી આવ્યા ન હતા. આ વૈજ્ઞાનિક વિષયો છે, પરંતુ એક વર્ગ આજે એવો છે કે જે સ્વીકારવા તૈયાર જ નથી કે અહીં કોઇ મૂળભૂત સમાજમાં સામર્થ્ય હતું. આ મૂળભૂત ચિંતનધારા એની પર આધારિત થયા પછી સૌથી વધારે પ્રહારો થયા અને પરિણામે આપણી સ્થિતિ કફોડી બની ગઇ.

આપણે નાની વાર્તા બચપણમાં સાંભળતા હતા કે એક બિચારો બ્રાહ્મણ બકરું લઇને જતો હતો અને ચાર લૂંટારા મળ્યા અને પૂછ્યું. અરે, તમે બ્રાહ્મણ થઇને કૂતરું લઇને જાઓ છો? બીજાએ પણ એ જ સવાલ પૂછ્યો. એ બિચારાની માનસિકતા એવી બદલાઇ ગઇ કે પોતે પણ માનવા માંડ્યો કે શાયદ આ બકરું દેખાય છે પણ હોઇ શકે કે કૂતરું છે. મારી આબરૂનું લિલામ થાય છે, એવું માની તેણે બકરું મૂકી દીધું. આપણી પણ એ જ દશા થઇ છે. તમારું તો બધું નકામું હતું, તમે તો નકામા હતા, તમે તો જગત ઉપર ભારરૂપ હતા, તમે તો વિનાશને માટે સર્જાયેલા છો, એટલે આપણે આપણું બધું મૂકવા જ માંડ્યા અને નવું મેળવી ન શક્યા.

૬૦ વર્ષનો એક જબરદસ્ત શૂન્યાવકાશ છે આપણી સામે, એ અવકાશને ભરવા માટે કેટલું મોટું કામ કરવું પડે એનો આપણે અંદાજ કરી શકીએ. વૈયક્તિક ધોરણે થનારાં કામો થકી સમાજજીવનમાં પ્રભાવ પેદા નથી થતો. છૂટક જેટલા પણ પ્રયોગો ચાલે છે એ બધાને સંકલિત કરવાની પણ જરૂર હોય છે. એને પ્રાણવાન બનાવવાની પણ જરૂર હોય છે તથા વ્યવસ્થાતંત્રે એમાં બળ પૂરી એને પ્રભાવી પણ બનાવવાની આવશ્યકતા હોય છે. નહીં તો, એકાદ વિચાર આવે, ઉત્તમ વિચાર આવે પણ એનું બાળમરણ થઇ જતું હોય છે, કારણ એનું લાલનપાલન કરનાર કોઇ મળે જ નહીં.

મને લાગે છે કે આ એક નાનકડકો પ્રયાસ(પ્રજ્ઞાપુરમ્) જેમાં જ્ઞાનની સર્વધારાઓને સમાહિત કરવાની કોશિશ થઇ રહી છે. જ્ઞાનની સર્વધારાઓમાં ગતિ પણ આવે છે, પ્રાણ પણ પૂરવા છે અને જૂનું એટલું સારું એમ કહીને અટકવું નથી, જે શ્રેષ્ઠ પુરવાર થયું છે એને વધારે આધુનિક બનાવવું છે. જે આધુનિકતાની આવશ્યકતા છે એના માટે શ્રેષ્ઠ સર્જન કરવું છે. આવી એક દ્વિચક્રીય વ્યવસ્થા-એને આપણે જેટલું બળ આપીએ એના આધારે આ સ્થિતિ બદલાતી હોય છે. એટલે જ અહીં એક મથામણ છે. આપણી આખી સ્થગિતતાના મૂળમાં એક મહત્ત્વની બાબત છે કે આપણે પરંપરાવાદી બની ગયા છીએ, સ્થગિતતાને વરી ગયા અને ઘણીવાર આપણી સ્થગિતતાના મૂળમાં પણ એક કારણ એવું બન્યું છે કે આપણે આપણાં બાળકોને પ્રશ્નો કરવા માટેની, પ્રગતિ કરવા માટેની મૂળભૂત આવશ્યકતા છે. પ્રશ્નાર્થ જીવનની શરૂઆતનો મૂળભૂત આધાર છે. જો મારા ભીતર કોઇ પ્રશ્ન જ નથી, જો હું પ્રશ્નનો પૂજારી નથી, હું મારી જાતને, પરિસ્થિતિને, પ્રશ્નોને, સમસ્યાઓને પ્રશ્નથી નવાજતો નથી, તો મને નવું જાણવા, જોવાની કે વિચારવાની એક મર્યાદા આવી જાય છે. કમનસીબે બાળકોમાં પ્રશ્ન કરવાની જે એની ભૂમિકા હોવી જોઇએ એ જાણે નષ્ટ થતી જાય છે. એને જે મળે એ ટોપલું

એમનેમ લઇ લે છે અને જ્યાં મૂકવું હોય ત્યાં મૂકી આવે છે. ગૌરવગાન કરે છે. હિન્દુસ્તાનમાં એવું બાળક જ ન હોઈ શકે કે જે પ્રશ્ન ન પૂછે. આપણે તો એવી પરંપરાના લોકો છીએ જે ભૂમિમાં નચિકેતાનો જન્મ થયો હતો. જગત આખાની અંદર કોઇ બાળકનું વર્ણન કરવું હોય, કોઇ બાળકની તુલના કરવી હોય તો નચિકેતા યાદ આવે. કારણ? એ યુગમાં નચિકેતામાં સામર્થ્ય હતું કે એણે યમરાજને પૂછ્યું હતું. એ પ્રશ્ન લઇને ઊભો રહી ગયો. 'કહો કે મૃત્યુ શું છે? મૃત્યુ શું છે એ કહે તો ખરો, ભાઇ!' આ ઘટના નાની નથી. એની જિજ્ઞાસાવાળી તીવ્રતા કેટલી હશે, જે મૃત્યુદ્વારે ઊભા ઊભા પણ લલકાર કરીને યમરાજને પૂછે છે કે મૃત્યુ શું છે?

સમાજ જ્યારે આ સામર્થ્ય ગુમાવી દે; કેમ, ક્યાં, ક્યારે, કોણે, કોના માટે, આ પ્રશ્નો મટી જાય તો સંશોધનની પરંપરા સમાપ્ત થઇ જાય. જે બાળક પ્રશ્ન વગર જ મોટો થયો હોય એ મોટો થઇને ડીન થયો હોય, વી.સી. થયો હોય, ફેકલ્ટીનો વડો થયો હોય; એને પણ ખબર છે કે મને કોઇ મૂંઝવવાનું નથી, મને કોઇ પ્રશ્ન પૂછવાનું જ નથી અને એટલે પોતે ૧૯૮૦માં નોકરીમાં જોડાયો અને પહેલો કલાસ લેવા જવા માટે જે ડાયરી તૈયાર કરી હોય એની ૨૦૦૦માં પણ એ જ ડાયરી ચાલતી હોય.

અહીં સ્થગિતતા સ્થાપન થઇ જાય છે. આપણી આખી સમસ્યાનું મૂળ આ છે કે આપણે સ્થગિતતાને વરી ગયા છીએ. આપણી એક મથામણ છે કે એને ઝટકા આપવા છે અને સ્થગિતતામાંથી બહાર આવવું છે. ટૅકનોલોજીનો પ્રભાવ વધતો જાય છે. મનુષ્યની આખી સિક્સ સેન્સ ઉપર ટૅકનોલોજી કબજો જમાવતી જાય છે. અને છઠ્ઠી ઇંદ્રિય આખી ટૅકનોલોજી સંચાલિત થતાં આપણી સામે મોટો પડકાર છે. પડકાર આ છે, શું આપણે ભવિષ્યને માટે રોબોટ તૈયાર કરવા છે કે મનુષ્ય કરવા છે? ટૅકનોલોજીની ગમે તેટલી અગત્ય હોય, વિશાળતા હોય, સામર્થ્ય હોય, પરંતુ મનુષ્યના મનુષ્યપણાના અસ્તિત્વ વિના આ ટૅકનોલોજી કોઇનું પણ કલ્યાણ ના કરી શકે. રોબોટને જન્મ આપવો એ આપણું કામ નથી, આપણું કામ છે જીવનનું ઘડતર. એટલે કલા જોઇએ, સાહિત્ય જોઇએ, સંવેદના જોઇએ, દર્દ જોઇએ, પીડા જોઇએ, ત્યાગ જોઇએ, વિનોદ જોઇએઃ આ બધું જીવનના સંપૂર્ણ વિકાસ માટે અનિવાર્ય હોય છે. વ્યક્તિના જીવનની અંદર આ ચીજો કેમ આવે? એવું કેવું બાળક કે ઘરના બગીચાનાં ફૂલનું નામ પણ ના જાણતું હોય? લોકોએ મોંઘામાં મોંઘા બગીચા વાવ્યા હોય, મોટા માલેતુજારના ઘેર જઇ એના જ કુટુંબના લોકોને પૂછજો કે આ કયું ફૂલ છે? એ કદાચ નહીં કહી શકે. એનો અર્થ એ થાય કે બધું સારું ગમે છે, પણ સારું શું છે, સારું કેમ છે, સારું શા માટે છે એ પ્રશ્નો ઊઠતા નથી. અર્જુને એટલા બધા પ્રશ્નો પૂછી લીધા કે અમારા માટે કાંઇક બાકી જ રહેતું નથી. હર યુગમાં અર્જુન પેદા થતા હોય છે, જેને પ્રશ્નો હોય જ. પણ ઘણીવાર આપણા જ પ્રશ્નો આપણા માટે બોજ બની ગયા હોય છે તેથી આવતીકાલ માટેના પ્રશ્નોનું અવતરણ જ નથી થયું.

શાળા એ હોય કે જે પ્રશ્નોનું ગર્ભધાન કરે. શિક્ષક એ હોય કે જે વિદ્યાર્થીમાં પ્રશ્નોનું બીજદાન કરે. એનો આખો જીવનવિકાસ પ્રશ્નોના જવાબો શોધવાથી જ થાય. મૌલિક સંશોધનથી ના મળે, તો રિસર્ચ અને રિસર્ચથી ના મળે તો આયખું ખપાવીને તે એક પ્રયોગશાળામાં બેસી જાય. ભારતે તો ૨૧મી સદીનો વિચાર કરવો જ હોય તો હિન્દુસ્તાનની પહેલી કોઇ અનિવાર્યતા હોય તો એ અનિવાર્યતા છે રિસર્ચ. આપણે કમનસીબે એક સમાજ તરીકે એક એવી દિશામાં જતા રહ્યા છીએ જેના કારણે આપણને બહુ મોટું નુકસાન થયું. સિમલામાં એક મોટી ઇન્સ્ટિટ્યૂટ છે. રિસર્ચ સ્કોલર માટે તીર્થક્ષેત્ર કહેવાય એવી એક જગ્યા છે, પણ આપને જાણીને આઘાત લાગશે આ દેશમાં એક એવા પ્રધાનમંત્રી થયા જેમણે એમ કહ્યું હતું- આવા ખોટા ખર્ચ શું કામ કરો છો? બંધ કરો આ ઇન્સ્ટિટ્યૂટ. મોટો વિવાદ થયો હતો. થોડા કાળક્રમ માટે એ બંધ થઇ. આંદોલનો થયાં અને ફરી ચાલુ થઇ. શિક્ષણ પાછળનો ખર્ચ કે શિક્ષક પાછળનો ખર્ચ એનાથી મોટું અને ઉત્તમ કોઇ મૂડીરોકાણ જ ન હોઇ શકે કારણ એમાંથી પેઢીઓ પેદા થતી હોય છે. પણ થયું છે શું- રોકાણ મોટા ભાગે પેલા પ્રશ્નની આસપાસ નથી, એ બધું મારે શું અને મારું શુંમાં અટવાઇ ગયું છે.

(મુખ્યમંત્રી નિવાસ, બંગલો - ૧ અને ૨૬,
મંત્રીશ્રીઓનાં નિવાસસ્થાન, ગાંધીનગર - ૩૮૨ ૬૨૦
ફોનઃ ૦૭૯-૨૩૨૩૨૬૦૧-૨)

## આ પ્રજાને શું થયું છે?

### સ્વામી રંગનાથાનંદ

પોતાના એક વ્યાખ્યાનમાં સ્વામી વિવેકાનંદ કહે છે, ''આધ્યાત્મિક ન હોય તેને હું હિંદુ કહેતો નથી.'' લોકો આધ્યાત્મિક હોવા જોઈએ, માત્ર ધાર્મિક નહીં. ધાર્મિક થવું ખૂબ આસાન છે; કપાળે ચંદન લગાડો અથવા ભસ્મ લગાડો, તમે હિન્દુ થઈ જાઓ છો; ક્રોસ લટકાડો, તમે ખ્રિસ્તી બનો છો; ટોપી ઉપર બીજનો ચંદ્ર લગાડ્યો ને તમે મુસલમાન થઈ જાઓ છો. ધાર્મિક બનવું સહેલું છે.

ભારતનાં બે રૂપ છેઃ એક છે અમર ભારત, અમર ભારતને આખી દુનિયા શ્રદ્ધા અને સન્માનની દૃષ્ટિએ જુએ છે; અને બીજું એક રોગી ભારત છે, જેમાં તમે અને હું જીવીએ છીએ. આજે જે ભારત છે તે ભ્રષ્ટાચાર, હિંસા, લૂંટફાટ, મુકદ્દમાબાજી, ઈર્ષ્યા-ધિક્કાર અને ગરીબીની અપરંપાર સમસ્યાઓ, નિરક્ષરતા, ખંડનાત્મક પ્રવૃત્તિઓ વગેરે અનેક દૂષણોથી ખદબદતું ભારત છે. સંસદો અને ધારાસભાઓમાં પણ આવા માંદલા ભારતની છબી જોવા મળે છે. આજે દેશમાં વામણા-નાના માણસો છે. આપણે એક વિશાળ અને મહાન રાષ્ટ્રના હલકા અને વામણા લોકો છીએ.

આપણે બંધિયાર સંસ્કૃતિ બની ગયા હતા – કશું પરિવર્તન નહીં, કશી પ્રગતિ નહીં, કેટલીય સદીઓથી બંધિયારપણા સિવાય બીજું કશું નહીં. બીજા દેશોની પ્રજા સાથે આપણો વ્યવહાર જ અટકી ગયો હતો. 'મ્લેચ્છ' શબ્દ અને એની વિભાવના શોધીને આપણે લોકોને આઘા રાખ્યા. બીજી બધી પ્રજાઓ મ્લેચ્છ છે. મ્લેચ્છને સ્પર્શ ન કરવો; આપણી સરહદોને ન ઓળંગવી. સ્વામી વિવેકાનંદનું ધ્યાન આ તરફ ગયું અને એક વાક્યમાં એમણે કહ્યુંઃ ''ભારતે મ્લેચ્છ શબ્દ શોધ્યો અને બહિર્જગત સાથેનો વ્યવહાર થંભાવ્યો તે દિવસથી ભારતના ભાવિને તાળાં લાગી ગયાં.'' ૧૦મી સદીમાં મહમદ ગઝનીની સાથે આવનાર મહાન અરબ મુસાફર અલ બેરુની સંસ્કૃત અને ઠીકઠીક પ્રમાણમાં ભારતીય દર્શનશાસ્ત્ર જાણતો હતો. ગઝની ભારતની ભૌતિક સમૃદ્ધિ લૂંટવાને આવ્યો હતો અને અલ બેરુની ભારતની દાર્શનિક સમૃદ્ધિ લઈ જવા માટે. ભારત વિશેનાં એનાં અવલોકનો એની કિતાબ – 'અલ બેરુનીનું હિંદ'માં સાંપડે છે. એ કહે છે, ''ભારતની પ્રજાને શું થયું છે? એમના પૂર્વજો આના જેવા સંકુચિત મનના ન હતા; આ લોકો કોઈની સાથે હળતામળતા નથી, પોતાનું જ્ઞાન કોઈને આપતા નથી, કોઈની પાસેથી કશું શીખતા નથી. એમના પૂર્વજો આવા ન હતા.''

(વાચનયાત્રાનો પ્રસાદ, સંપાદકઃ મહેન્દ્ર મેઘાણી, લોકમિલાપ ટ્રસ્ટ, ભાવનગર – ૩૬૪ ૦૦૧)

## લેખ સામગ્રી અને ગ્રંથાવલોકન

ચારુતર વિદ્યામંડળના પ્રતિષ્ઠિત મુખપત્ર 'વિ-વિદ્યાનગર' માટે લેખસામગ્રી સહિતની મૌલિક રચનાઓ તંત્રીશ્રીના સરનામે પાઠવવા સાહિત્ય-સાહિત્યેતર ક્ષેત્રના કલમકશો અને સંશોધકોને ભાવભીનું ઈજન છે. આપને ખાસ વિનંતી એ કરવાની કે આપની અન્યત્ર પ્રકાશિત ના થયેલી અથવા ના પાઠવેલી મૌલિક કૃતિનું મૂળ લખાણ જ પાઠવવું અથવા ટાઈપ થયેલી નકલ હોય તો તેની સાથે સાથે પત્રનોંધમાં 'વિ-વિદ્યાનગરને પાઠવેલી કૃતિ/લેખ અન્ય કોઈ સામયિક/પ્રકાશનમાં પ્રકાશિત થયેલી નથી' એવી બાંહેધરીની નોંધ અચૂક મૂકવી. આ સિવાયની લેખ/કૃતિ કે અન્ય સામગ્રી પ્રકાશન માટે સ્વીકારવામાં નહીં આવે. 'વિ-વિદ્યાનગર'માં ગ્રંથાવલોકન ઈચ્છુક પ્રકાશકો-સર્જકોએ નવપ્રકાશિત ગ્રંથની બે નકલ તંત્રીના નામે પાઠવવી અનિવાર્ય છે.

### વાચક પ્રતિભાવ

'વિ-વિદ્યાનગર' સામયિક હવે ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ www.ecvm.net પર જાન્યુઆરી-૨૦૧૦થી મૂકાય છે. સામયિકના ગ્રાહકો-વાંચકોના પ્રતિભાવો, સૂચનો અને અન્ય પ્રકાશનયોગ્ય સામગ્રી માટે પણ નિયમિત રીતે જગ્યા ફાળવાશે. તમારા પ્રતિભાવો ગુજરાતી, હિંદી કે અંગ્રેજીમાં પાઠવવાની મોકળાશ અનુભવશો.

તમે ઈમેઈલઃ editor.vidyanagar@gmail.com પર પણ પાઠવી શકો છો.

## વી.જે. – ફ્રેન્ડ, ફિલૉસોફર, ગાઈડ

**આદમ ઘોડીવાલા**

કોઈ મહાનુભાવને ફ્રેન્ડ, ફિલૉસોફર, ગાઈડ તરીકે ઉલ્લેખીએ એ આમ તો ‘ક્લીશે’ કહેવાય – બીબાંઢાળ, જીર્ણ, ઊતરી ગયેલ વિધાન. વી.જે. સાહેબ સાથે નિકટનો પરિચય થયો તે અગાઉ હું પણ એવું માનતો કે, આ એક રૂઢિગત ઉચ્ચારણ છે. પરન્તુ દોઢેક દાયકાના વી.જે. સાહેબ સાથેના સંબંધ દરમિયાન મને પ્રતીતિ થઈ કે એક જ વ્યક્તિમાં આ ત્રણેય ‘રોલ્સ’નો સુભગ સંયોગ શક્ય છે. અમારી મુલાકાતો દરમિયાન અનેક પ્રસંગોએ વય અને ‘સીનિઅર-જુનિઅર’ના તફાવતો ઓગળી જતા અને વી.જે. સાવ અનૌપચારિક થઈ મૈત્રીપૂર્ણ વ્યવહાર કરતા. ક્યારેક સામાજિક, શૈક્ષણિક મુદ્દાઓની તાત્ત્વિક, મર્મગ્રાહી ચર્ચાઓમાં મને અને રાજેન્દ્રસિંહ જાડેજા જેવા મિત્રોને જોડતા. મારી વ્યાવસાયિક કારકિર્દીમાં એકબે પ્રસંગે નિર્ણય લેવાની ‘ક્રૂશલ’ ઘડી આવી ત્યારે વી.જે. સાહેબે સામે ચાલીને માર્ગદર્શન આપેલું. આમ વી.જે. સાથેના મારા અનુભવે ઉપરોક્ત વિધાન મારા માટે તો અર્થસભર થયું.

વી.જે. સાથે પ્રથમ ભેટો ઓગણીસો બોત્તેરમાં થયો. વલ્લભવિદ્યાનગરની એચ.એમ. પટેલ ઇન્સ્ટિટ્યૂટમાં એમને પ્રવચન માટે નોતરેલા. હું ત્યારે ઇન્સ્ટિટ્યૂટમાં વ્યાખ્યાતા. વી.જે. અંગ્રેજીના વિદ્વાન પ્રોફેસર તરીકે ખ્યાતનામ્ – ‘લીજન્ડ’. મને એમના વિશે ભારોભાર કુતૂહલ. તે દિવસે વી.જે. સાહેબે ખૂબ જ વિદ્વતાપૂર્ણ વક્તવ્ય એમની ‘ઇનિમિટબલ’ શૈલીમાં આપ્યું. એમણે એક વિધાન એવું કર્યું કે, અર્વાચીન યુગમાં યાંત્રિકીકરણના પ્રભાવે માણસ ‘ડિહ્યુમનાઈઝ્ડ’ થયો છે તેથી ‘ગ્રેટ પોઈટ્રિ’ શક્ય નથી. મારા માથે તે વખતે આધુનિકતા અને એલિયટનું ભૂત સવાર. પ્રશ્નોત્તરી દરમિયાન મેં આ મુદ્દે વી.જે. સાહેબ સાથે દલીલબાજી કરી. વડછડ થઈ. પણ વક્તવ્ય પછી સ્ટાફરૂમમાં એમનો વ્યવહાર સહજ મને સૌહાર્દપૂર્ણ. આમ, પ્રથમ મુલાકાતમાં જ મને વી.જે.ના આભિજાત્ય અને ‘મેગ્નનિમિટી’– ઔદાર્યનો અનુભવ થયો.

અંગ્રેજી વી.જે.નો પ્રથમ પ્રેમ. ગુજરાતના વિદ્યાર્થીઓ સારું અંગ્રેજી શીખે એવી એમની ઉત્કટ ભાવના. એટલે એચ.એમ. પટેલ ઇન્સ્ટિટ્યૂટ અવ્ ઈંગ્લિશના સ્થાપનાકાળથી જ વી.જે. એની સાથે સંકળાયેલા. નિવૃત્ત થયા પછી તો ઇન્સ્ટિટ્યૂટ એમનું બીજું ઘર. તેઓ ઘણીવાર ઇન્સ્ટિટ્યૂટની મુલાકાતે આવે. અહીંના સંશોધન પ્રકલ્પોમાં રસ લે. યુવાન અધ્યાપકો સાથે બેસી વર્તમાન પ્રવાહોની ચર્ચા કરે. પુસ્તકોની આપ-લે કરે. વી.જે આવે એટલે વાતાવરણ હળવુંફૂલ. વાતેવાતે એમની વિનોદવૃત્તિ ઝળકે. અમને અમદાવાદ આવવા નિમંત્રણ આપે. એમનું નિવાસસ્થાન શાલીમાર ફ્લેટ્સ સાબરમતીને કાંઠે. એટલે હસતાંહસતાં કહેઃ ‘માય હાઉસ ઈઝ ઓન ધ રિવર બેન્ક, વાય ડોન્ટ્ યુ ડ્રોપ ઇન?’ વી.જે. નું વ્યક્તિત્વ પારદર્શી. આખાબોલા. દંભઆડંબરની ચીડ. એકવાર ફાધર પિન્ટો સાથે વલ્લભવિદ્યાનગર આવેલા. તે દિવસે છાપામાં એવા સમાચાર હતા કે, ગુજરાતી સાહિત્ય પરિષદના એક મોભીએ ગુજરાતના વાલીઓને અનુરોધ કરેલો કે પોતાના બાળકોને અંગ્રેજી માધ્યમની શાળાઓમાં ભણવા ન મૂકે. હેડલાઈન વાંચી વી.જે. કહેઃ ‘આ મહાનુભાવે ગયા વર્ષે એમના પૌત્રને

દોડધામ કરી ભલામણો લાવી અમદાવાદની જાણીતી ઈંગ્લિશ મિડિયમ સ્કૂલમાં પ્રવેશ અપાવેલો તેનો હું સાક્ષી છું.'

ઓગણીસસો બ્યાસીમાં બ્રિટનની લૅન્કાસ્ટર યુનિવર્સિટીની મારી અધ્યયનપ્રક્રિયા વિશે મેં એક પુસ્તિકા લખેલી. ચારુતર વિદ્યામંડળે એનું પ્રકાશન કરેલું. આ પુસ્તિકા સંદર્ભે જે પ્રતિભાવો મળ્યા તેમાં સૌથી ધ્યાનાર્હ બે. એક તો શ્રી એચ.એમ. પટેલે એ વાંચી અને એમના બંગલે અધ્યાપકોને નોતરી એની ચર્ચા કરી. બીજું, વી.જે.એ એક જ બેઠકે વાંચી, અનેક મિત્રોને વંચાવી અને ઈન્ડિયન એક્ષપ્રેસમાં અવલોકન લખ્યું. શૈક્ષણિક પરામર્શમાં એમના જીવંત રસનું આ ઉદાહરણ છે.

ઓગણીસસો એકાણુંમાં મેં વ્યવસાય અંગે બ્રિટનસ્થિત થવાનો નિર્ણય લીધો. મારા નિર્ણયથી આ બન્ને વિભૂતિઓ ખિન્ન. શ્રી એચ.એમ. પટેલ સાહેબે નારાજગી સાથે કહ્યુંઃ આને 'બ્રેન ડ્રેઈન' કહેવાય. વી.જે. તો છંછેડાયા, કહે, અહીં ઘણું કામ કરવાનું છે. ફેરવિચારણા કરવા કહ્યું. છેવટે શુભેચ્છા પાઠવી.

યુ.કે. વસવાટ પછી મારે ભારત આવવાનું થયું ત્યારે એમને મળવા ગયો. ઉલટભેર વાતો કરી. ભૂતકાળ વાગોળ્યો. મારી બ્રિટનની પ્રવૃત્તિઓ અંગે પૃચ્છા કરી. 'ટુ કેચ અપ્' — અનુસંધાન થાય એટલી વાતો થઈ. તે ગાળામાં ફિલાડેલ્ફિયાસ્થિત કવયિત્રી પન્નાબેન પણ અમદાવાદમાં હતાં. મારે એમને મળવાનું હતું. મેં વી.જે. સાહેબને કહ્યું કે, આપને અનુકૂળતા હોય તો ચાલો. પન્નાબેનની મુલાકાત થશે. તેઓ તરત સંમત થયા. સરસ બંડી પહેલી. શિશુસહજ રાજીપાથી મને બતાવતાં કહે, વિદ્યાનગરવાળા મધુભાઈ ઠાકરે મને ભેટ આપી છે. વી.જે.ની ઉપસ્થિતિમાં પન્નાબેન સાથે સાહિત્યિક ગપસપ પણ મજેદાર રહી.

વી.જે. સાહેબ સાથેની છેલ્લી મુલાકાત પણ અમદાવાદમાં, અને ચિરસ્મરણીય. સન બે હજાર આઠમાં 'રિવર્સ મૂવમૅન્ટ' પ્રોજેક્ટ નિમિત્તે મારે ગુજરાત આવવાનું થયું. સાથે કવિ બ્રાયન લૂઈસ તથા અન્ય અંગ્રેજ સાથીઓ હતા. છઠ્ઠી નવેમ્બરે અમારી આખા દિવસની શિબિર સાબરમતી આશ્રમમાં હતી. નદીનાં એમનાં સંસ્મરણોની ચર્ચા કરવા વી.જે. સાહેબને નિમંત્રણ આપેલું. તેઓ એમના સુપુત્ર કિરીટ સાથે આવ્યા. આદિલ મન્સૂરીના 'નદીની રેતમાં રમતું નગર મળે ન મળે'થી ચર્ચાનો આરંભ કર્યો અને કલાકેક પ્રોજેક્ટને લગતી ચર્ચા કરી. સાથે જમી છૂટા પડ્યા. સાંજે વિદ્યાપીઠના ઉતારે પહોંચ્યા ત્યાં દુઃખદ સમાચાર મળ્યા કે, ન્યુજર્સી ખાતે આદિલસાહેબનું અવસાન થયું છે.

આદિલસાહેબ ગયા. વી.જે. સાહેબ ગયા. પણ,

*ફૂલો બની ભલેને અમે તો ખરી ગયા*
*ખુશ્બૂથી કિન્તુ આપનો પાલવ ભરી ગયા.*

કૉલેજના અભ્યાસકાળ દરમિયાન અમૃત ઘાયલની એક ગઝલ વાંચેલીઃ

*મિલનસાર દાના જવલ્લે મળે છે*
*મનુષ્યો મજાના જવલ્લે મળે છે.*
*નથી એમ મળતા અહીં જીવ, ઘાયલ*
*પરસ્પર દીવાના જવલ્લે મળે છે.*

વી.જે. સાહેબના સંસર્ગને પરિણામે આ પંક્તિઓનો અર્થબોધ કઈક વધુ ઊઘડ્યો. મજાના મનુષ્યો જવલ્લે મળે છે, પણ મળે છે તો ખરા જ.

(C/o. એચ.એમ. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇંગ્લિશ
ટ્રેનિંગ એન્ડ રિસર્ચ, વલ્લભ વિદ્યાનગર)

# દલિતોના શિક્ષણ સંબંધે સયાજીરાવનું પ્રદાન

ગૌરાંગ જાની

વર્ષ ૨૦૧૧ ની વસતિ ગણતરી પ્રમાણે ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં ચાલીસ ટકા મહિલાઓને વાંચતા-લખતા નથી આવડતું (જુઓ કોષ્ટક) રાજ્યના જિલ્લાવાર સાક્ષરતાના આંકડા તપાસતાં એક ધ્યાનાકર્ષક હકીકત સ્પષ્ટ થઈ છે. રાજ્યમાં સૌથી નિમ્ન ગ્રામીણ મહિલા અક્ષરજ્ઞાનનું પ્રમાણ (૪૪.૮ ટકા) દાહોદમાં નોંધાયું છે. દાહોદમાં આદિવાસી વસતિ ૭૨.૩ ટકા છે. જ્યારે આ સંદર્ભનું સૌથી વધુ પ્રમાણ (૭૬.૨ ટકા) નવસારીમાં અંકિત થયું. આ જિલ્લામાં આદિવાસી વસતિ ૪૮.૧ ટકા છે. આમ, રાજ્યમાં સૌથી નિમ્ન ગ્રામીણ અક્ષરજ્ઞાનનું પ્રમાણ આદિવાસી વસતિના બાહુલ્યવાળા જિલ્લામાં છે. સૌથી વધુ સાક્ષરતાનું પ્રમાણ પણ લગભગ પચાસ ટકા આદિવાસી વસતિ ધરાવતા નવસારી જિલ્લામાં છે. આમ કેમ બન્યું ? તેના અનેક ઉત્તરો હોઈ શકે. પરંતુ ઐતિહાસિક સંદર્ભમાં તેના કારણો શોધતાં આંખે ઉડીને વળગે છે, વડોદરા નરેશ મહારાજા સયાજીરાવનો કેળવણી પ્રેમ. નવસારી વિસ્તારમાં આજથી સવાસો વર્ષ પૂર્વે મહારાજાના પ્રયત્નોથી આદિવાસીઓને અક્ષરજ્ઞાન પ્રાપ્ત થવા માંડ્યું. ભારતનાં સ્વાતંત્ર્યના છ દાયકા બાદ દેશના બાળકોને શિક્ષણનો અધિકાર પ્રાપ્ત થયો. સયાજીરાવે એક સદી પૂર્વે ૧૯૦૬-૦૭ માં તેઓના રાજ્યમાં પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત કર્યું. ભારતના ઈતિહાસમાં શિક્ષણને ફરજિયાત અને મફત કરવાનો આ સૌ પ્રથમ પ્રયત્ન વડોદરા રાજ્યમાં થયો. આજે પ્રજાકલ્યાણને વરેલા મહારાજાની સાર્ધ શતાબ્દી આપણે ઉજવી રહ્યા છીએ ત્યારે તેઓના પછાત વર્ગોના અને સ્ત્રી કેળવણીના પ્રયત્નોને યાદ કરીએ.

વર્ષ ૧૮૭૯, જાન્યુઆરીની આઠ તારીખે વડોદરા કોલેજના મકાનનો પાયો નંખાયો ત્યારે સયાજીરાવનું વાંચી સંભળાવવામાં આવેલું ભાષણ શિક્ષણને સામાજિક પરિવર્તનના માધ્યમ તરીકે સ્પષ્ટ કરે છે. ભાષણમાં તેઓ દર્શાવે છે, ‘‘અગણિત જમાનાઓથી જે હિંદ એક જ સ્થિતિમાં પડી રહ્યું છે તેમાંથી તેને બહાર કાઢી ઊંચું કરવાનું ઉચ્ચલન માત્ર કેળવણી છે.’’

પ્રસ્તુત લેખમાં સયાજીરાવના દલિતોની કેળવણી સંબંધિત કાર્યોને ચર્ચવામાં આવ્યા છે. લેખમાં પ્રકાશિત કોષ્ટક જોશો તો સમજાશે કે ઉત્તર ગુજરાત, આદિવાસી વિસ્તાર અને સૌરાષ્ટ્રમાં જ્યાં જ્યાં ઓગણીસમી સદીના અંતિમ વર્ષોમાં પ્રાથમિક શિક્ષણનો પ્રારંભ વડોદરા રાજ્યમાં થયો ત્યાં આજે પણ મહિલા સાક્ષરતાનું પ્રમાણ રાજ્યના પ્રમાણ કરતાં વધુ છે. જેમ કે સૌરાષ્ટ્રના અમરેલી જિલ્લામાં ગ્રામીણ વિસ્તારોમાં ૬૨.૯ ટકા અને શહેરી વિસ્તારોમાં ૭૫.૫ ટકા નોંધાયું છે. પુરુષોમાં આ પ્રમાણ તો ઠીક ઠીક ઊંચું છે. વળી નવસારી જિલ્લામાં તો રાજ્યના મોટા શહેરો જ્યાં આવેલા છે એવા જિલ્લાઓના શહેરી મહિલા સાક્ષરતા પ્રમાણ કરતાં પણ મહિલાઓ વધુ ભણેલી છે.

ઉત્તર ગુજરાતના મહેસાણા અને પાટણમાં પણ સાક્ષરતા દરમાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે. આ વાસ્તવિકતા એ તરફ પણ આપણું ધ્યાન કેન્દ્રિત કરે છે કે આ તમામ વિસ્તારોમાં દલિતો અને આદિવાસીઓમાં આજે છેલ્લી ત્રણ પેઢીમાં અક્ષરજ્ઞાન પ્રવેશી ચુક્યું છે.

### વડોદરા રાજ્યમાં દલિતોમાં અક્ષરજ્ઞાનનો પ્રારંભ :

હિન્દુ ધર્મની જડ અને ભેદભાવયુક્ત જ્ઞાતિ પ્રથાને પરિણામે ભારતમાં સદીઓથી વિશેષ રૂપે દલિતો માટે શિક્ષણના દ્વાર બંધ હતા. અંગ્રેજી શાસન અને તેની સાથે સયાજીરાવ જેના પ્રગતિશીલ રાજાઓની દીર્ઘદૃષ્ટિને પરિણામે દલિત જ્ઞાતિઓમાં અક્ષરજ્ઞાનનો પ્રવેશ ઓગણીસમી સદીમાં શરૂ થઈ શક્યો. વર્ષ ૧૮૮૩ માં વડોદરા ખાતે પ્રથમ બે અંત્યજ શાળાઓ ખોલવામાં આવી. આ શાળાઓમાં અભ્યાસનાં પુસ્તકો, ઉપયોગી સામાન અને ફી વગેરે માટે આ વિદ્યાર્થીઓ પાસેથી કંઈપણ લેવામાં આવતું નહીં. ૧૮૮૪ માં આવી અગિયાર શાળાઓ સ્થપાઈ ચૂકી હતી. વિદ્યાર્થીઓની સંખ્યાની દૃષ્ટિએ વર્ષ ૧૮૯૧ માં આ શાળાઓમાં ૭૮૪ વિદ્યાર્થીઓ ભણતા હતા. દલિતોમાં જ્ઞાતિ તફાવતોને પરિણામે એ સમયે અલગથી એક ભંગી શાળા પણ શરૂ કરવામાં આવી હતી.

પ્રાથમિક શાળાઓ શરૂ થઈ હોવા છતાં દલિતો તરફના ભેદભાવ અને વિરોધને કારણે દલિત વિદ્યાર્થીઓને મુશ્કેલી ના પડે અને સ્વતંત્ર વાતાવરણમાં ભણી શકે એવા હેતુથી વર્ષ ૧૮૯૧ માં રૂા. પંદર હજારનાં ખર્ચે વડોદરા, પાટણ, નવસારી અને અમરેલીમાં અંત્યજ વસતિગૃહો

એટલે કે નિવાસી શાળાઓ શરૂ કરવામાં આવી. જો કે આ વસતિગૃહોમાં યોગ્ય શિક્ષકો કે કાર્યકર્તાઓ ના મળવાને પરિણામે પાંચ વર્ષના ટુંકા ગાળામાં તેઓને બંધ કરી દેવા પડ્યા. આ નિષ્ફળતામાંથી પણ સયાજીરાવે માર્ગ કાઢ્યો. વસતિગૃહો બંધ થવાથી અંત્યજ શિક્ષણના પ્રચારમાં શિથિલતા ના આવે એ માટે પ્રોત્સાહન ખાતર અંત્યજ વિદ્યાર્થીઓને રૂા. ૧૩૮૦ ની શિષ્યવૃત્તિઓ આપવામાં આવી.

સયાજીરાવ શિક્ષણ અને સમાજ વચ્ચેના સંબંધો અને તેમાંથી નિર્માણ પામતી વાસ્તવિકતાને યોગ્ય સંદર્ભમાં સમજયા હતા. તેને પરિણામે સામાજિક કુરિવાજો પર નિયંત્રણ લાવવાનો પણ તેઓશ્રીએ પ્રારંભ કર્યો. બાળલગ્નને પગલે મા-બાપ અને જ્ઞાતિ વિચારધારા બાળકોને શાળામાં આવતા રોકે છે, તેને ધ્યાનમાં લઈ વડોદરા રાજ્યમાં વર્ષ ૧૯૦૪ માં બાળલગ્ન પ્રતિબંધક કાયદો અમલમાં આવ્યો. વળી, વર્ષ ૧૯૦૬-૦૭ માં તેમણે પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત બનાવ્યું. આ ઐતિહાસિક અને હિંમતભર્યા પગલાંને કારણે વડોદરા રાજ્યમાં પ્રાથમિક શિક્ષણનો માર્ગ સમાજના તમામ વર્ગો માટે મોકળો થઈ ગયો. તેની સીધી અસર અંત્યજ શાળાઓ પર પડી. કુલ ૨૪૭ અંત્યજ શાળાઓમાં ૯૩૫૯ વિદ્યાર્થીઓ ભણવા લાગ્યા.

ભૂતકાળમાં વસતિગૃહો સંદર્ભે નિષ્ફળતાને ધ્યાનમાં લઈ તેમાં પ્રગતિ થાય એ માટે વર્ષ ૧૯૦૭-૦૮ માં ૨૫ છોકરાઓ અને ૨૫ છોકરીઓની સંખ્યાવાળું વસતિગૃહ વડોદરામાં શરૂ કરવામાં આવ્યું. અંત્યજોએ પ્રતિ વર્ષ અને સતત શિક્ષણ મળતું રહે એ ધ્યાનમાં રાખી ગાયકવાડે દર વર્ષે રૂા. પચાસ હજાર અલગથી ફાળવવાનું શરૂ કરવામાં આવ્યું. આ ફાળવણી નીચે પ્રમાણે કરવામાં આવી હતી.

| વિગત | રૂા. |
|---|---|
| શાળાઓ માટે | ૩૫,૦૦૦/- |
| વસતિગૃહો | ૫,૦૦૦/- |
| પુસ્તકો | ૫,૦૦૦/- |
| શિષ્યવૃત્તિ | ૧,૫૦૦/- |
| ઈનામો | ૧,૦૦૦/- |

નિયમિત નાણાંની ફાળવણી ઉપરાંત દલિત અને બિનદલિત વિદ્યાર્થીઓ માટે સમાન અભ્યાસક્રમ પણ તૈયાર કરવામાં આવ્યો. વળી બંને પ્રકારના વિદ્યાર્થીઓ સાથે મળે એવી શાળાઓને પ્રોત્સાહિત કરવાને કારણે ૧૯૦૯-૧૦ માં વડોદરા રાજ્યમાં ૨૮૭ મિશ્ર શાળાઓમાં ૯૮૯૭ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા. નાણાકીય ફાળવણી, વહીવટી આયોજન ઉપરાંત શ્રી ગાયકવાડ અંત્યજોના શિક્ષણની સ્થિતિ જાણવા પોતે તેઓના મહોલ્લામાં મોટર કે ઘોડાગાડીમાં બેસી જતા અને તપાસ કરતા.

દલિતોમાં ધાર્મિક વિધિ કરનારા ગરોડા જ્ઞાતિજનો માટે વર્ષ ૧૯૧૨-૧૩માં વડોદરા ખાતે સંસ્કૃત પાઠશાળા શરૂ કરવામાં આવી. પરંતુ ગરોડાઓએ તેને હકારાત્મક પ્રતિભાવ ના આપતાં માત્ર બે જ વર્ષ પછી તેને બંધ કરવામાં આવી. સંસ્કૃત ઉપરાંત દલિતો ભગવદ્ગીતાનો અભ્યાસ કરે એ માટે પણ મહારાજા સક્રિય બન્યા હતા. આ સંદર્ભમાં કલકત્તાના દાનવીર શેઠ જુગલકિશોરજી બિરલાએ વડોદરા આવી અંત્યજ વસતિગૃહમાં વિદ્યાર્થીઓને ગીતાનું શિક્ષણ મળે અને એ દિશામાં નિબંધ લેખનની પ્રવૃત્તિઓ વિકસે એ માટે રૂા. ૨૫,૦૦૦/- નું દાન આપ્યું. દલિત છોકરીઓ પણ સમાનતાના ધોરણે હિંદુઓની કહેવાતી ઉચ્ચ જ્ઞાતિઓની છોકરીઓ સાથે ભણે એ માટેના પ્રયત્નોના ભાગરૂપે મહારાણી ગર્લ્સ હાઈસ્કૂલમાં સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું.

**શિક્ષિત દલિતોને નોકરી :**

સયાજીરાવે દલિતોને માત્ર શિક્ષણ કે પદવીઓ આપી સંતોષ ના માન્યો. તેઓનું માનવું હતું કે શિક્ષિત દલિતોને વડોદરા રાજ્યની નોકરીમાં સમાવી તેઓનું સર્વાંગી કલ્યાણ થાય એ દિશામાં પગલાં ભરવા જોઈએ. દલિતોને નોકરી આપવાની જાહેરાત અને તેનો અમલ શરૂ થતાં જ સવર્ણોએ વિરોધ શરૂ કર્યો. પરંતુ વડોદરા નરેશે એવું ફરમાન કર્યું કે નોકરીની બાબતમાં આભડછેટ રાખવી હોય તો નોકરી છોડી દો. માત્ર ફરમાન નહીં પરંતુ નોકરી આપવાના નિષ્ઠાવાન પ્રયત્નોને કારણે ધોરણ ૭ પાસ થયેલા કુલ ૨૪૦ શિક્ષિત દલિતોને એ સમયે નોકરી મળી. આ નોકરીઓનું વર્ગીકરણ આ મુજબ હતું. કેળવણી ખાતામાં ૨૦૦, મિલિટરીમાં ૧૯, સુધરાઈમાં ૧૦, પોલીસ ખાતામાં ૭, સર્વે ખાતામાં ૩ અને વોટરવર્ક્સમાં ૧ એમ કુલ ૨૪૦ ને નોકરી મળી. વર્ષ ૧૯૩૫ માં વડોદરા રાજ્યમાં ૨૨૩ દલિત શિક્ષક-શિક્ષિકાઓ નોકરી કરતા હતા. એ સમયે રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં કુલ ૮૧૫ અંત્યજ વિદ્યાર્થીઓ વસતિગૃહોમાં રહી અભ્યાસ કરતા હતા. જેમાં વડોદરા (૨૬૩), પાટણ (૨૩૨), નવસારી (૧૭૬) અને અમરેલી (૧૪૪) નો સમાવેશ થાય છે.

### દલિતોને રાજકીય પ્રતિનિધિત્વ :

શિક્ષણ અને નોકરીમાં સમાવેશ કરી દલિતોને સમાજની મુખ્યધારામાં સમાવવાના સયાજીરાવના પ્રયત્નો ઉપરાંત તેઓને રાજ્યના શાસનમાં પણ ભૂમિકા ભજવવા મળે એ દિશાના પ્રયત્નો પણ થયા. રાજ્યની ધારાસભામાં અંત્યજ પ્રતિનિધિત્વ માટે સૌ પ્રથમ પેટલાદના શિવરામ નામના વણકરની નિમણૂક કરવામાં આવી. પરંતુ તેઓનું અવસાન થતાં તેમના સાથે ડૉ. ભીમરાવ આંબેડકર નિમાયા. આપણે સૌ જાણીએ છીએ કે, ગાયકવાડે આંબેડકરને ઉચ્ચ અભ્યાસ માટે શિષ્યવૃત્તિ આપી હતી. આંબેડકરના શિક્ષણ પાછળ ગાયકવાડે રૂા. ૨૦,૪૩૪/- નો ખર્ચ કર્યો હતો. ડૉ. આંબેડકર બાદ ડૉ. પુરુષોત્તમ સોલંકીને ધારાસભામાં નિમવામાં આવ્યા. ડૉ. સોલંકીને ડોક્ટરનો અભ્યાસ કરવા ગાયકવાડ સરકારે માસિક રૂા. ૩૫/- ની ત્રણ વર્ષ માટેની સ્કોલરશીપ આપી હતી.

આજે ગુજરાત સરકાર દલિત-બિનદલિતના લગ્ન માટે નાણાકીય અને અન્ય પ્રોત્સાહન આપે છે. તેનાં મૂળ ગાયકવાડની સમતામૂલક વિચારસરણીમાં છે. વર્ષ ૧૯૧૯ ના મે મહિનામાં અંત્યજ વસતિગૃહની ૧૭ વર્ષની કન્યાના લગ્ન ઉચ્ચ વર્ણના હિંદુ સાથે થયા. આ લગ્ન સરકારી મંજૂરીથી ગોઠવાયા હતા અને કન્યાને રૂા. ૩૦/- ચાંલ્લો કરવામાં આવ્યો.

દલિતો ઉપરાંત આદિવાસીઓ અને મહિલાઓના શિક્ષણ માટેની અનેકવિધ યોજનાઓ અને પ્રવૃત્તિઓના અમલ દરમિયાન સયાજીરાવને અનેક નિષ્ફળતાઓ પણ મળી હતી. આવી નિષ્ફળતાઓનો એકરાર તેઓશ્રીએ ૨૯ ડિસેમ્બર, ૧૯૨૮ ના રોજ નવસારી મુકામે યોજાયેલા બાલસંમેલનના ભાષણમાં કર્યો. એમણે દર્શાવ્યું કે, ''પ્રાથમિક કેળવણીના ફેલાવામાં સર્વાંશે જે ફળ મળવું જોઈએ તે ના મળવાનાં કારણો તપાસવા માટે સને ૧૯૨૬ માં મેં એક ખાસ તપાસણી કરાવી હતી. તેમાં બીજી બાબતો ઉપરાંત નીચે મુજબના કારણો જણાઈ આવ્યા હતા.''

(૧) ફરજિયાત કેળવણીના ઠરાવોનો અમલ કરવામાં લોકોની તેમજ સામાજિક સંસ્થાઓની કાળજી અને દિલસોજીનો અભાવ.

(૨) ખેડૂત તથા મજૂર વર્ગના અભણ મા-બાપનો વિરોધ અને બેપરવાઈ. આ લોકો પોતાના છોકરાંને નિશાળમાં મોકલવા કરતાં દંડ ભરવાનું વધારે પસંદ કરે છે.

### ગુજરાતમાં ગ્રામીણ-શહેરી સ્ત્રી અક્ષરજ્ઞાન (ટકા) અને આદિવાસી વસતિ

| ક્રમ | જિલ્લો | ગ્રામીણ | શહેરી | આદિવાસી |
|---|---|---|---|---|
| ૧ | ગુજરાત | ૬૧.૪ | ૮૧.૦ | ૧૪.૮ |
| ૨ | કચ્છ | ૫૩.૭ | ૭૩.૯ | ૮.૨ |
| ૩ | બનાસકાંઠા | ૪૮.૭ | ૭૦.૯ | ૮.૨ |
| ૪ | પાટણ | ૫૭.૦ | ૭૫.૮ | ૧.૧ |
| ૫ | મહેસાણા | ૭૨.૮ | ૮૨.૮ | ૦.૫ |
| ૬ | સાબરકાંઠા | ૬૨.૪ | ૭૭.૬ | ૨૦.૨ |
| ૭ | ગાંધીનગર | ૭૧.૫ | ૮૧.૪ | ૧.૩ |
| ૮ | અમદાવાદ | ૫૮.૪ | ૮૩.૩ | ૧.૦ |
| ૯ | સુરેન્દ્રનગર | ૫૬.૧ | ૭૪.૭ | ૦.૯ |
| ૧૦ | રાજકોટ | ૬૫.૯ | ૮૦.૬ | ૦.૪ |
| ૧૧ | જામનગર | ૫૯.૪ | ૭૨.૫ | ૦.૫ |
| ૧૨ | પોરબંદર | ૫૯.૮ | ૭૬.૦ | ૧.૨ |
| ૧૩ | જૂનાગઢ | ૬૨.૬ | ૭૫.૫ | ૦.૮ |
| ૧૪ | અમરેલી | ૬૨.૯ | ૭૫.૫ | ૦.૨ |
| ૧૫ | ભાવનગર | ૫૯.૫ | ૭૫.૬ | ૦.૩ |
| ૧૬ | આણંદ | ૭૩.૪ | ૮૨.૯ | ૧.૨ |
| ૧૭ | ખેડા | ૭૧.૨ | ૮૧.૧ | ૧.૬ |
| ૧૮ | પંચમહાલ | ૫૫.૨ | ૮૦.૯ | ૨૭.૫ |
| ૧૯ | દાહોદ | ૪૪.૮ | ૭૫.૨ | ૭૨.૩ |
| ૨૦ | વડોદરા | ૫૮.૧ | ૮૫.૯ | ૨૬.૬ |
| ૨૧ | નર્મદા | ૬૦.૭ | ૮૨.૪ | ૭૮.૧ |
| ૨૨ | ભરૂચ | ૭૦.૫ | ૮૪.૨ | ૩૨.૪ |
| ૨૩ | ડાંગ | ૬૫.૧ | ૮૪.૧ | ૯૩.૮ |
| ૨૪ | નવસારી | ૭૬.૨ | ૮૪.૯ | ૪૮.૧ |
| ૨૫ | વલસાડ | ૬૫.૨ | ૮૪.૩ | ૫૪.૮ |
| ૨૬ | સુરત | ૭૦.૬ | ૮૩.૨ | ૧.૯ |
| ૨૭ | તાપી | ૫૯.૨ | ૭૯.૨ | ૮૩.૫ |

સંદર્ભ : વસતિ ગણતરી, ગુજરાત, ૨૦૧૧ ની અંતિમ માહિતી. આદિવાસી વસતિ પ્રમાણ, ૨૦૦૧


**સંદર્ભ**

(૧) નાગજીભાઈ ગોવિન્દભાઈ આર્ય, 'આદ્ય અંત્યજોધ્ધારક રાજવી (શ્રીમંત વડોદરા નરેશના છ દસકાના અંત્યજોધ્ધારના કાર્યની ઝાંખી)', ૧૯૩૫, વડોદરા.

(૨) વસતિ ગણતરી, ગુજરાત, ૨૦૦૧ અને ૨૦૧૧



**નોંધ :**


પ્રસ્તુત લેખ તા. ૭ એપ્રિલ, ૨૦૧૩ ના રોજ સરદાર પટેલ આર્ટ્સ અને કોમર્સ કોલેજના ઉપક્રમે યોજાયેલા પરિસંવાદમાં રજૂ કરેલા સંશોધનપત્રમાં સુધારા-વધારા કરી તૈયાર કર્યો છે. પરિસંવાદમાં વક્તા તરીકે મને આમંત્રણ આપવા બદલ પ્રિન્સીપાલ ડૉ. જગદીશ ચૌધરીનો આભારી છું.



(એસોસિએટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ,
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ ૩૮૦ ૦૦૯.
મો.: ૯૪૨૬૦૬૮૧૮૬)

# કાકાસાહેબ કાલેલકરના નિબંધોમાં હિમાલયદર્શન

મેહુલ ડી. પટેલ



ભારતવર્ષના આદિવાસીઓનો તથા આર્યોના દીર્ઘ ઇતિહાસનો એકમાત્ર સાક્ષી અને આપણા ધર્મનો આદિસ્રોત હિમાલય છે. જેને 'નગાધિરાજ હિમાલય' એવું નામ પણ આપણી સંસ્કૃતિના શિલ્પીઓએ આપ્યું છે. સાહિત્યમાં પણ એ વિવિધ મુદ્રાઓમાં લેખકોની દૃષ્ટિમાં ઝિલાયો છે ને આકર્ષણનું, પર્યટનનું, ધર્મનું, સંસ્કૃતિનું, અધ્યાત્મનું એમ બહુઆયામી સ્થાન પામ્યો છે. સહૃદયોના મનમાં એણે ઘર કર્યું છે. સર્જકોએ તો હિમાલયનું આરાધન કર્યું છે. કાકાસાહેબનું હિમાલયદર્શન તો જાણે ગીતાકથિત દિવ્યદૃષ્ટિએ થયું છે. ગાંધીયુગીન પ્રવાસલેખકોમાં કાકાસાહેબનું સ્થાન અગ્રહરોળમાં લેવાતું રહ્યું છે ને કાકાસાહેબ એટલે 'હિમલાયનો પ્રવાસ' એવું પર્યાયવાચી વિશેષણ બની ગયું છે. કાકાસાહેબનું નામ લેવાય ને 'હિમાલય' યાદ ન આવે એવું ભાગ્યે જ બને. 'હિમાલયનો પ્રવાસ' ઉપરાંત 'બ્રહ્મદેશનો પ્રવાસ', 'ઉગમણો દેશ', 'પૂર્વ આફ્રિકામાં' તથા 'ભારત દર્શન' (ભાગ-૧થી ૪) નામનાં પ્રવાસપુસ્તકો એમની પાસેથી મળે છે. જેમાં 'હિમાલયનો પ્રવાસ', 'રખડવાનો આનંદ-૨' (જીવનનો આનંદ), 'ભારત દર્શન' (ભાગ-૪) એ ત્રણેય ગ્રંથોમાં કાકાસાહેબે હિમાલયની આરાધના કરી છે.


'રખડવાનો આનંદ' અને 'ભારત દર્શન' (ભાગ-૪) ઉપરાંતની આ હિમાલયવિષયક સાહિત્યજગતની તમામ કૃતિઓમાં 'હિમાલયનો પ્રવાસ' પુસ્તક સૌંદર્ય, અધ્યાત્મદર્શન અને નિરૂપણની દૃષ્ટિએ આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે. કાકાસાહેબની સૌંદર્યશક્તિની નોંધ લેતાં રા.વિ. પાઠક નોંધે છેઃ “સાહિત્યકાર કાકાસાહેબનું વિશિષ્ટ અને અનન્યસાધારણ લક્ષણ તે તેમની સૌંદર્યદૃષ્ટિ છે. એમના સ્વભાવમાં અને સાહિત્યમાં સિદ્ધરૂપે જણાતી શક્તિઓમાં આને જ હું પ્રધાન ગણું. જે અનેક વસ્તુઓનું સૌંદર્ય એમણે વાણીમાં પ્રગટ કરેલું છે તેમાંથી મોટાભાગની વસ્તુઓ એવી છે, જે સામાન્ય માણસના ચિત્તમાં સુંદર તરીકે સંઘરાઈ ન હોય અને કદી વાણીરૂપે પ્રકટ થઈ ન હોય. આવી વસ્તુઓ તો એમના લેખોમાં જ્યાં હાથ નાંખીએ ત્યાં મળી આવે અને હું મારી સામાન્ય ટેવ છોડી અવતરણોથી અલગ રહેવા ઇચ્છું છું એટલે, એટલું જ કહીશ કે આકાશદર્શન અને અંધકારદર્શન એમણે જ ગુજરાતમાં લોકપ્રિય કર્યાં.”[૧] એ અર્થમાં કાર્કાસાહેબને રા.વિ. પાઠકે પણ સૌંદર્યના કવિ તરીકે નવાજ્યા છે. કાકાસાહેબે શ્રદ્ધા અને બુદ્ધિ વચ્ચે અણબનાવ રહે નહીં અને એ વચ્ચે ઉઘાડી આંખની ભક્તિ આવે તેવી ઉત્કટ ભાવનાથી 'હિમાલયનો પ્રવાસ'નું પ્રવાસ વૃત્તાંત લખ્યું છે. જે કલમે લેખકે 'નગાધિરાજ'નું પ્રકરણ લખ્યું છે એ જ કલમે પુસ્તકની ફલશ્રુતિ પણ લખાઈ છે. પ્રવાસ એ વિનયની કેળવણીનું જ એક અંગ છે એવા ભક્તિભાવ તળે હિમાલયનું આલેખન કરતાં કાકાસાહેબ પ્રસ્તાવનામાં ઉચિત રીતે નોંધે છેઃ

“પ્રવાસ મારફતે માણસ જેટલો ભૂમિભાગ આંખો વડે પોતાનો કરે છે, જેટલું અંતર પદક્રાન્ત કરે છે, જેટલો અનુભવ સંઘરી શકે છે, તેટલે દરજ્જે એનું જીવન સમૃદ્ધ થાય છે. કોઠાર ભંડારમાં સંઘરેલું ધન બાહ્ય કોઈ બોજારૂપ થાય છે. અનુભવ મારફતે સંઘરેલું જ્ઞાન, કમાયેલા સંસ્કારો અને કેળવાયેલી શક્તિ આંતરિક હોઈ એનો બોજો નથી હોતો; ઊલટું એના ઉમેરાથી જીવનમાં બીજો ઘણો બોજો ઊંચકવાની શક્તિ પેદા થાય છે. જે માણસ મુસાફરીએ ઉપડ્યો હોય એણે ઘણી વસ્તુઓના પરિગ્રહ ટાળ્યે જ છુટકો. જે હળવો ન થઈ કે તે મુસાફરી કરી જ ન શકે; પછી એ વાદળું હોય કે માણસ. અને પ્રવાસ દ્વારા મેળવેલાં જ્ઞાન,

સંસ્કાર કે આવડત એવાં તો પચી જાય છે કે, એનો બોજો કે પરિગ્રહ જણાતો નથી.''[૨]

તો વળી હિમાલયની યાત્રાએ જવા પાછળનું પ્રયોજન અને પોતાને શું લાધ્યું એ વાત દાર્શનિક ઢબે રજૂ થઈ છે. પ્રસ્તાવનામાં લેખકે એ વાત નોંધી છે; ''હિમલાયનો વૈભવ દુનિયાના તમામ સમ્રાટોના સમસ્ત વૈભવ કરતાંય વધારે છે. હિમાલય એ જ આપણો મહાદેવ છે; આખા વિશ્વની સમૃદ્ધિ ખીલવતો છતાં અલિપ્ત, વિરક્ત, શાંત અને ધ્યાનસ્થ હિમાલયે જઈ એને જ હૃદયમાં ધારણ કરી લેવાની જેની શક્તિ હોય તે જ જીવન જીત્યો.''[૩]

હિમાલયને પામવા કે દર્શનના અધિકારી બનવા તન-મન પણ એટલું જ શુદ્ધ, નિર્મળ હોવું એ દાવો ખરા અર્થમાં એક ભાવનાને ઉજાગર કરે છે. હિમાલયની સંસ્કૃતિમાં જ એની સમૃદ્ધિ સમાયેલી હોવાનું પણ એક તારણ નીકળી શકે છે. તો આ જ શ્રદ્ધાનો દોર હિંદુ ધર્મની પરાકાષ્ઠા સૂચવે છે. 'નગાધિરાજ' પ્રકરણમાં હિમાલય તરફની ઉત્કટ શ્રદ્ધાનું પ્રતિબિંબ ઝિલાયેલું નજરે પડે છેઃ ''પરમકૃપાળુ મહાદેવ ઉપર હિંદુને જેટલી શ્રદ્ધા છે તેટલી જ અચલ શ્રદ્ધા તેને હિમાલય ઉપર છે... હિંદુ ધર્મનું રહસ્ય અનાયાસે પ્રગટ થાય એવું પૃથ્વીની સપાટી ઉપર કોઈ સ્થાન હોય તો તે હિમાલય જ છે.''[૪] અહીં હિમાલય દર્શનમાં ધર્મનું મૌલિક અર્થઘટન ભાવકને સાંપડે છે. હિમલાય લેખકને મન પ્રકૃતિ ને પ્રકૃતિ પરનાં તમામ તત્ત્વોનું આશ્રય સ્થાન, જીવનની ઉચ્ચ કોટિની સાધના પામવા માટેનું કેન્દ્રસ્થાન બની ગયો છે. એની મહાનતા ને મહાત્મ્ય સિદ્ધ કરતું, હિમાલયની ગોદ સાથે વણાયેલું આ દર્શન માણવા ને પામવા યોગ્ય છે, પીવા યોગ્ય છે. ભીષણ, ગહન અને વન્યસૃષ્ટિનો સર્જનહાર હિમલાય પોતે દિગંબર મુનિ જેવો લાગે છે. એ પોતે ત્યાગી, તપસ્વી, બ્રહ્મચારી પણ એના આશીર્વાદથી જે સૃષ્ટિ ખડી થઈ છે તેનું નિર્માણ હૃદયંગમ ને જીવનથી સભર જણાય છે. એ બાબતની નોંધ કાકાસાહેબે લીધી છે, જે સહૃદયોને હિમાલય દર્શન ભણી પ્રેરે-દોરે છેઃ ''હિમલાય-આર્યોનું આદ્યસ્થાન, તપસ્વીઓની આ તપોભૂમિ, પુરુષાર્થી લોકોને માટે ચિંતન કરવાનું એકાંત સ્થાન, થાક્યાં-પાક્યાંનો વિસામો, નિરાશ થયેલાઓનું સાંત્વન, ધર્મનું પિયેર, મુમૂર્ષુઓની અંતિમ દિશા, સાધકોનું મોસાળ, મહાદેવનું ધામ અને અવધૂતની પથારી છે. માણસોને



તો શું, પશુ-પક્ષીને પણ હિમાલયનો આધાર અપૂર્વ છે. સાગરને મળનારી અનેક નદીઓનો એ પિતા છે. એ જ સાગરમાંથી ઉદ્ભવેલાં વાદળોનું એ તીર્થસ્થાન છે.. હિમાલય એ ભૂલોકનું સ્વર્ગ, યક્ષકિન્નરનું વસતિસ્થાન છે. જગતનાં સર્વે દુઃખોને સમાવી લે એવડો તે વિશાળ છે; સર્વે ચિંતાગ્નિને શમાવી દે એટલો એ ઠંડો છે; કુબેરને પણ આશ્રમ આપી શકે એવડો એ ધનાઢ્ય છે; અને મોક્ષની સીડી બની શકે એવડો એ ઊંચો છે.''[૫]

આ જ વાતનો પડઘો 'ભારતદર્શન-૪'ના 'ગિરિનગરી' પ્રકરણમાં સ્પષ્ટ સંભળાય છે; ''... હિમાલય એ તો 'શિવાલય' કહેવાય. એ રીતે જોતાં ઋષિમુનિઓનો એક ભાગ, જ્યાંથી ગંગોત્રી ને જમ્નોત્રીનાં દર્શન થતાં હોય એ તપોવન જ હોય. બીજું શું?...''[૬]

ઋષિમુનિઓ, સાધુઓ, તપસ્વીઓ ઉપરાંત યુવાનો અને જીવનના અંતિમ ચરણોમાં પ્રવેશેલા આત્મજનો માટે પણ હિમાલયનાં દ્વાર ખુલ્લાં જ છે. આ સંદર્ભને આગળ વધારતાં ખૂટતી કડીઓ 'રખડવાનો આનંદ'માંના 'હિમાલયનું આકર્ષણ' પ્રકરણમાં જોડાય છે. અર્થાત્ પૂર્ણ થાય છે. લેખક નોંધે છે તેમ; ''યુવકોને જેમ હિમાલય પ્રેરણાદાયી ગુરુ છે તેમ થાકેલા આત્માઓને છેલ્લો વિશ્રામ આપનાર પિયર છે.''[૭]

એક તરફ હિમાલય સાધુ-સન્યાસીઓનું આશ્રયસ્થાન બની રહ્યો છે, તો બીજી તરફ તપસ્વીઓની તપોભૂમિ અને એમાંય તપસ્વીઓની સાથોસાથ એ પોતે જ સાધુમુદ્રામાં એવો તો લીન થયેલો વર્તાય છે. લેખકનું નિવેદન ને વર્ણન સહૃદયનાં ચિત્તને આકર્ષે છે કહો કે વધુ ને વધુ રોમાંચિત કરે છે.

હિમલાય પ્રત્યે લેખકને ખૂબ શ્રદ્ધા છે, ઊંડો ભક્તિભાવ છે. એટલે જ કાકાસાહેબ હિમલાય તરફ જતાં સ્વગૃહે જતા યાત્રિકના જેવો ભાવ અનુભવે છે. હિમલાય પરત્વેની સતત પ્રેમી-શી ઝંખનાને કારણે પ્રેમચિત્રો સર્જાયાં છે. તેથી જ લેખક ઉદ્‌ગારી ઊઠે છેઃ ‘‘હિમાલયના હું જે શબ્દચિત્રો આપવાનો છું તે પ્રેમચિત્રો જ હોવાનાં.’’[૮] આ વાતને આગળ વધારતાં તેઓ જણાવે છેઃ ‘‘પ્રેમચિત્રમાં ઈંદ્રિયોનો રંગ નથી હોતો, પરંતુ હૃદયનો રંગ હોય છે, આદર્શ ભાવનાઓનો રંગ હોય છે અને તેથી એ ચિત્ર આપણા જીવનને વિશેષ નજીકનું અને વિશેષરૂપે સત્ય લાગે છે.’’[૯]

‘નગાધિરાજ’ આ પુસ્તકનું ઉત્કૃષ્ટ પ્રકરણ છે. અહીં હિમલાયની આહ્‌લાદકતાની, એમાં પડેલા કાવ્યતત્ત્વની, પ્રકૃતિની, ધર્મની અનુભૂતિ થાય છે. તો સાથોસાથ હિમાલયની ભવ્યતા અનાયસ છતી થઈ જાય છે; ‘‘...ભવ્યતાનું જો તમારે દર્શન કરવું હોય, ધર્મતત્ત્વોને ઉકેલવાનો જો તમારે પ્રયત્ન કરવો હોય, તો હિમલાયમાં જ તમારું સમાધાન થવાનું, કારણ આર્યાવર્તના એકે એક જમાનાના પુરુષાર્થ હિમાલય જાણે છે.’’[૧૦] અહીં ઐતિહાસિક, ભૌગોલિક, ધાર્મિક અને આધ્યાત્મિક પાસાંના અનુભવો પણ થતા રહે છે.

‘હિમાલયનો પ્રવાસ’ની કથામાં એક તરફ હિમાલયની અવર્ણનીય શોભા, પવિત્ર તીર્થધામો, સંતોની સાધના અને ત્યાંના લોકોના દૃશ્યોનું આકર્ષક ચિત્ર રજૂ થયું છે તો બીજી બાજુ કાકાસાહેબની જીવનાભિમુખતા, સંવેદનશીલતા અને વિચારોની ભાવનાસૃષ્ટિથી તેમની અનુભૂતિ મૂલ્યબોધ આપનારી, હૃદયસ્પર્શી બની છે. હિમાલયનું સૌંદર્ય કાકાસાહેબને જાણે આવાક્ કરી દે છે. ઊંચા પર્વતોની હારમાળાઓ, હિમાચ્છાદિત શિખરો, વાદળોની હિલચાલ, ગાઢ જંગલો, નદીઓ, સરોવરો, ફૂલોનાં પથરાટ અને પમરાટ જાણે કાકાસાહેબના અંતરમાં સચવાયેલાં જ હોય એવાં અનુભવાય છે. પ્રકૃતિના દૃશ્યોનું જે વર્ણન કાકાસાહેબે આપ્યું છે તેમાં પ્રાકૃતિક સૌંદર્યની તાજગીનો અનુભવ થાય છે.

ભીમતાલથી આગળ જતાં, કાકાસાહેબે નિહાળેલાં ફૂલોનું સૌંદર્ય આ રીતે રજૂ થાય છે; ‘‘રસ્તામાં એક જાતનાં ફૂલો ખીલી રહ્યાં હતાં. આકારે બારમાસીનાં ફૂલ જેવાં અને રંગે સારી પેઠે કઢેલાં દૂધની મલાઈ જેટલી પીળાશવાળાં હતા. સુવાસની મધુરતાની તો વાત જ શી? સુવાસ ગુલાબને મળતી, પણ ગુલાબ જેટલી ઉગ્ર નહીં. આ લજ્જાવિનયસંપન્ન ફૂલોને જોઈને હું પ્રસન્ન થયો.’’[૧૧] તો આ વિસ્તારમાં જોવાં મળતાં અડના ફૂલોનું વર્ણન પણ એટલું જ આકર્ષક છેઃ ‘‘એ ફૂલનું વર્ણન કરવું અશક્ય છે. ફૂલ નાળિયેર કરતાં મોટું હોય છે. એની પાંદડી બાવળના લાકડા કરતાં કઠણ હોય છે. છતાં આ ફૂલ આકારે બહુ સુંદર હોય છે. એક દીટના માથામાંથી આંગળી જેવડી અસંખ્ય પાંખડીઓનો જાણે એક ફુવારો ફૂટ્યો હોય છે; પણ રંગ કે વાસનું તો નામ જ ન લો. લાકડાનો રંગ ને લાકડાની જ વાસ. દેવદાર અને ચીડ જેવાં વૃક્ષો હિમલાયને જ શોભે.’’[૧૨]

તો વળી, લેખક ફૂલોની સાથોસાથ હિમાલયનાં શિખરોનાં સૌંદર્યને ફૂલોના સૌંદર્યથી જરાય ઊતરતું આંકતા નથી. કાકાસાહેબના કાચના દૃષ્ટિ આશ્લેષમાં તમામ પ્રકારનું સૌંદર્ય સમાઈ જાય છે. પછી એ ફૂલ હોય, શિખરો હોય કે પ્રદેશની અન્ય કોઈ વસ્તુ હોય. અહીંયાં પણ હિમાલયના શિખરોનું આલેખાયેલું સૌંદર્ય મંત્રમુગ્ધ કરી દે છે. ‘અલમોડા’ નામના પ્રકરણમાં હિમલાયનું સૌંદર્ય પ્રકૃતિસૌંદર્યમાં ઓતપ્રોત થઈ જાય છે. હિમાલયના આકર્ષણમાં પ્રત્યક્ષ યા પરોક્ષ પ્રકૃતિદેવી અવનવાં રૂપ ધારણ કરી એનાં સૌંદર્યમાં વધારો કરે છેઃ ‘‘ઉપર આકાશ નિરભ્ર હતું. ઉત્તર તરફ નંદાદેવીનું શિખર સૂર્યનાં તરુણ કિરણોથી સુવર્ણમંદિરની પેઠે ઝળકતું હતું. જ્યાં સૂર્યકિરણ હજુ નહોતાં પહોંચ્યાં ત્યાં અરુણસદૃશ રક્તિમાં ઉષાને પણ લજવે તેવી હતી. હિમલાયને ઘેર શિખરોનું દારિદ્ર નથી, છતાં નંદાદેવીનું સૌંદર્ય એટલું બધું છે કે હિમલાય પણ એને માટે મગરૂર હોય એમ લાગે છે.’’[૧૩]

હિલાય વિશેના અન્ય તમામ ગ્રંથોમાં હિમાલયની પ્રકૃતિ ને આસપાસનાં શિખરોનું સૌંદર્ય અભિન્ન છતાંય તાજગીસભર રીતે અનુભવાય છે. ‘ભારતદર્શન-૪’માં

વર્ણવાયેલું આ સૌંદર્યદર્શન પરલોકની અનુભૂતિ કરાવી જાય છે. એની સાથે આપણને લીન કરી મૂકે છે. આ દાર્શનિક સૌંદર્યાનુભૂતિ માણવા જેવી છેઃ "સર્વ શિખરો આરસની મૂર્તિ જેવાં સ્વચ્છ, ધવલ બિરાજતાં હતાં. કેવી પાવન શાંતિ! ઈશ્વરની આ વિશાળ વિભૂતિનું ધ્યાન ધરી અમે પાછાં ફર્યાં. પણ એ અપૂર્વ દર્શનની ધન્યતા હૈયામાં કાયમને માટે વસી ગઈ. ભવ્યતાની અસર જેમ ઊંડી થાય છે તેવી તેવી સૌંદર્યને ભાગ્યે જ થાય."[૧૪] તો વળી ગંગોત્રીની શોભાનો શણગાર પણ નિહાળવા જેવો છે. સૌંદર્યનું દર્શન એની શોભા નિહાળતાં જ જાણે મળી જાય એવું લાગે. અહીં વર્ણવાયેલું ગંગોત્રીનું આ સૌંદર્યઃ "ગંગોત્રીની શોભા, ત્યાંનો સુંદર ગંગાપ્રવાહ, પથ્થર પર ટક્કર લેતા સ્રોતોના કલરવ, આજુબાજુના દેવદારનાં પ્રચંડ વૃક્ષો અને પશ્ચાદ્‌ભૂમાં પર્વતશિખરોની સનાતન ધવલિમાં— એમાં જ છે. અને એવા ઉન્નત વાતાવરણમાં દેહદમન કરતા સાધુસંતોનું આત્મચિંતન એ આ સૌંદર્યનું અને આકર્ષણનું સારસર્વસ્વ છે."[૧૫]

પ્રકૃતિનાં વર્ણનો અને એમાં રસાયેલું લેખકનું દર્શન આ ગ્રંથોમાં ઝિલાયું છે તેથી હિમાલય સહૃદય સમક્ષ સાક્ષાત્ થાય છે. ફૂલોનું સૌંદર્ય, શિખરોનો વૈભવ ને છતાં હિમાલય તો જાણે પોતાના જ ધ્યાનમાં મગ્ન હોય એમ અચલ લાગે છે. તેમ છતાં હિમલાયનું પોતાનું પણ અલગ સૌંદર્ય આ બધાયમાં પોતાની રીતે ઉપસે છે. સૌંદર્ય ઉપરાંત એમાં એક નવું તત્ત્વ અહીં ઉમેરાય છે તે છે દાર્શનિકતા. હિમાલયની આસપાસનાં શિખરોનું વર્ણન કાકાસાહેબની કલમે વધુ દાર્શનિક લાગે છે. કેટલાંક ઉદાહરણો જોઈએઃ

"ગંગાજીના સ્પર્શથી શીતળ અને પાવન થયેલો પવન મંદ મંદ વાતો હતો. જાતજાતના મંદિરો 'મને જો', કરતાં આંખ આગળ ખડાં થતાં હતાં. બધાંને હું શ્રદ્ધાપૂર્વક પ્રણામ કરતો હતો. ચકમકના પથ્થરના વાંકાચૂકા પાસા જેમ સુશોભિત દેખાય છે તે જ પ્રમાણે કાશીનાં ઘરોની વિશૃંખલ શોભા દૃષ્ટિને આકર્ષે છે."[૧૬]

• • •

"આછાં પાતળાં, ચીંથરેહાલ વાદળાં જ બહુ સુંદર દેખાય અને વાદળ પર વાદળ જામીને ઢગલો થાય ત્યારે પણ બરફના શિખરો જેવાં ભવ્ય ને સ્વર્ગીય લાગે. પણ જાડાં, ભરેલાં વાદળ કોક વાર જ સારાં લાગે. હિમ શિખરોનું એવું નથી. એ તો ગમે ત્યારે, ગમે તેવી સ્થિતિમાં આકર્ષક જ હોય છે."[૧૭]

• • •

"વાદળો અહીંના અધિકારી છે એ સાચું પણ તેઓ અતિથિપ્રેમી અને ઉદાર છે, રોજ અવનવી દૃશ્યમાળાઓ સર્જે છે અને પ્રતિભાવન હોવાને કારણે દરેક સમયનું દૃશ્ય અપૂર્વ અને છટા અનેરી હોય છે!"[૧૮]

• • •

આવાં રોમાંચક વર્ણનોમાં પ્રગટ થતો લેખકનો દાર્શનિક અભિગમ વિશિષ્ટ રીતે આલેખાયેલો છે. હિમલાયની યાત્રા જ કાકાસાહેબને મને એક વિરલ અનુભૂતિ છે. એ દર્શનની લગોલગ ભવ્યતાનાં વર્ણનો મહેલોની માફક ચણાતાં જાય છે. કાકાસાહેબને હિમલાયની ભવ્યતા પણ એટલી જ મોહક લાગે છે. 'ભારતદર્શન-૪'માં એની નોંધ લેતાં લેખક જણાવે છેઃ "કોઈ એક સ્થળે ઊભા રહી, સામે જોતાં ઉત્તર ક્ષિતિજને આંબી જતી હિમાલયની ગિરિમાળાઓ હારબંધ દેખાય ત્યારે એની શોભા અને ભવ્યતા અવર્ણનીય હોય. પણ એ જ દૃશ્ય ઊંચે ચડીને જોયા પછી એ વિરાટ વિસ્તારની યથાર્થ કલ્પના આવે છે. એની અનંત મહત્તા નીચે હૃદય દબાઈ જતું લાગે છે."[૧૯]

હિમાલય આપણી સંસ્કૃતિનું પ્રતીક છે. આદિકાળથી ચાલી આળતી આપણી સંસ્કૃતિની તમામ ગતિવિધિઓનો સાક્ષી આ હિમાલય છે. કાકાસાહેબ પણ કહે છે તેમ, "હિમાલય પ્રત્યેની આ અનહદ લાગણીનું મૂળ છે આધ્યાત્મિક અને સાંસ્કૃતિક."[૨૦] અધ્યાત્મના તાર અહીંના ઋષિઓની વર્ષોની તપસ્યાથી સતત સંધાયેલા જ રહે છે. ભારતમાતાના વસવાટનું સ્થાન એવા હિમલાયને કેટકેટલા યુગોનું દર્શન કરવાનું સદ્‌ભાગ્ય મળ્યું છે. એ અર્થમાં પણ એ સંસ્કૃતિનો જ એક ભાગ ગણાય છે. એ વાત અહીં જુદી જુદી રીતે આલેખાઈ છેઃ "હિમલાય આપણી ઉન્નત લલાટરેખા છે. હિમલાયની સાથે આપણું ભાગ્ય સંકળાયેલું છે. જો સમુદ્ર ભારતમાતાનું વસન છે, તો હિમલાય ભારતમાતાની ભાગ્યરેખા. અહીં કરવામાં આવેલો પુરુષાર્થ સિંધુ અને બ્રહ્મપુત્ર, ગંગા અને યમુના, ગંડક અને તીસ્તા દ્વારા સમસ્ત આર્યવતનું કલ્યાણ સાધી શકશે."[૨૧]

લેખકના આવા અનુભવો પરથી સહૃદયને સહેજે પ્રશ્ન જાગે કે હિમાલયનું ગાન કરનારાઓને એવું કયું દર્શન લાધ્યું અને એમાં એવું તો શું પડેલું છે જે માનવજીવનને જોવાનો દૃષ્ટિકોણ બદલાઈ જાય. તો લેખકે, 'હિમાલયનો સંદેશ' પ્રકરણમાં એકીસાથે વર્તમાન અને પુરાણની બે બાબતોને સાંકળી એ પ્રશ્નનો ઉત્તર સંપડાવ્યો છેઃ "હિમાલયનું દર્શન દરેક ભારતીય મનના આશયને પાવન કરે છે. હિમાલયની હવા પ્રાણદાયિની છે. હિમાલયના ઝરણામાં સાક્ષાત્ અમૃતની સેર ફૂટે છે. હિમલાયની વનસ્પતિ અને જાદુઈ જડીબુટ્ટી જેવી દવાઓ હજુ પણ સાધુ બાવાઓની ઝોળીમાં પડેલી છે."[૨૨]

એક અર્થમાં હિમાલયને જડીબુટ્ટીઓના પ્રદેશ તરીકે ઓળખાવવાનું કાકાસાહેબને મન રુચ્યું છે તથા પુરાણની વિગતો હિમલાય સાથે કઈ રીતે સંકળાયેલી હતી તેની નોંધ પણ અહીં લેવાઈ છેઃ "આપણા ઋષિમુનિઓ અને ધર્મકાર આચાર્યોએ જ્યાં સુધી હિમલાયનો સંપર્ક રાખ્યો ત્યાં સુધી સંસ્કૃતિની ઉજ્જવળતા ટકી. જ્યાં સુધી આપણા રાજા મહારાજાઓ એમના વૈભવથી વામણા બન્યા નહોતા ત્યાં સુધી છેલ્લી જિંદગી ગાળવા એ હિમાલયનો આશરો લેતા. તે સમયના તીર્થસ્થાનો અને કલાપૂર્ણ મંદિરોના ખંડિયેરો આજે પણ ત્યાં મળી આવે છે."[૨૩]

આ બંને બાબતો હિમાલયને શા માટે સંસ્કૃતિના પ્રતીક તરીકે રાખવામાં આવે છે એ પ્રશ્નનો સંતોષપ્રદ ઉત્તર સંપડાવેછે.

પ્રકૃતિ-સંસ્કૃતિના સુમેળ સભર કાકાસાહેબની કલમે આલેખાયેલો હિમાલય પ્રત્યેનો ભારતીયોનો ભક્તિભાવ બીજા લોકોના આકર્ષણ કરતાંય અનેરો છે. હિમલાયને તો તેઓ અધ્યાત્મ સઘનનું ઘર જ માને છે. એની પણ 'ગંગોત્રી' પ્રકરણમાં ઝાંખી મળે છેઃ "ભારતીયો શ્રદ્ધાની દૃષ્ટિએ શાલીગ્રામ એ કાંકરો નથી, જનોઈ એ સૂતરનો તાર નથી, હિમલાય એ પાષાણનો ઢગલો નથી, ગંગાએ પાણીનો પ્રવાહ નથી. હિમાલય એટલે અધ્યાત્મનું ઘર અને ગંગા એ પુણ્ય તપસ્યાની પરંપરા એવી ભાવના છે."[૨૪]

હિમાલયના અધ્યાત્મ સાથે જોડાયેલી ભારતીયોની શ્રદ્ધા અતૂટ છે અને ભારતીય પ્રજામાં પણ એનું સ્થાન દેવત્વની લગોલગ અંકાયેલું છે.

સાધુઓના પિયર એવા હિમલાયનું દાર્શનિક અભિગમથી થયેલું આલેખન એનાં બીજાં ઘણાં પાસાંઓને પણ સ્પર્શે છે. પ્રજાજીવન ને આધુનિક પરિપ્રેક્ષ્યમાં હિમાલયની થતી રહેલી અવહેલના પણ લેખકની કલમે વર્ણવાઈ છે. અહીંની પ્રજા શાંત અને નિશ્ચિંત જણાય છે. અહીં આલેખાયેલી ખેડૂતપ્રજાની ગતિવિધિઓ એનું સૂચન કરે છેઃ "હિમાલયના ખેડૂતોની રસોઈમાં અજબનું સ્વાવલંબન હોય છે. તેની પાસે વહોરાની ટોપી જેવી એક મોટી લોઢાની તપેલી કે તાંસળી હોય છે. એમાં એ પહેલાં લોટ બાંધીને પથરા પર મૂકી દે છે. પછી ત્રણ પથરાના ચૂલામાં દેવતા સળગાવી તેના પર એ જ તાંસળીમાં રોટલીઓ શેકે છે. એ બધી રોટલીઓ હાથરૂમાલ પર રાખી ફરી એ જ તાંસળીમાં શાક રાંધી લે છે. તાંસળી લોઢાની એટલે ગમે તે શાક એ ક જ રંગનું થઈ જાય છે. હવે એને શું જોઈએ? શાક રોટલી ધરાઈને ખાય અને તાંસળી ઉટકે એટલે પાણી પીવાનું પણ એ જ વાસણ. જમીને બપોરે જરા વામકુક્ષિ કરી લે અને એ જ તાંસળી માથા પર રાખી એના ફેંટા જેવું બાંધી દે, એટલે કેરીના ગોટલા જેટલા કરા આકાશમાંથી પડે તોયે શિર સલામત."[૨૫]

આટલી સૂઝ અને હિકમત ધરાવતી પ્રજા હિમલાયમાં વસવાટ કરતી નજરે પડે છે. આ ઉપરાંત મહત્ત્વની ને નોંધપાત્ર તથા સાવચેત કરનારી બાબત હોય તે એ છે આધુનિકતાના વંટોળે હિમાલયની અવહેલના થવા પામી છે. સગવડો વધતાં હિમાલયનો કમાણીના સાધન તરીકે ઉપયોગ કરવા માંડ્યો છે. પર્વતાધિરાજની આવી અવદશાને જોઈ લેખકનું હૃદય વલોવાય છે. સંસ્કૃતિની અવહેલનાની સાથેસાથે હિમાલયનું પણ યાંત્રિકીકરણ થવા લાગ્યું છે. લેખકનું આ નિવેદન એની સાક્ષી પૂરે છેઃ "...આધુનિક 'સંસ્કૃતિ'ના સડામાંથી જે હિમલાય હજારો અને લાખો વર્ષથી બચી ગયો હતો તે, પ્રવાસની સગવડો વધતાં, નવી દુનિયાના હલકાં આકર્ષણોનો શિકાર થઈ પડ્યો છે."[૨૬] તો હિમાલયમાં થતી ધાર્મિક વિધિઓનું આ દશ્ય વધુ આ વાતને દૃઢ ને લેખક પક્ષનું સમર્થન કરે છે; "...ત્યાં સેંકડો યાત્રાળુઓ ઠેકઠેકાણે હારબંધ બેઠા હતા અને શ્રદ્ધાની કવાયત કરતા હતા. શ્રાદ્ધ જેવી અત્યંત પવિત્ર ભાવનાભરી ધાર્મિક ક્રિયાને આટલું યાંત્રિક સ્વરૂપ આપેલું જોઈ મને બહુ ખોટું લાગ્યું."[૨૭]

કાકાસાહેબનાં બંને પુસ્તકો (હિમાલયનો પ્રવાસ અને રખડવાનો આનંદ)માં આધુનિકતાનો રણકો સ્પષ્ટ

સંભળાય છે. 'દેવતાત્મા' સમાન આપણી સંસ્કૃતિના પ્રતીક હિમાલયપ્રતિ પ્રજાજીવને જે ઉપયોગીતાવાદી વલણ અપનાવ્યું એના પ્રતિ લેખકને ભારોભાર વિષાદ જાગ્યો છે.

હિમાલયના પ્રદેશોની પરિભ્રમણકથાની સાથોસાથ પ્રકૃતિનું આહ્લાદક ચિત્ર હિમાલયને જીવંત બનાવે છે. સૌંદર્યના અદ્ભુત વર્ણનોમાં અનુભૂતિની સાથોસાથ એક પ્રકારની આસ્તિકતાનો પરિચય થાય છે. સહૃદયો માટે લેખકનો આ દૃષ્ટિકોણ નવતર સંદેશનો પરિચાયક બને; "હિમાલયના દર્શનથી આ સ્થિરતા પ્રાપ્ત થાય છે અને દરેક વસ્તુનું તારતમ્ય સ્પષ્ટ થઈ જવાથી જીવનની ગતિ અને નીતિ શુદ્ધ થાય છે."[૨૮]

તો વળી, જીવનનિર્માણનો જે સંદેશ આપણને પ્રાપ્ત થાય છે તે કાકાસાહેબની કલમે આ રીતે રજૂ થયો છેઃ "ધાર્મિકતા સિદ્ધ થયા પછી ધર્મોનો ત્યાગ જ કરવાનો છે. જ્ઞાન-વિજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી અધ્યયન માટે લીધેલા ગ્રંથનો જેમ સહજ રીતે ત્યાગ કરીએ છીએ તેમ ધાર્મિકતા મેળવ્યા પછી ધર્મોનો. ઈંડા પર કવચ હોય છે. અંદર રહેલા જીવનરસમાંથી જીવન નિર્માણ થાય ત્યાં સુધી કવચનું રક્ષણ જરૂરી હોય છે. અંદર નિર્માણ થયેલો જીવ એ કવચ ફોડીને બહાર નીકળે છે. યથાસમય ફૂટવા માટે જ કવચ હોય છે. એ જો ફૂટે નહીં તો જે જીવનું રક્ષણ કરવા માટે એનું અસ્તિત્વ હતું એ જીવને ગૂંગળાવી એની હત્યાનું એ કારણ બની જશે. માત્ર ધર્મ કે વંશના જ નહિ પણ બધી જ જાતની સંકુચિતતા અને એકાંગિતાનાં કવચ ફોડી નાખી મુક્ત વિશાળ જીવન જીવવાનો સમય હવે પાકી ગયો છે. માનવજાતિનો આ અપૂર્વ મુક્તિ મહોત્સવ છે. આ છે હિમાલયનો જીવનસંદેશ!"[૨૯]

આમ, હિમાલયની વિપુલ સમૃદ્ધિનો પ્રથમ અને ચિત્રાત્મક પરિચય કાકાસાહેબે કરાવ્યો છે. એટલું જ નહીં પણ સહૃદયને હિમાલયની ભક્તિ કરતો કરી દીધો છે. હિમલાયના ત્રણેય ગ્રંથો વિષય ને શૈલીનિરૂપણ તરીકે પણ યશસ્વી સાબિત થયા છે. ભાષામાં અલંકારો ને વર્ણનોમાં ચિત્રાત્મકતાને કારણે હિમાલયનું દર્શન સાક્ષાત્ થયું છે. તેમનાં ત્રણેય પુસ્તકો હિમાલયવિષયક ન બની રહેતાં લેખકની પ્રકૃતિપ્રીતિસમા ને દર્શનની તૃપ્તિનો અહેસાસ કરાવે છે.

**ગ્રંથસૂચિઃ**


૧. હિમાલયનો પ્રવાસ, કાલેલકર, કાકાસાહેબ, નવજીવન, અમદાવાદ, ૨૦૦૬ (પુનર્મુદ્રણ)

૨. ભારત દર્શન-૪, કાલેલકર, કાકાસાહેબ, વોરા એન્ડ કંપની, મુંબઈ, ૧૯૬૮

૩. રખડવાનો આનંદ, કાલેલકર, કાકાસાહેબ, નવજીવન, અમદાવાદ, ૨૦૦૯ (દ્વિ.આ.નું પુનર્મુદ્રણ, ૨૦૦૯)


**પાદટીપઃ**

૧. સાહિત્યલોક, પૃ. ૧૬૪
૨. હિમાલયનો પ્રવાસ, પ્રસ્તાવના, પૃ. ૧૧-૧૨
૩. એજન, પૃ. ૧૨
૪. એજન, પૃ. ૪૪
૫. એજન, પૃ. ૪૪-૪૫
૬. ભારતદર્શન-૪, પૃ. ૨૦
૭. રખડવાનો આનંદ, પૃ. ૨૪૮
૮. હિમાલયનો પ્રવાસ, પૃ. ૪૬
૯. એજન, પૃ. ૪૬
૧૦. એજન, પૃ. ૪૫
૧૧. એજન, પૃ. ૫૦
૧૨. એજન, પૃ. ૫૪
૧૩. એજન, પૃ. ૫૭
૧૪. ભારત દર્શન-૪, પૃ. ૧૧૦
૧૫. એજન, પૃ. ૭૮
૧૬. હિમાલયનો પ્રવા, પૃ. ૧૧-૧૦
૧૭. ભારત દર્શન-૪, પૃ. ૯
૧૮. એજન, પૃ. ૨૩
૧૯. એજન, પૃ. ૧૧
૨૦. હિમાલયનો પ્રવા, પ્રસ્તાવના, પૃ. ૫
૨૧. એજન, પૃ. ૫૨
૨૨. ભારત દર્શન-૪, પૃ. ૬૬
૨૩. એજન, પૃ. ૬૬
૨૪. એજન, પૃ. ૭૫
૨૫. એજન, પૃ. ૧૦૭
૨૬. રખડવાનો આનંદ, પૃ. ૨૪૯
૨૭. હિમાલયનો પ્રવાસ, પૃ. ૧૪
૨૮. ભારત દર્શન-૪, પૃ. ૭૪
૨૯. એજન, પૃ. ૭૧


(વ્યાખ્યાતા - ગુજરાતી વિભાગ,
એ.જે.પી.બી. આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, કનકપુર, અબડાસા,
જિ. કચ્છ. પીનઃ ૩૭૦ ૬૫૦. મો.: ૯૪૦૮૨૮૩૯૮૩)

## ભારત-જાપાન સંબંધોઃ નવા આયામ

**કૃષ્ણકાંત જોશી**

ભારતના વડાપ્રધાન ડૉ. મનમોહન સિંઘ ૨૭ મેથી ૨૯ મે, ૨૦૧૩ ત્રણ દિવસના જાપાન પ્રવાસે જઈ આવ્યા. જાપાન સાથે રાજદ્વારી સંબંધો સ્થપાયાને ૬૦ વરસ ૧૯૧૨માં પૂરા થયા તે નિમિત્તેની ઊજવણીના ભાગરૂપે વડાપ્રધાન શિન્ઝો આબેએ તેમને આમંત્રણ આપ્યું હતું. આમ પણ દર વરસે બંને વડાપ્રધાનોની શિખર મંત્રણા યોજવાનો ક્રમ છે. ભારત અને જાપાન એશિયાની મહાસત્તાઓ છે અને તેમની વચ્ચે ઘણું સામ્ય છે. બંને લોકશાહી, સ્વતંત્રતા અને કાયદાના શાસન જેવાં મૂલ્યોને વરેલાં છે અને તેમની વચ્ચે ગાઢ અને બહુયામી સંબંધો અસ્તિત્વમાં છે. અલબત્ત અણુ વિસ્ફોટ બાદ આ સંબંધોમાં શિથિલતા આવી હતી, પણ હવે નવા આયામો શરૂ કરાયા છે. ૨૦૦૮માં ભારત-જાપાન સુરક્ષા કરાર થયા બાદ ભારત સંબંધોની દૃષ્ટિએ અમેરિકા અને ઓસ્ટ્રેલિયાની હરોળમાં આવી ગયું છે, કારણ આ બંને દેશો સાથે પણ જાપાનના સુરક્ષા કરાર છે.

વડાપ્રધાન આબે છેલ્લા બે દશકથી લથડી રહેલા જાપાની અર્થતંત્રને સંવારવાનો પ્રયત્ન કરી રહ્યા છે. ચીન જાપાનને હટાવી વિશ્વનું સૌથી બીજું મોટું અર્થતંત્ર બની ગયું છે અને તેની હાંક વાગે છે. ભારત તેને ત્રીજા સ્થાનેથી પછાડવાની કગારમાં છે. વિશ્વના અર્થતંત્રમાં ખસકતું સ્થાન અને ચીન સાથે ટાપુઓના ઝઘડાએ જાપાનમાં બદલાવની સ્થિતિ પેદા કરી છે. આબે હવે ઉદ્યોગોને પુનઃ ઉજાગર કરવામાં લાગી ગયા છે અને તેઓ અણુ નિકાસમાં પણ ગતિ લાવવા માગે છે. ચીન સાથે લડાખના બનાવો બાદ ભારત પણ ચેત્યું છે અને એશિયામાં સ્થિરતા લાવવા જાપાન સાથે મિત્રતા દૃઢ બનાવવાની પેરવીમાં છે. ચીનને એ જ ડર છે કે જાપાન ભારત સહિતના વિકસી રહેલા દેશો જેવા કે ઈન્ડોનેશિયા, દક્ષિણ કોરિયા અને વિયેટનામ સાથે મળીને તેને ઘેરવાનો પ્રયત્ન કરી રહ્યું છે. જેથી ચીનનો આર્થિક પ્રભાવ અંકુશમાં રહે અને તેની ઉદ્દંડતા પ્રમાણમાં ઓછી થાય.

આ પરિપ્રેક્ષ્યમાં વડાપ્રધાન સિંઘની જાપાન મુલાકાત જેતાં લાગે છે કે તેમણે સમય બરાબર સાધ્યો છે. આ મુલાકાતનો હેતુ દ્વિપક્ષી સંબંધોને મજબૂત બનાવવાનો તો છે જ, પણ સાથોસાથ બંને દેશો પ્રાદેશિક અને વૈશ્વિક સ્તરે પોતાના હિતો જાળવવા સંબંધોને વધુ સુદૃઢ અને ધારદાર બનાવવા માગે છે તે પણ ઉપસી આવે છે. ભારત અને જાપાન વચ્ચે વ્યૂહાત્મક અને વૈશ્વિક ભાગીદારી કરાર તો થયા જ છે અને આ પ્રવાસ બંને દેશો વચ્ચે રાજકીય, આર્થિક, સુરક્ષા અને અન્ય ક્ષેત્રોમાં સહકારને વધુ સુદૃઢ બનાવશે તે દેખાઈ આવે છે. તે ઉપરાંત આ પ્રવાસ દરમિયાન બંને દેશો વચ્ચે ઊંડી રાજકીય મસલતો થઈ છે અને લશ્કરી, ઊર્જા અને મૂડી રોકાણ ક્ષેત્રે વધુ સહયોગ કરવાની જરૂરત સમજાઈ છે. આ સિવાય અઘરું હોવા છતાંય, બિનલશ્કરી પરમાણુ ઊર્જા સહયોગ સાધવાનો પ્રયાસ પણ થયો છે. ભારત જાપાનનો સૌથી મોટો ઓડા લોન મેળવાનાર દેશ છે. સિંચાઈ અને નાણાકીય ક્ષેત્રે પણ બંને વચ્ચે વ્યાપક સહકાર છે. જો બંને વચ્ચે અણુ ટેકનોલોજી અંગે સહકાર થાય તો સંબંધો નવી ઊંચાઈને આંબે. પણ તે માટે હજી રાહ જોવી પડશે તેવું લાગે છે.

વડાપ્રધાન સિંઘ તેમની જાપાન મુલાકાત દરમિયાન મુખ્ત્વે ચાર કાર્યક્રમમાં હાજર રહ્યા. ૧. વડાપ્રધાન આબે સાથે શિખર મંત્રણા, ૨. જાપાનના શહેનશાહની મુલાકાત, ૩. જાપાની વ્યાપારી સંગઠન કેઈડારનીનને સંબોધન અને ૪. ઈન્ટરનેશનલ ફ્રેન્ડશીપ એક્સચેન્જ કાન્સિલને સંબોધન. આ કાર્યક્રમોમાં જે ફલિત થયું તે ભારત-જાપાન સંબંધોનો નિર્દેશ કરે છે. સિંઘે શહેનશાહ અકિહિતોની મુલાકાતમાં તેમને તથા સમ્રાજ્ઞી મિચિકોને ભારત આવવાનું આમંત્રણ આપ્યું, જેનો સ્વીકાર થતાં બંને આ વરતનાં અંતમાં ભારત આવશે. ભાગ્યે જ શહેનશાહ દેશ બહાર જાય છે તે દૃષ્ટિએ આ મહત્ત્વનું પગલું છે. જાપાની ઉદ્યોગપતિઓ, વ્યાપારીઓ, અને

જાપાન-ભારત એસોસિએશનને સંબોધતાં સિંઘે જાપાની ઉદ્યોગપતિઓને ભારતમાં રોકાણ વધારવા આમંત્રણ આપ્યું. તેમણે જણાવ્યું કે ભારત અને જાપાન એશિયામાં મુખ્ય પરિબળો છે અને તેમની વચ્ચે મેળ શાંતિ, સુરક્ષા અને ઉન્નતિ માટે ચાવીરૂપ છે. હાલમાં બંને દેશો વચ્ચેનો ૧૮ અજબ ડૉલરનો વેપાર સામર્થ્ય કરતાં ખૂબ જ ઓછો છે. ચીન સાથે ભારતનો વેપાર ૭૬ અબજ ડૉલરનો છે. આથી તેમણે પૂરી શક્તિ સાથે આ વેપારને વિસ્તારવાની વાત જાપાની ઉદ્યોગપતિઓ સમક્ષ મૂકી.

ઈન્ટરનેશનલ ફ્રેન્ડશીપ એક્સચેન્જ કાઉન્સિલને સંબોધતાં વડાપ્રધાન સિંઘે જણાવ્યું કે હિંદ અને પ્રશાંત મહાસાગરની સુરક્ષા પૂરા વિશ્વની આર્થિક ઉન્નતિ માટે ખૂબ જ જરૂરી છે. તેમણે સંવાદ અને સહયોગ વધારવા શક્તિશાળી પ્રાદેશિક તંત્ર અને મંચ રચવાની વાત પર પણ ભાર મૂક્યો જેથી મતભેદો દૂર કરવા પારસ્પરિક સ્વીકાર્ય સિદ્ધાંતો વિકસાવી શકાય. તેમણે જણાવ્યું કે ભારત અર્થવ્યવસ્થાને મજબૂત કરવા વ્યાપક પગલાં લઈ રહ્યું છે. મલ્ટી બ્રાન્ડ રિટેલ અને નાગરિક ઉડ્ડયન ક્ષેત્રોમાં વિદેશી રોકાણને ઉદાર બનાવાયું છે. ભારતમાં માળખાકીય ક્ષેત્રમાં ૧ લાખ કરોડ ડૉલરના નિવેશનો લક્ષ્યાંક છે અને જાપાન માટે સહકારની સુંદર તક રહેલી છે.

૨૯મી મેના રોજ બંને વડાપ્રધાનો વચ્ચે શિખર મંત્રણા યોજાઈ અને દ્વિપક્ષી, પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર વ્યાપક વાતો થઈ. બંને વડાપ્રધાનોએ ભારત-જાપાન સંબંધોને, ખાસ કરીને વ્યૂહાત્મક અને વૈશ્વિક ભાગીદારીને બદલાતા વ્યૂહાત્મક પરિપ્રેક્ષ્યમાં, વધુ દૃઢીભૂત અને મજબૂત બનાવાવનો નિર્ધાર જાહેર કર્યો. મંત્રણા બાદ જાહેર કરાયેલા સંયુક્ત નિવેદનમાં સમજૂતી સધાયેલા તમામ મુદ્દાઓને આવરી લેવાયા છે. બંને વડાપ્રધાનોએ ભારત અને જાપાન વચ્ચે વિવિધ ક્ષેત્રમાં, જેવા કે આર્થિક, સંરક્ષણ, સાઈબર અને આતંકવાદ બાબત, અનેક કક્ષાએ ચાલી રહેલા પરસ્પર વિનિયોગ અને સંવાદને બહાલી આપી. બંને દેશોએ જળ માર્ગોની સુરક્ષા માટે નૌકાદાળની સંયુક્ત કવાયતોને નિયમિત રીતે યોજવાનો નિર્ણય લીધો છે. બંને દેશો વચ્ચે છેલ્લી કવાયત જૂન ૨૦૧૨માં જાપાન તટ પર યોજાઈ હતી. બંને દેશોએ એ પણ નક્કી કર્યું કે તેઓ યુ.એસ.-૨ પ્રકારના એમ્ફિબિયન એરક્રાફ્ટ (આકાશમાં ઊડે અને જળમાં તરે તેવાં) વિમાનોના નિર્માણમાં અને ઉચ્ચ સૈન્ય અને અંતરિક્ષ ટેકનોલોજી ક્ષેત્રે પણ સહયોગ કરશે. જાપાને બાહેંધરી આપી છે કે તે ભારતના માળખાકીય વિકાસ અને માનવ શ્રોતના વિકાસ માટે ઓડા લોનનું સ્તર પણ ઊંચું લઈ જશે.

જાપાને ભારતમાં ૮ પ્રકલ્પો માટે ૩૫૩.૧૦૬ બિલિયનની યેન લોનની જોગવાઈ પણ કરી છે. જેમાં મુંબઈ મેટ્રો લાઈન-૩ માટે ૭૧ બિલિયન યેન, આઈ. આઈ.ટી. હૈદરાબાદ ફેઝ-૨ માટે ૧૭.૭ બિલિયન યેન અને તમિલનાડુ રોકાણ પ્રોત્સાહન કાર્યક્રમમાં ૧૩ બિલિયન યેન લોનનો સમાવેશ થાય છે. બંને દેશો વચ્ચે મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેનના શક્યતા અભ્યાસ બાબત પણ સમજૂતી થઈ છે. આ પ્રકલ્પ ૬,૦૦૦ કરોડનો છે અને જાપાન તે ભંડોળ પૂરું પાડશે. તે સિવાય જાપાન દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રિયલ કોરિડોર અને દિલ્હી-મુંબઈ ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર પ્રકલ્પોમાં પણ સહાય કરશે. જાપાને ચેન્નાઈ-બેંગલુરૂ ઈન્ડસ્ટ્રિયલ કોરિડોરમાં પણ સહકાર કરવાની તૈયારી બતાવી છે. બંને દેશોએ તેમની વચ્ચે થયેલા વ્યાપક આર્થિક ભાગીદારી કરારના અન્વયે મૂડી રોકાણ અને વેપાર વધારવાનો પણ સંકલ્પ જાહેર કર્યો છે, અને ખાસ કરીને માલસામાન અને સેવાકીય ક્ષેત્રમાં વેપાર બહોળો બનાવવાની નેમ પણ જાહેર કરી છે.

બંને દેશોએ નાગરિક અણુ સહકાર મુદ્દે વાર્તાલાપ ચાલુ રાખી અને ટૂંક સમયમાં તેનો નિવેડો લાવવાનું નક્કી કર્યું છે. જાપાન આ મુદ્દે સાવચેત છે કારણ આ બાબતે બંને દેશોની વિચારણા ભિન્ન છે. જાપાન પરમાણુ અ-પ્રસાર સંધિ (એન.પી.ટી.) અને વ્યાપક પરીક્ષણ પ્રતિબંધ કરાર (સી.ટી.બી.ટી.)નું પક્ષધર છે, જ્યારે ભારતે આ બંને કરાર સ્વીકાર્યા નથી. જો કે જાપાને ખાતરી આપી છે કે ભારતનો અ-પ્રસાર વિક્રમ જોતાં તે ભારતને આંતરરાષ્ટ્રીય અણુ નિકાસ અંકુશ હકૂમતનો પૂર્ણ સભ્ય બનાવવા તમામ પ્રયાસ કરશે. આથી ભારત અણુ પુરવઠા જૂથ (એન.એસ.જી.)નું અંગ બની શકશે. આ મુલાકાતનો સૌથી મહત્ત્વનો મુદ્દો એ છે કે જાપાન અને ભારત બંને નાગરિક અણુ સહકાર વાર્તાલાપને ઝડપી બનાવવા સંમત થયા છે અને બે વારસમાં આ ડીલ થઈ જશે તેવી આશા વ્યક્ત કરી છે.

(૬, પ્રયોશા એપાર્ટમેન્ટ, ૫૧, જગાભાઈ પાર્ક,
BAPS સ્વામિનારાયણ મંદિર, મણિનગર,
અમદાવાદ ૩૮૦ ૦૦૮. મો.: ૯૯૭૪૧૬૦૮૬૦)

## ચીની વડાપ્રધાનની ભારત મુલાકાત

### વિજય દવે

ભારતની મુલાકાતે આવી ગયેલા ચીનના વડાપ્રધાનના લી કિક્યાંગને એ વાતની પ્રતીતિ જરૂર થઈ ગઈ હશે કે આજનું ભારત એ ૧૯૬૦ના દાયકાનું ભારત નથી. જોકે ચીનની દગાબાજીની પ્રકૃતિમાં કોઈ બદલાવ આવ્યો હોવાનું માની શકાય તેમ નથી. લીની ભારતની મુલાકાતના માત્ર એક સપ્તાહમાં જ ચીને ભારતની સરહદમાં પાંચ કિલોમીટરનો રસ્તો નિર્માણ કરી નાખ્યો. લડાખની સરહદે ચીનના સૈનિકોની ઘૂસણખોરીનો વિવાદ હજુ તાજો જ છે. લીની મુલાકાત સમયે આ વિવાદ નિવારવા અને મુલાકાતને હેમખેમ પાર પાડવા માટે જ ચીને તેના સૈનિકોને પાછા બોલાવી લીધા હતા. અન્યથા લીની મુલાકાત ખોરંભે પડે તેવી સ્થિતિ સર્જાવાની હતી. હજુ ત્રણ મહિના પહેલાં જ ચીનના વડાપ્રધાન બનેલા લીના સૌ પ્રથમ વિદેશપ્રવાસને આવા અપશુકન થાય એવું ચીન ન ઇચ્છે એ સ્વાભાવિક છે. તેમણે વિદેશપ્રવાસમાં ભારતને પ્રથમ સ્થાન આપ્યું એવો સંકેત આપીને ભારત તેમને માટે ખાસ મહત્ત્વ ધરાવે છે એવું દર્શાવવાનો પ્રયાસ ભલે કર્યો, પરંતુ ભારતમાં લી પ્રત્યે કે ચીન પ્રત્યે કોઈ ખાસ અહોભાવની લાગણી જન્મી ન હતી તેની નોંધે લેવી જોઈએ. લીનો ઈરાદો એવો હતો કે મનમોહનસિંહની 'નબળી' સરકાર પાસેથી પોતાની કેટલીક વાતો મનાવી લેવી. આ ઈરાદો સફળ થયો નહીં. મનમોહનસિંહની નબળી સરકારનો શબ્દપ્રયોગ અહીં સૂચક રીતે કરવામાં આવ્યો છે. કેમ કે, ચીનનું વર્તમાન ભારત સરકાર વિશેનું આકલન આવું જ છે. વિદેશપ્રધાન સલમાન ખુરશીદની નવમી મેની ચીનની મુલાકાત પછી બિજીંગમાં પહેલીવાર ભારત વિશે પ્રગટ કરવામાં આવેલી 'બ્લ્યુ બુક'માં એવું કહેવાયું છે કે ભારતીય નેતૃત્વ ગંભીર કટોકટીમાંતી પસાર થઈ રહ્યું છે. ૩૦૦ પાનાની આ પુસ્તિકામાં એવો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે કૌભાંડો, યુપીએમાં મતભેદો અને આર્થિક કટોકટીના કારણોસર મનમોહન સરકારની ઈમેજ બગડી છે. સરકાર ૨૦૦૯ પછી અત્યાર સુધીના સૌથી ગંભીર સંકટનો સામનો કરી રહી છે. ભારતની વર્તમાન સરકાર વિશે ચીન શું માને છે. આ ઉલ્લેખો પરથી સમજી શકાય છે. આવા પરિપ્રેક્ષ્યમાં ચીનના વડાપ્રધાન ભારત આવ્યા હતા. ખરી વાત કદાચ એ છે કે ચીનના વડાપ્રધાનને પાકિસ્તાન જવું હશે, પરંતુ ભારતની ઉપેક્ષા કરીને પાકિસ્તાન જઈને પાછા ચાલ્યા જવાનું હવે ચીનને પરવડે તેમ નથી. અગાઉ એવું બનતું કે ચીનના વડા ભારતને કોરાણે મૂકીને પાકિસ્તાન આવીને ચાલ્યા જાય. ભારત-ચીનના સંબંધો પણ હવે એવા સ્તરે છે કે ચીનના નેતાઓ ભારતની એવી ઉપેક્ષા કરી શકે નહીં. વર્તમાન સંજોગોમાં જો લી કિક્યાંગ માત્ર પાકિસ્તાનની મુલાકાત લઈને ચાલ્યા ગયા હોત તો ભારત સાથેના સંબંધો પર અકારણ ખરાબ અસર પડી હોત. લીએ ભારત આવીને એવી ઈમેજ ઉપસાવવાનો પ્રયાસ કર્યો છે કે ચીન ખરેખર ભારત સાથે મૈત્રી ઇચ્છે છે. તેમની મુલાકાતનો એક આશય એવો પણ હતો કે બંને દેશો વચ્ચેની મંત્રણાના એજન્ડામાં ચીન નવાં તત્ત્વોનો સમાવેશ કરાવવા ઇચ્છતું હતું. જોકે તેમાં તેને સફળતા મળી નથી.

વડાપ્રધાન મનમોહનસિંહે લડાખમાં ચીની સૈનિકોની ઘૂસણખોરીને 'ઘટના' તરીકે વર્ણવી તેની સામે ભારતમાં કેટલાકે પ્રશ્નો ઉઠાવ્યા છે. ઘૂસણખોરીને બદલે 'ઘટના' શબ્દપ્રયોગ સામેનો વિરોધ સમજી શકાય તેવો છે, પંરતુ એ મુદ્દાને બહુ ચગાવવા જેવો નથી. 'ઘટના' શબ્દથી પણ ભારત શું કહેવા ઇચ્છે છે એ ચીનને સમજાઈ ગયું હોય ત્યારે માત્ર આ શબ્દને પકડીને બીજી મહત્ત્વની વાતો ભૂલાઈ જવી ન જોઈએ. જેમ કે, ચીન તિબેટ વિશેની પોતાની વાત મનાવી શક્યું નથી. સંયુક્ત નિવેદનમાં ભારતે તિબેટને ચીનનો અભિન્ન હિસ્સો ગણાવ્યું નથી. દલાઈ લામા વિરુદ્ધની પણ કોઈ વાતને રેકર્ડ પર લેવામાં આવી નથી. એશિયા-પ્રશાંત ક્ષેત્ર અંગે પણ ચીન જે ઇચ્છતું હતું એ તેને મળ્યું નથી. સરહદી વિવાદ અંગે કહેવામાં આવ્યું કે સમાધાન થાય ત્યાં સુધી બંને પક્ષ ભૂતકાળની સમજૂતીને અનુરૂપ સરહદ પર શાંતિ અને સ્થિરતા જાળવી રાખશે. 'વહેલામાં વહેલી તકે સમાધાન'ની ચીનની નવી નીતિને સંયુક્ત નિવેદનમાં સ્થાન અપાયું નથી. 'ઘટના' શબ્દપ્રયોગ પાછળનો આશય એવો જણાયો છે કે ભારત અને ચીન – બંને કોઈ રાજદ્વારી તમાશો ન થાય અને ભવિષ્યની સંભાવનો પર પ્રતિકૂળ અસર ન પડે તેમ ઇચ્છતા હતા. સંયુક્ત નિવેદનનો મતલબ એટલો જ છે કે બંને દેશ પોતપોતાની સુવિચારિત નીતિઓને વળગી રહ્યા છે. ચીન તેના સદાબહાર દોસ્ત પાકિસ્તાન સાથેના સંબંધને ગાઢ બનાવતું રહેશે તો ભારત પણ ચીનને ન ગમતું

હોય તો પણ તેને ચીઢવવા માટે અમેરિકા, જાપાન, વિયેતનામ અને અન્ય દેશો સાથેના સંબંધોને ઉષ્માપૂર્ણ રીતે જાળવી રાખશે.

જાહેર ઘોષણા અને પ્રતિબદ્ધતાના આધારે ભારત એવી અપેક્ષા રાખી શકે કે સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદના વિસ્તરણ અને તેમાં ભારતના સભ્યપદ અંગે ચીન ભવિષ્યમાં વિરોધ નહીં કરે અથવા કમસે કમ એટલી અપેક્ષા રહે જ છે કે ચીન ભારત-વિરોધી વલણમાં નરમાશ આવશે. અલબત્ત, આ ડિપ્લોમેટિક બાબતને હાર-જીતના ચશ્માથી જોવાનું યોગ્ય નહીં ગણાય. ચીનના વડાપ્રધાને તેમના વિદેશ પ્રવાસની શરૂઆત ભારતથી કરી ભારતને વિશેષ મહત્ત્વ આપવાનો પ્રયાસ કર્યો ત્યારે વડાપ્રધાન મનમોહનસિંહે પણ તેનો એવો જ અસાધારણ પ્રતિસાદ આપ્યો. મનમોહનસિંહે પ્રોટોકોલથી ઉપરવટ જઈને બીજા દિવસની વિધિવત્ મંત્રણા પહેલાં મુલાકાતના પ્રથમ દિવસે સાંજે જ લીને તેમના નિવાસસ્થાને અલગથી વાતચીત માટે બોલાવી લીધા હતા. ડીનર પરની વાતચીત પહેલાં બંને વડાપ્રધાનો એકલા મળ્યા. એ પછી ચુનંદા સાથીઓ સાથે બેઠક યોજાઈ. બંને વડાપ્રધાનો એકલા મળ્યા ત્યારે શું વાતચીત થઈ એ વિશે બંને પક્ષોએ મૌન સેવ્યું છે.

ચીન સાથેની વાતચીતમાં ભારતે બ્રહ્મપુત્રા નદી પર ચીન દ્વારા બંધો બાંધવાની યોજના સામે નારાજી વ્યક્ત કરી. એક મુદ્દો ભારત-ચીન વચ્ચે વેપારની સમતુલાનો હતો. અત્યારે ચીનમાંથી આયાતો મોટા પ્રમાણમાં થાય છે, જ્યારે ભારતમાંથી નિકાસનું પ્રમાણ ઘણું ઓછું છે. ભારત માટે એ ચિંતાનો વિષય છે. ભારતીય માલસામાન માટે ચીનના દરવાજા વધુ ખુલ્લા કરવાની માગણી ભારતે કરી છે. ચીનની નજર ભારતના બજાર પર છે, એ જાણીતી વાત છે. પરંતુ જો વેપારની સમતુલા નહીં જળવાય તો એ વેપાર સંબંધ ગાઢ બનવાનો નથી.

ચીન ભારતને સીમા રક્ષા સહયોગ અંગે સમજૂતી કરવાનો આગ્રહ કરી રહ્યું છે. આ મુદ્દે વાતચીત ચાલે છે અને તેને ચાલુ રાખવાનું નક્કી થયું છે. ભારત એ માટે ઉતાવળ કરવામાં માનતું નથી. સરહદી વિવાદનો ઉકેલ ન આવે ત્યાં સુધી આવી સમજૂતીનો કોઈ મતલબ નથી. બે મહિના પહેલા ચીને ભારત સમક્ષ એવી દરખાસ્ત રજૂ કરી હતી કે વાસ્તવિક નિયંત્રણ રેખા પર બંને દેશ પરસ્પર વિશ્વાસ વધારવા માટે નવા ઉપાયો યોજવા સંમત થાય. આ નવા ઉપાયો એટલે શું? ચીન એવું કહે છે કે વાસ્તવિક નિયંત્રણ રેખા પર



બંને દેશોએ લશ્કરી માળખાગત સુવિધાઓનું નિર્માણ કરવું નહીં અને સૈન્યને સામસામે ગોઠવવાનું ટાળવું તેમજ સૈનિકોનું પ્રમાણ ઓછું કરવું. ભારતે ચીનની આ દરખાસ્ત માનવાનો ઈન્કાર કરી દીધો છે. તેનું કારણ એ છે કે ચીને પોતાના વિસ્તારમાં થોડા પાછળના ભાગે આવી માળખાગત સુવિધાઓનું નિર્માણ કરેલું જ છે. હવે એ ભારતને એમ ન કરવા સમજાવે છે. લડાખમાં ચીની સૈનિકોની ઘૂસણખોરી વખતે પણ પાછા જવા માટે ચીન એવી શરત મૂકતું હતું કે ભારતે સરહદ પર બનાવેલા લશ્કરી બંકરો તોડી પાડવા. આવી શરતો કોઈ સંજોગોમાં સ્વીકારી શકાય નહીં. અલબત્ત, લી કિક્યાંગની ભારત મુલાકાતના સંદર્ભમાં ભારતે આ વાત કંઈક અંશે સ્વીકારી હોવાના અહેવાલો છે. જોકે સરકાર સત્તાવાર રીતે તેનો ઈનકાર કરે છે.

એકંદરે ચીનના વડાપ્રદાનની ભારત મુલાકાત સફળ અને લાભદાયી ગણાવાય છે. પરંતુ વાસ્તવમાં આ મુલાકાતની ફલશ્રુતિ અંગે ઉતાવળે કોઈ આકલન કરવા જેવું નથી. વિદેશી મહાનુભાવોની મુલાકાત વેળાએ ચહેરા પર વિલસતા હાસ્ય-સ્મિતને ઉષ્મા-ઉત્સાહની લાગણીના સંબંધ-સૂત્રની દૃષ્ટિએ જોઈ શકાય નહીં એ હાસ્યમાં મુત્સદ્દીગીરી અને પ્રોટોકોલના વિધિવિધાન અંકિત થયેલા હોય છે.


લેખક ભક્ત વલ્લભ ધોળા કૉલેજના કાર્યકારી આચાર્ય અને ડિગ્નિટી સામયિકના માનદ તંત્રી છે.

(૧૨, પુષ્પદેવ સોસાયટી, રેડિયો મિર્ચી પાસે, સેટેલાઈટ, અમદાવાદ – ૩૮૦ ૦૧૫. મો.છ ૯૪૨૬૧૭૭૯૮૩)

## અકાળે યૌવન બક્ષતા – અંતઃ સ્રાવ વિભાજકો

ઉર્વીશ છાયા

છેલ્લા કેટલાક સમયથી અમેરિકા, યુરોપ અને અન્ય દેશોમાં કેટલીક અસામાન્ય જૈવિક ઘટનાઓ બની જેમ કે પુરુષ જાતિની માછલીઓ સ્ત્રી જાતિના અંગો લઈને જન્મી રહી હતી, કેટલાક દેડકાઓ ચાર ને બદલે પાંચ કે ત્રણ પગવાળા જોવા મળ્યા. આમ તો આવી અસામાન્ય ઘટનાઓ ૧૯૮૦ના દાયકાથી વૈજ્ઞાનિકોના ધ્યાન પર આવતી રહી છે. જેમ કે ૧૯૮૧માં કેલિફોર્નિયા યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલ એક અભ્યાસમાં ગંગા ચકલીના પુરુષ પક્ષીઓમાં માદા ચકલીના પણ પ્રજનન અંગો જોવા મળ્યા, પરંતુ ચિંતાનો વિષય એ છે કે પશુ-પક્ષીમાં જોવા મળતી આવી આડઅસરો હવે ધીમે-ધીમે મનુષ્યો સુધી પહોંચી રહી છે.

ગત વર્ષે યુનાઈટેડ સ્ટેટ નેશન્સના એન્વાયરમેન્ટલ પ્રોગ્રામ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા યોજાયેલા 'સ્ટેટ ઓફ સાયન્સ ઓફ ધ એન્ડોક્રાઈન ડિસરપ્ટીંગ કેમિકલ્સઃ ૨૦૧૨' આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં ૮૦૦ જેટલા સજીવ સમુદાય માટે હાનિકારક હોય તેવા રસાયણોની યાદી પ્રકાશિત કરવામાં આવી હતી અને આ વર્ષે એટલે કે ૨૦૧૩માં પ્રકાશિત થયેલ યાદી મુજબ આવા રસાયણોની સંખ્યા ૧૩૦૦ ઉપર પહોંચી છે.

આપણા શરીરનું અંતઃસ્રાવી તંત્ર શરીરનાં અંગોને વિકાસ અને પરિપક્વતા બક્ષે છે. આ અંતઃસ્રાવો જુદી જુદી ગ્રંથિઓ જેવી કે પિટ્યૂટરી, થાઈરોઈડ, એડ્રિનલ, પેન્ક્રીઆઝ, અંડાશય, પુરુષ વૃષણ વગેરેમાં ઉત્પન્ન થાય છે. આવા અંતઃસ્રાવોની ઉત્પત્તિ નિયમિતપણે અને ચોક્કસ સમયે થાય તે જરૂરી છે. આવા અંતઃસ્રાવો લોહીમાં ભળી જૈવિક ક્રિયાઓનું નિયમન કરતા હોવાથી જો તેમની ઉત્પત્તિ અનિયમિત બને અને સમય કરતાં વહેલી કે મોડી થાય તો નાની ઉંમરે જ પરિપક્વતાના લક્ષણો દેખાવા માંડે છે, ઘણી વખત અંતઃસ્રાવોનું આવું અનિયમિત ઉત્પાદન પ્રોસ્ટેટ, વૃષણ, સ્તન અને થાઈરોઈડના કેન્સરમાં પણ પરિણમે છે.

આપણે એવા ઘણા રસાયણોના સંપર્કમાં આવીએ છીએ જે નૈસર્ગિક અંતઃસ્રાવોની મિમિક્રી કરે છે અને મૂળ અંતઃસ્રાવોના કાર્યને નુકસાન પહોંચાડે છે. આવા રસાયણોને 'એન્ડોક્રાઈન ડીસરાટર' અથવા 'અંતઃસ્રાવ વિભાજન' કહેવામાં આવે છે.

આવા અંતઃસ્રાવ વિભાજકોને ચાર-પાંચ સમૂહોમાં વર્ગીકૃત કરી શકાય. જેમાં ડીડીટી, પોલીક્લોરીનેટેડ બાઈફીનાઈલ, બિસ્ફીનોલ-એ, પોલી બ્રોમીનેટેડ, ડાઈફીનાઈલ ઈથર અને થેલેટસનો સમાવેશ કરી શકાય. આ બધા પૈકી બિસ્ફીનોલ-એ બહુ બ્હોળો વપરાશ ધરાવતું રસાયણ છે. આ રસાયણનો ઉપયોગ પોલી કાર્બોનેટ પ્લાસ્ટિક બનાવવામાં થાય છે જેનો આગળ જતા મીનરલ વોટરની બોટલો, સીડી, ડીવીડી, સેલ્યુલર ફોન, કૉમ્પ્યુટર્સ, ઘરવપરાશનાં સાધનો જેવાં કે વોશીંગ મશીન, વેક્યુમ ક્લીનર, વગેરેમાં થાય છે. બિસ્ફીનોલ-એ થી જ બનતા ઈપોક્સી રેઝીનનો ઉપયોગ ઔદ્યોગિક ફ્લોરીંગ, એડહેસીવ્સ, પાવડર કોટીંગ અને પ્રિન્ટેડ સ્ટાર્કટ બોર્ડ વગેરેમાં થાય છે.

જ્યારે ઉપરોક્ત વસ્તુઓનો ઘનકચરા સ્વરૂપે નિકાલ કરવામાં આવે છે ત્યારે બિસ્ફીનોલ-એ સમયાંતરે પર્યાવરણના વિવિધ સ્રોતોમાં ભળે છે, પંરતુ આ રસાયણ પાણીમાં દ્રાવ્ય ન હોવાને કારણે વિવિધ સ્રોતોમાં રહેલા સૂક્ષ્મ જીવાણુઓ કે અન્ય સજીવો દ્વારા તેમનું વિઘટન કે રૂપાંતરણ થઈ શકતું નથી અને આથી આવા તત્ત્વો શરીરમાં પ્રવેશે છે.

પ્રાણીઓમાં કે મનુષ્યોમાં આવા રસાયણોનો ખાત્મો બોલાવી શકે તેવી કોઈ પ્રણાલી નથી, પરંતુ સૂક્ષ્ણ જીવાણુઓમાં ખાસ કરીને અમુક પ્રકારની ફૂગ

એવા ઉત્સેચકોનું ઉત્પાદન કરે છે જે 'બિસ્ફીનોલ-એ'નું વિઘટન અથવા રૂપાંતરણ કરી તેને ઓછા હાનિકારક રસાયણોમાં ફેરવી શકે છે.

વૈજ્ઞાનિકોએ આ દિશામાં ઘણા સંશોધન હાથ ધર્યા છે. જર્નલ ઓફ હેઝાર્ડસ મટીરીઅલ્સના એક પ્રકાશિત થયેલા સંશોધન પ્રમાણે આવાં રસાયણો આપણા શરીરમાં પ્રવેશે તે પહેલાં જ તેમનો ખાત્મો બોલાવવા માટે વિવિધ પ્રણાલીઓ આકાર લઈ રહી છે.

ઘણી રાસાયણિક અને ભૌતિક પ્રક્રિયાઓ જેવી કે ઈલેક્ટ્રોકેમિકલ પ્રોસેસ, સોનોકેમિકલ ડિગ્રેડેશન, ઓઝોનાઈઝેશન, રાસાયણિક અને ઉત્સેચકીય ઓક્સિડેશન, મેમ્બરેન ફિલ્ટરેશન વગેરે પ્રક્રિયાઓનો આવા રસાયણોનો પ્રદૂષણિત પાણીમાંથી નિકાલ કરવા ઉપયોગ થઈ શકે છે.

સૂક્ષ્ણ જીવાણુઓના ઘણા ઉત્સેચકો કે જે આવા ફિનોલિક સમૂહ ધરાવતા રસાયણોનું સક્રિય ખંડન કરતા હોય છે, જેમાં લેકેઝ, મેંગેનીઝ પેરોક્સિડેઝ, લિગ્નીન પેરોક્સિડેઝ, ઓક્સિડેઝ વગેરે રસાયણોના મૂળભૂત માળખાને વેર-વિખેર કરી નાખે છે અને આથી તેમની હાનિકારકતા ઓછી થઈ જાય છે.

આપણે અગાઉ જોઈ ગયા તેમ આ રસાયણો પાણીમાં દ્રાવ્ય હોતા નથી જ્યારે ઉત્સેચકો એવા જ રસાયણો ઉપર અસરકારક નીવડે છે જે પાણીમાં દ્રાવ્ય હોય.

હવે જો આવા ઉત્સેચકોને સૂક્ષ્મજીવોમાંથી અલગ તારવીને નોન-પોલર કાર્બનિક દ્રાવકો કે જેમાં આવા રસાયણો દ્રાવ્ય હોય તેનો ઉપયોગ કરવામાં આવે તો આ પ્રણાલીમાં આવા ઉત્સેચકોને કાર્બનિક દ્રાવક અને સરફેક્ટન્ટના મિશ્રણમાં ભેળવી દઈ શકાય છે. આમ કરવાથી ઉત્સેચકમાં રહેલા પાણીના અણુઓ સરફેક્ટન્ટ સાથે એક વર્તુળાકાર સાંકળ સ્વરૂપ સંરચના બનાવે છે જેમાં ઉત્સેચક કેદ થઈ જાય છે. જેમની ફરતે બિસ્ફીનોલ-એ જેવા રસાયણો દ્રાવ્ય હોય તેવા દ્રાવકોનું આવરણ રહેલું હોય છે. આ પ્રકારની પ્રણાલીને 'રીવર્સ માઈસેલ્સ' તરીકે ઓળખવામાં આવે છે. આવા માઈસેલ્સ એક નેનો રીએક્ટર તરીકે વર્તે છે અને 'બિસ્ફીનોલ-એ' જેવા રસાયણોનું વિઘટન કરી નાખે છે. આવા ઉત્સેચકો દ્વારા વિઘટિત અથવા રૂપાંતરિત અવશેષો કોષિકાઓ ઉપર રહેલા અંતઃસ્રાવ ધારકો (રીસેપ્ટર્સ) સાથે જોડાઈ શકતા નથી અને આથી તેમના દ્વારા થતી આડઅસરોનો વિલય થાય છે.

હાલમાં ૨૦૦૦ કરતા વધારે રસાયણો બજારમાં છે જે આપણા સીધા સંપર્કમાં છે. આવા રસાયણો ઝેરી અસર પેદા કરે છે કે કેમ તે જાણવા માટેના સાદા ટેસ્ટ પણ કરવામાં આવતા નથી ત્યારે આપણે જો નીચેની બાબતો પ્રત્યે ધ્યાન આપીશું તો આવા રસાયણોની આડ-અસરથી બચી શકાશે.

૧) શક્ય હોય ત્યાં સુધી ઓર્ગેનિક ખેતીથી પકવેલ શાકભાજી અને અનાજ વાપરવાનો આગ્રહ રાખવો.

૨) જંતુનાશક દવાઓ, મોસ્કીટો રીપલન્ટ વગેરેનો અતિશય ઉપયોગ ટાળવો.

૩) માઈક્રોવેવ ઓવનમાં પ્લાસ્ટિકના વાસણો ન વાપરવા.

૪) નાનકડા શિશુઓને પ્લાસ્ટિકના ટીથર કે રમકડાં ન આપવાં.

૫) ઈલેક્ટ્રોનિક્સ ગેઝેટ્સનો જ્યાં-ત્યાં નિકાલ કરવાને બદલે તેમનું રીસાઈકલીંગ કરવું.

૬) મીનરલ વૉટરની બોટલ એકવાર ખાલી થયા પછી પાણી પીવા માટે તેનો વારંવાર ઉપયોગ ન કરવો.

ઉપરોક્ત દર્શાવેલ સંશોધનો તો હજી પ્રયોગશાળાને સ્તરે સફળ થયાં છે, અને આમ જનજીવનમાં તેમની ઉપયોગિતા સિદ્ધ થતાં હજી અમુક વર્ષો નીકળી જાય તેમ છે. ત્યારે જો આપણે ઉપરોક્ત બાબતો પ્રત્યે સજાગ બનીશું તો આપણા શરીરમાં કોઈ 'કેમિકલ લોચો' નહિ પડે.

(વિષય સંદર્ભઃ કે.આર. ચૌધરી, ફ્યૂચર સાયન્સ, ગુજરાત સમાચાર, ૩-૩-૨૦૧૨)

(આસિસ્ટન્ટ પ્રોફેસર, માઈક્રોબાયોલોજી,
એન.વી. પટેલ કૉલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઈડ સાયન્સીઝ,
વલ્લભ વિદ્યાનગર. મો.: ૯૮૨૫૪૦૯૩૯૮)

# આયુર્વેદનું પ્રથમ સોપાન – પથ્ય અપથ્ય

**અમીતા વ્યાસ**

**એ.આર.વી. મૂર્તિ**

સ્વાસ્થ્ય, આરોગ્ય, નિરોગી આયુષ્ય આ બધા પર્યાયવાચી શબ્દો મનુષ્ય કે પ્રાણીશરીર સાથે જોડાયેલા છે. સ્વાસ્થ્ય એ જીવંત શરીર માટે શબ્દપ્રયોગ છે. જેની વ્યાખ્યા આયુર્વેદશાસ્ત્ર જેવી બીજે ક્યાંય નથી.

**समदोष समाग्निश्च समधातुमलक्रियः ।**
**प्रसन्नात्मेन्द्रियमनाः स्वस्थइत्यभिधीयते ॥**

આયુર્વેદશાસ્ત્રમાં દોષ, ધાતુ, મલનું ખૂબ મહત્ત્વ છે. ત્રિદોષ, સપ્તધાતુ, ત્રણ મલ જો યોગ્ય સમાવસ્થામાં હોય આ ઉપરાંત મન, આત્મા, ઈન્દ્રિય પ્રસન્ન હોય તેને આયુર્વેદમાં સ્વસ્થની વ્યાખ્યામાં નિરૂપિત કરવામાં આવ્યો છે.

સ્વસ્થ રહેવા માટે તેમજ દોષને સમાવસ્થામાં રાખવા માટે યોગ્ય આહારનું સેવન કરવું જરૂરી છે. જેને ધ્યાનમાં રાખીને જે આયુર્વેદ શાસ્ત્રમાં પથ્ય અપથ્યનું વર્ણન કરવામાં આવ્યું છે, તેનું આપણી રોજિંદી દિનચર્યામાં તેમજ જીવનશૈલીમાં ખૂબ જ મહત્ત્વ છે.

સામાન્ય રીતે દરેક મનુષ્ય આયુર્વેદ બાબતે એવી વિચારસરણી ધરાવે છે કે આયુર્વેદ દવા લેવામાં ખૂબ જ પરેજી પાળવી પડતી હોય છે, જે સત્ય છે. આયુર્વેદ દવાના સેવન દરમ્યાન જ નહીં પરંતુ જે વ્યક્તિની પોતાની પ્રકૃતિ તેમજ પોતાના રોગ પ્રમાણે પથ્ય અપથ્યનો વિચાર કરે. અર્થાત્ સમાન્ય ભાષામાં 'પરેજી' પાળે તો તે વ્યક્તિ ઓછી દવાનું સેવન કરીને પણ સ્વાસ્થ્યમય રહી શકે છે. ગુજરાતીમાં કહેવત છે કે 'અન્ન એવો ઓડકાર.'

આધુનિક યુગનો મનુષ્ય પોતાના શરીરને કયો આહાર અનુકૂળ છે તેનાથી ખૂબ જ અજાણ છે. આપણી પ્રાચીન ભોજનની પદ્ધતિ આજે રહી નથી. આજનો માનવી જંકફૂડ જેવો ખોરાકનો વધુ ઉપયોગ કરી પોતાના શરીરમાં વિષ નાખે છે અને પ્રાચીન સમય કરતાં અત્યારના અર્વાચીન (આધુનિક) યુગમાં નાની ઉંમરે ઘણા રોગો જોવા મળે છે જેનું કારણ અપથ્ય આહારનું સેવન છે. જેથી પથ્ય અને અપથ્ય એટલુ શું? તે જાણવું અનિવાર્ય છે.

**પથ્યઃ**

**पथिहितं पथां पथ्योऽनपेतं पथ्यं ।**
**पथ्यं पेयो उन्नपेयम यद्य चोलाम् मानसं प्रियम् ॥**

જે અન્ન કે લેવા યોગ્ય પદાર્થ મનને પ્રિય અને શરીર માટે હિતકર છે તે પથ્ય.

સામાન્ય રીતે જે આહાર વ્યક્તિની પ્રકૃતિ અને રોગ પ્રમાણે અનુકૂળ છે તે પથ્ય છે.

**અપથ્યઃ**

જે અહિતકર છે, જેનું સેવન રોગ વધારનાર છે તે અપથ્ય.

જે આહાર પ્રકૃતિથી પ્રતિકૂળ છે, જે રોગ કરે છે તે અપથ્ય.

જેપી રીતે 'દેશે-દેશે ભિન્નભિન્ન ભાષા' તે જ રીતે વ્યક્તિ વ્યક્તિએ અલગ અલગ પ્રકૃતિ હોઈ તેમના માટે પથ્ય અપથ્ય અલગ હોય છે.

**સામાન્ય પથ્યાપથ્યઃ**

| | હિતકારક-પથ્ય | અહિતકારક-અપથ્ય |
|---|---|---|
| ધાન્ય | રક્તશાલિ (લાલ ચોખા) | યવક |
| કઠોળ | મગ | અડદ |
| લવણ (મીઠું) | સૈંધવ | વડાગરુ મીઠું |
| શાક | જીવન્તી (ડોડી) | સરસવ |
| ઘી | ગાયનું ઘી | ઘેટાંનું ઘી |
| દૂધ | ગાયનું દૂધ | ઘેટાંનું દૂધ |
| કંદ | આદુ | બટાટા |
| ઈક્ષુવિકાર | શર્કરા | ફાણિત |
| ફળ | અંગુર (દ્રાક્ષ) | ફણસ |

આયુર્વેદ શાસ્ત્રમાં સામાન્ય રીતે ઉપર બતાવેલ અમુક દ્રવ્યો પથ્ય અને અપથ્ય જણાવેલ છે.

પથ્ય અપથ્ય અન્નમાં આહારદ્રવ્ય, તેને કઈ રીતે લેવું, તેની બનાવટ દરેકનો મહત્ત્વનો ભાગ રહેલો છે.

**વિરુદ્ધ આહારઃ**

પથ્ય અપથ્યની અંતર્ગત વિરુદ્ધ આહારનો પણ સમાવેશ થાય છે. સામાન્ય રીતે વિરુદ્ધ આહારનું સેવન રોગને નોતરે છે.

વિરુદ્ધ આહારમાં ઉદારણ તરીકે દૂધ સાથે ખાટાં ફળો (સંતરાં, દાડમ)નું સેવન, તલ સાથે ગોળનું સેવન વગેરે.

મહર્ષિ કશ્યપે પથ્ય અને અપથ્યના સંદર્ભમાં બતાવેલ છે કે,

**पथ्यं सेविनामारोग्यं गुणाते भजते नरम् ।**
**अपथ्यं सेविनं क्षिप्रं रोगः समभिमर्दने ॥**

અર્થાત્ પથ્ય પાલનથી મનુષ્યને આરોગ્ય પ્રાપ્તિ થાય છે. જ્યારે અપથ્ય મનુષ્યને હંમેશાં રોગિષ્ટ રહે છે.

(એસ.જી. પટેલ આયુર્વેદ હૉસ્પિટલ એન્ડ મેટરનીટી હૉમ, ન્યૂ વલ્લભ વિદ્યાનગર)

## सच में पाक कब्जे वाला कश्मीर भारत का है?

### सुरेश एस. डुग्गर

भारतीय संसद द्वारा पाकिस्तानी कब्जे वाले कश्मीर को भारत का अभिन्न अंग बताने वाला २२ फरवरी १९९४ को पारित किया गया प्रस्ताव शायद राजौरी के अहीती गांव में पैछा हुए मुहम्मद मुंशी पर लागू नहीं होता है। अगर ऐसा होता तो उसे भारत सरकार अपना नागरिक मानने से इंकार क्यों करती? उसे जिन्दगी की अंतिम सांसें जन्मस्थली पर ही लेने से मना क्यों किया जा रहा है। उसका आखिर कसूर क्या है? कोई बताने को तैयार नहीं है।

मुहम्मद मुंशी का जन्म अविभाज्य भारत में जम्मू कश्मीर के राजौरी जिले में वर्ष १९४३ में हुआ। ऐसे में उसे भारत का ही नागरिक माना गया। लेकिन उसके बुरे दिन वर्ष १९६५ के भारत-पाक युद्ध के दौरान शुरू हुए थे जब वह अन्य लोगों की ही तरह युद्ध के भय के कारण पाक कब्जे वाले कश्मीर में चला गया था।

युद्ध की समाप्ति के बाद उसका दिल अपनी जन्मभूमि पर आने को तड़पने लगा। उसने बहुतेरी कोशिश की पर उसे भारत आने की अनुमति नहीं मिली। अंततः वह पाकिस्तानी पासपोर्ट पर वीजा लेकर १९८३ में भारत आ गया। भारत आने के बाद उसने अहीती गांव की ही फरजंदा बेगम से निकाह कर लिया। नब्बे दिनों का वीजा समाप्त होने के बाद उसे वापस पाकिस्तानी कब्जे वाले कश्मीर के मीरपुर इलाके में जाना पड़ा।

निकाह के करीब चार साल तक पाकिस्तानी कब्जे वाले कश्मीर के मीरपुर में रहने के बाद मुहम्मद मुंशी एक बार फिर वीजा लेकर राजौरी आ गया। इस बार उसका परिवार भी साथ था। वर्ष १९८७ में वह राजौरी आया तो उसके बाद वह वापस पाकिस्तानी कब्जे वाले कश्मीर में गया ही नहीं।

मुहम्मद मुंशी के प्रति कई चौंकाने वाले तथ्य है। १९८७ में राजौरी वापस आने के बाद उसके २ बेटे और ६ बेटियां यहीं पैदा हुई। उसके बाद राज्य में होने वाले विधानसभा और संसदीय चुनावों में भी वह अपने परिवार के साथ वोट डालता रहा। यही नहीं वर्ष २०११ के पंचायत चुनावों में भी उसने किस्मत आजमाने का प्रयास किया।

अपनी जन्मस्थली पर रहने की उसकी चाहत पर उस समय ग्रहण लग गया जब केंद्रीय गृहमंत्रालय ने उसे पाकिस्तानी नागरिक करार देते हुए उसे पाकिस्तानी कब्जे वाले कश्मीर में वापस भेजने का निर्देश सुना दिया। केंद्रीय गृहमंत्रालय के इस आदेश होम/१६८ दिनांक ३१ जनवरी २०१३ के तहत मुहम्मद मुंशी को पाकिस्तानी नागरिक घोषित किया गया था और उसे वापस भिजवाने की हिदायत दी गई थी। हालांकि जम्मू कश्मीर हाईकोर्ट ने केंद्रीय गृहमंत्रालय के इस आदेश पर रोक लगाते हुए केंद्र सरकार से जवाब मांगा है।

यह जवाब मुहम्मद मुंशी की याचिका पर मांगा गया है जो यह कहती है कि वह भारत का ही नागरिक है। क्योंकि वह यहीं जनमा और यहीं पला ब.ढा हुआ है। जबकि उसने अपनी याचिका में एक सवाल यह भी उठाया है कि माना कि वह वर्ष १९६५ से लेकर १९८७ तक के २२ साल के अरसे के बीच पाकिस्तानी कब्जे वाले कश्मीर में रहा है तो भी वह भारत का ही नागरिक कहलाएगा क्योंकि भारतीय संसद द्वारा २२ फरवरी १९९४ को पारित किया गया प्रस्ताव कहता है कि पाकिस्तानी कब्जे वाला कश्मीर जम्मू कश्मीर का ही हिस्सा है और भारत का अभिन्न अंग है।

वैसे यह कोई पहला या अकेला मामला नहीं है कि भारत में पैदा हुए नागरिक तनाव, युद्ध की छाया और आतंकवाद के कारण जम्मू कश्मीर के नागरिक एलओसी को पार कर पाकिस्तानी कब्जे वाले कश्मीर के इलाकों में जाकर बस गए हों और अब वे जिन्दगी के अंतिम दिन अपने वतन की मिट्टी में ही गुजारना चाहते हैं। पर उन सब पर केंद्र सरकार २२ फरवरी १९९४ के प्रस्ताव को लागू ही नहीं करना चाहती। ऐसा कर वह उस प्रस्ताव की अहमियत को ही कम कर रही है। उसकी कार्रवाई यह शंका भी पैदा करती है कि शायद ही

भारत सरकार पाकिस्तानी कब्जे वाले कश्मीर को वापस ले पाए क्योंकि अगर वह उसे जम्मू कश्मीर का अभिन्न हिस्सा मानती है तो वहां के उन नागरिकों का प्रत्यर्पण वह क्यों करना चाहती है जो जम्मू कश्मीर के इस हिस्से से किन्ही कारणों से उस ओर चले गए थे।

ऐसी ही कथा उस कश्मीर से आने वाले गुलाम मुहम्मद की है जो अपनी जिन्दगी के अंतिम दिन अब यहीं पर अपने पैतृक गांव में गुजारना चाहता है। उसने ऐसा करने की कोशिश की तो कामयाबी नहीं मिली लेकिन यहां पर अधिक से अधिक दिन गुजार लेने की खातिर अब उसने जो बहाना बनाया वह तीर निशाने पर जा लगा। उसने कोर्ट में गुहार लगाई थी कि वह यहीं पर अपनी किडनी और दिल का इलाज करवाना चाहता है। उसके बहाने परे कोर्ट ने अनुमति दे दी तो वह अब अपने दिल के इलाज के बिना उस पार नहीं जा पाएगा जबकि वह उम्र के अंतिम पड़ाव पर है।

राजौरी के बुद्धल तहसील के रहने वाला १०७ वर्षीय नवाबद्दीन १९६५ में घुसपैठियों के साथ उस कश्मीर चला गया था। उनका परिवार राजौरी में ही रह गया था। वह भी यहां पर दो गज जमीन की चाहत में आ गया और उसने भी यहां की नागरिकता लेने के लिए जम्मू कश्मीर हाईकोर्ट में गुहार लगाई थी। जिस पर उन्हें उनके पैतृक गांव राजनगर में रहने की अनुमति दे दी गई थी।

सईद आलम शाह, जो की मूल रूप से मेंढर के सुरहेती गांव के निवासी हैं, अपनी उम्र के सत्तर बसंत देख चुके हैं और वह अब अपना आखिरी वक्त कश्मीर के इस हिस्से में गुजारना चाहते हैं। वे चाहते हैं वह भारत की जमीन में ही दफन हो।

पुंछ जिले के मेंढर कस्बे के जगाल गांव से १९६५ के युद्ध में उस कश्मीर चले जाने वाले हाजी फजल हुसैन की भी अब यही चाहत है कि वह इस गांव को तरक्की की राह पर ले जाए और वह इसी गांव में रह कर अपनी सांस को निकलाना चाहता है।

यह हैं कुछ उदाहरण उन लोगों के जो उस कश्मीर अर्थात पाकिस्तानी कब्जे वाले कश्मीर से इस ओर आए तो वापस लौटना नहीं चाहते और चाहते हैं कि उनका दम यहीं पर निकले। यह पूरी तरह से सच है कि पाकिस्तानी कब्जे वाले कश्मीर से आने वाले नागरिकों में अपने वतन की मिट्टी में दफन होने की इच्छा ब.ढने लगी है।

पहले ही प्रशासन तथा भारत सरकार के लिए सिरदर्द बने १०७ साल के नवाबद्दीन का मसला समस्या बना हुआ था कि अब एक और उस पार के नागरिक ने यहीं दफन होने की अनुमति चाहते हुए ऐलान कर दिया है कि उसे चाहे गोली मार दो पर वह वापस नहीं लौटेगा।

उस कश्मीर से इस कश्मीर आने वालों को 'अपनी धरती' का मोह नहीं छोड़ पा रहा है। अगर ऐसे में नवाबद्दीन और सईद आलम शाह यहीं रह कर जिन्दगी के अंतिम दिन गिनना चाहते हैं तो अब गुलाम मुहम्मद ने इसके लिए जो बहाना चुना वह लाजवाब है। वह चाहता है कि उसकी कि डनी और उसके दिल का इलाज यहीं पर हो और इलाज से पहले उसे पाकिस्तानी कब्जे वाले कश्मीर में वापस जाने को मजबूर न किया जाए। इसे पहले हाजी फजल हुसैन ने तो अपने पैतृक गांव में विकास कार्य पूरा होने तक वापस न जाने के लिए दबाव बनाया था।

पुंछ के लोरन गांव में अपने रिश्तेदारों से मिलने के लिए उस पार से आने वाले गुलाम मुहम्मद ने राज्य उच्च न्यायालय में अर्जी देकर बकायदा इसकी अनुमति ले ली थी कि जब तक उसके दिल और किडनी का इलाज नहीं हो जाता उसे उस कश्मीर वापस न भिजवाया जाए।

वैसे जानकारी के मुताबिक, गुलाम मुहम्मद अपनी जिन्दगी के अंतिम दिन अब यहीं पर अपने पैतृक गांव में गुजारना चाहता था। उसने ऐसा करने की कोशिश की तो कामयाबी नहीं मिली लेकिन यहां पर अधिक से अधिक दिन गुजार लेने की खातिर अब उसने जो बहाना बनाया वह तीर निशाने पर जा लगा और अपने दिल के इलाज के बिना वह उस पार नहीं जा पाएगा जबकि वह उम्र के अंतिम पड़ाव पर है। उस पार से इस ओर आकर फिर यहीं पर उम्र के अंतिम दिनों को काटने की इच्छा प्रकट करने और हाईकोर्ट से स्टे लेने वाला गुलाम अहमद ही अकेला शख्स नहीं है।

१०७ साल के नवाबदीन के बाद कुछ ऐसी ही इच्छा जाहिर की है सईद आलम शाह ने, जो की मूल रूप से मेंढर के सुरहेती गांव के निवासी हैं। अपनी उम्र के सत्तर बसंत देख चुके सत्तर वर्षीय वृद्ध सईद अपना आखिरी वक्त इसी देश में गुजारना चाहते हैं। वो चाहते हैं वह भारत की जमीन में ही दफन हो।

सईद पर भी देश के बंटवारे ने बिजली गिराई थी। उन्हें भी कई लोगों की तरह अपने देश की धरती छोड़कर उस पार जाना पड़ा था पर वहां पहुंचकर भी उनका दिल हमेशा हिन्दुस्तान की यादों में डूबा रहा और जब उनसे इंतजार सहन नहीं हुआ तो वह सीमा को लांघकर अपने वतन आ गए परंतु उनके यहां रहने की ख्वाहिश के बीच में कानून आड़े आ गया। इसके लिए अब उन्होंने जम्मू कश्मीर हाईकोर्ट में गुहार लगाई है।

सईद आलम शाह के मुताबिक, वह देश के बंटवारे के समय पाकिस्तान चले गए थे और अब वीजा पर भारत आए हैं। बंटवारे के समय उस कश्मीर गए शाह ने अपने आखिरी दिन जिला पुंछ की मेंढर के सुरहेती गांव में बिताने के लिए हाईकोर्ट में एक याचिका दायर की है। उन्होंने अदालत से गुहार लगाई है कि उसे जम्मू कश्मीर के स्थाई नागरिक होने का दर्जा दिया जाए।

वह अपनी याचिका में कहते हैं कि उसने भारतीय नागरिकता लेने के लिए केंद्रीय गृह मंत्रालय से भी संपर्क किया है। इसके अलावा याचिका में यह भी कहा गया कि वीजा की अवधि समाप्त होने पर उसे वापस पाक लौटना पड़ेगा, लिहाजा उसने अदालत में सरकार से गुहार लगाई कि वह उसे जम्मू कश्मीर के स्थाई नागरिक होने का दर्जा दिया जाए ताकि उसके प्रत्यर्पण की नौबत न आए। इतना जरूरहै कि अपनी याचिका में सईद आलम कहते हैं कि उन्हें चाहे गोली मार दी जाए पर वे अपना मुल्क छोड़ कर नहीं जाना चाहते हैं।

गौरतलब है कि इससे पहले राजौरी के बुद्धल तहसील के रहने वाले १०७ वर्षीय नवाबदीन १९६५ में घुसपैठियों के साथ उस कश्मीर चले गए थे। उनका परिवार राजौरी में ही रह गया था। उन्होंने भी भारत आने की पाक सरकार से गुजारिश की थी। कुछ माह पहले वो भी यहां पर दो गज जमीन की चाहत में आ गए थे और उन्होंने भी यहां की नागरिकता लेने के लिए जम्मू कश्मीर हाईकोर्ट में गुहार लगाई थी। जिस पर उन्हें उनके पैतृक गांव राजनगर में रहने की अनुमति दे दी गई थी। नवाबदीन को स्वास्थ्य खराब होने की वजह से जिला अस्पताल में उपचार के लिए भर्ती करा दिया गया था, जहां पर वे सोमवार शाम तक तो रहा लेकिन मंगलवार सुबह वह गायब हो चुका था। सूत्रों का कहना था कि वे अपने बेटे के पास बुद्धल वापस चला गया था और यही कह रहा था कि मुझे गोली मार दो लेकिन मैं वापस नहीं जाऊंगा।

यही नहीं पाकिस्तानी कब्जे वाले कश्मीर के हजीरा इलाके से आने वाले फकरद्दीन और सकीना बी की ठहरने की अवधि समाप्त होने के बावजूद वे वापस नहीं लौटे हैं। हालांकि वे मेंढर के सलानी गांव में जिस अपने रिश्तेदार मुहम्मद रशीद के घर पर पिछले १५ दिनों से रह रहे थे उसका कहना था कि दोनों कई दिनों से ही 'लापता' हैं।

वैसे यह कोई अकेला मामला नहीं है। कश्मीर आने वाला गुलाम कादिर राथर और जम्मू आने वाला अजमतुल्ला शेख भी वापसी से इंकार करने लगे हैं। वे उस पार के हालात को बयान करते हुए रो देते हैं और पाकिस्तानी हुकूमत द्वारा कश्मीरियों पर ढहाए जाने वाले जुल्मों की दास्तानें सुनाते हुए सबसे यही गुजारिश करते फिरते हैं कि बस उन्हें दो गज जमीन यहीं दे दी जाए ताकि वे सुकून से अंतिम सांस ले सकें।

उस कश्मीर से आने वाला एक और नागरिक वापस नहीं लौटना चाहता था लेकिन इतना जरूर है कि वह उस गांव की काया पलट कर रख देना चाहता था जहां वह पैदा हुआ था और जिस गांव की गलियों की मिट्टी की खुशबू आज भी उसके बदन से आती है। लेकिन दिक्कत उसके लिए यह थी कि भारतीय सरकार उसकी अवधि को बढ़ाने को तैयार नहीं थी जिस कारण उसे जबरदस्ती वापस धकेल दिया गया था।

हालांकि यह कोई पहली घटना भी नहीं है जिसमें उस कश्मीर से आने वालों ने वापस जाने से इंकार कर दिया हो। दर्जनभर ऐसी घटनाएं सामने आ चुकी हैं जिनमें पाकिस्तानी नागरिक लौटने से इंकार कर चुके हैं। जहां तक कि एक ने तो इस कश्मीर आकर दम भी तोड़ दिया था और कई अन्य यहीं पर दम तोड़ने की इच्छाएं लिए आ रहे हैं। नतीजतन राज्य सरकार के अधिकारियों के लिए यह सिरदर्द बनता जा जा रहा है क्योंकि हरेक पाक नागरिक अधिक से अधिक समय अपने बिछुड़े परिवारों के साथ काटना चाहता है।

(७१. एम, राजपुरा मंगोत्रियां, लेन न:२९,
अम्बेडकर स्कूल के पास, जम्मू-१८०००१ जम्मू कश्मीर
०९९०६३८८४११, ०९४१९१८०९४६)

## અવનવાં વસ્ત્રાભૂષણોનું આકર્ષણ

**પારુલટીના દોશી**

(શિક્ષણમહર્ષિ ડૉ. સી.એલ. પટેલના વડપણ હેઠળના ચારુતર વિદ્યામંડળે ભારતીય મહિલા વિશ્વકોશ તૈયાર કરવાનું ભગીરથ કાર્ય હાથ ધર્યું છે. આ પ્રકલ્પ હેઠળ વેદકાલીન સ્ત્રીઓ વિશે સંશોધનકાર્ય શરૂ થઈ ચૂક્યું છે. અહીં વૈદિક યુગની સ્ત્રીનાં વિવિધ પાસાં શ્રેણીબદ્ધ કરાયાં છે. આપનાં સૂચનો અને પ્રતિભાવોની પ્રતીક્ષા છે. - તંત્રી)

સુકુરીરા સ્વૌપશા... શતપથ બ્રાહ્મણમાં સ્ત્રી શણગાર અંગે નિરૂપાયેલા આ શબ્દોનો અર્થ છે: સ્ત્રીનું પૂર્ણ રૂપ એ છે કે તેણે માથે મુગટ ધારણ કર્યો હોય અને તેના વાળ સુંદર રીતે ગૂંથેલા હોય!

બ્રાહ્મણ યુગની સ્ત્રીઓ પોતાનાં રૂપ, સ્વરૂપ અને સૌંદર્ય વિશે અત્યંત સભાન હતી. સુંદર દેખાવા માટે અવનવાં અલંકારો ધારણ કરતી. અલંકારો બે પ્રકારનાં હતાં. સમ્ભાર અને બંધ કે બંધનીય. ઉપર પહેરાતાં અલંકારો સમ્ભાર અને શરીર પર બાંધવામાં આવતાં આભૂષણો બંધનીય કહેવાતાં.[૧] આ આભૂષણોથી સ્ત્રીઓ અંગ અંગ સજાવતી. ગ્રીવા, હાથ, કાન, કમર અને મસ્તકને શણગારતી. એ સમયના કેટલાક પ્રચલિત આભૂષણોનાં નામ આ પ્રમાણે છે: ઓપશ, સ્થાગર, માલ્ય, નિષ્ક, વિમુક્ત, રાસ્ના અને પ્રાકાશ...

'પ્રાકાશ એટલે કુંડળ જેવું કાનનું આભૂષણ...' ડૉ. સુષ્મા શુક્લએ 'વૈદિક વાઙ્મય મેં નારી'માં આ શબ્દો નોંધ્યા છે. તેમણે લખ્યું છે કે, 'પ્રાકાશ શબ્દ તૈતિરીય બ્રાહ્મણ તથા શતપથ બ્રાહ્મણમાં પ્રાપ્ત થાય છે. પ્રા એટલે ગોળ અને કાશ એટલે ચમકતું.' કેટલાક પાશ્ચાત્ય વિદ્વાનોએ પ્રાકાશનો અર્થ દર્પણ કર્યો છે. પણ તેનો સાચો અર્થ આભૂષણ થાય છે. કર્ણાભૂષણમાં પ્રવર્ત્યનો ઉલ્લેખ પણ કરાયો છે. તેનો અર્થ છે કાનમાં પહેરાતી એવી વાળી જેનું મોં એકમેક પર ચડેલું હોય!'[૨]

બ્રાહ્મણ સ્ત્રીઓ કર્ણાભૂષણની જેમ ગ્રીવામાં પણ અલંકારો ધારણ કરતી. ગળામાં પહેરાતાં આભૂષણોમાં માલ્ય, નિષ્ક અને વિમુક્તનો સમાવેશ થાય છે. માલ્ય એટલે માળા. ફૂલની માળા અથવા તો મણિઓની માળા. એ જ રીતે નિષ્ક એટલે ગળામાં પહેરાતો હાર.[૩] ઐતરેય બ્રાહ્મણમાં નિષ્કકંઠનો ઉલ્લેખ કરાયો છે. ડૉ. કમલાનાં મતે તે નિષ્ક નામના સિક્કાની માળાનું નામ હતું.[૪] નિષ્કની જેમ વિમુક્ત પણ ગળામાં પહેરાતો હાર હતો. તે મોતીનો બનેલો હાર હતો. તૈતિરીય બ્રાહ્મણમાં સ્થાગર પણ ગળામાં પહેરાતું આભૂષણ છે. સ્થાગર એટલે સુગંધિત દ્રવ્યનું બેનેલું આભૂષણ. તે જ રીતે રુકમ સુવર્ણનું વર્તુળાકાર આભૂષણ હતું. અને રુકમપાશ એટલે ગળામાં પહેરાતી સોનાની સાંકળી. આ જ પ્રકારનાં અન્ય આભૂષણ માટે હિરણ્યમયી સ્રજ શબ્દ પ્રયોજાયો છે. મણિને સૂત્રમાં લટકાવીને ગળામાં પહેરતી સ્ત્રીઓનો ઉલ્લેખ પણ બ્રાહ્મણ ગ્રંથોમાં કરાયો છે.[૫]

સ્ત્રીઓ ગ્રીવાની સાથે મસ્તકને પણ શણગારતી. મસ્તકના આભૂષણમાં મુખ્યત્વે ઓપશ શબ્દ જોવા મળે છે. ઓપશ એટલે ધાતુની પટ્ટી જે મસ્તક પર ઊંચી બાંધવામાં આવતી. આ પ્રકારની કપડાની પટ્ટી મસ્તક પર બાંધવાનો ઉલ્લેખ શતપથ બ્રાહ્મણના સોમયજ્ઞ પ્રકરણમાં થયો છે. એ જ રીતે મસ્તક પર બાંધવામાં આવતી નાની માળાના અર્થમાં સ્રગ તથા સ્રજ[૬] શબ્દ પ્રયોજાયા છે.

બ્રાહ્મણ યુગની સ્ત્રીઓ નાજુક નમણી કમરને પણ સજાવતી. કટિના આભૂષણ માટે રાસ્ના શબ્દનો ઉપયોગ કરાયો છે. રાસ્ના અટલે ત્રણ સેરની કરધની કે કમરપટ્ટો.[૭] ઉપરાંત હાથની કોમળ આંગળીઓ

વીંટીથી સજાવતી. વીંટી માટે બ્રાહ્મણ ગ્રંથમાં અંગૂઠી[૯] શબ્દ પ્રયોજાયો છે. એમ કહી શકાય કે એ યુગની સ્ત્રીઓ શૃંગારપ્રિય હતી!

સ્ત્રીઓ શૃંગારનો શોખ પૂરો કરવા વિવિધ ધાતુઓનાં ઘરેણાં પહેરતી. ડૉ. કૈલાશ ખન્નાની નોંધ પ્રમાણે, ઉત્તર વૈદિક કાળમાં આભૂષણોમાં પ્રગતિ થઈ હતી. સોના અને કીમતી પથ્થરો ઉપરાંત આર્યો ચાંદીનો ઉપયોગ પણ કરવા લાગ્યા હતા જેનું જ્ઞાન ઋગ્વૈદિક આર્યોને નહોતું.[૯] એ દૃષ્ટિએ આભૂષણોમાં નવીનતા આવી હતી.

ઉત્તર વૈદિક કાળમાં આભૂષણોની સાથે જ વસ્ત્રોમાં પણ વિવિધતા આવી હતી. સૂતર અને ઊની વસ્ત્રો ઉપરાંત રેશમી વસ્ત્રોના ઉપયોગનો પ્રારંભ થયો હતો. વિભિન્ન રંગોનાં અને સીવેલાં વસ્ત્રો અસ્તિત્વમાં આવ્યાં. કમરની નીચે પહેરાતા વાસ, ઉપરના હિસ્સામાં ધારણ કરાતા અધિવાસ અને નીવી ઉપરાંત તાર્પ્ય, પગડી, ઉત્તરીય અને કંબલ જેવાં વસ્ત્રોનો ઉપયોગ થવા લાગ્યો.[૧૦] ડૉ. વિમલાદેવી રાયની નોંધ પ્રમાણે, ‘શતપથ બ્રાહ્મણમાં તાર્પ્ય, પાણ્ડવ, અધિવાસ અને ઉષ્ણીષ એમ ચાર પ્રકારના વસ્ત્રનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તાર્પ્ય રેશમી વસ્ત્ર હતું જે અધિવાસના રૂપમાં પહેરાતું. પાણ્ડવ ઊની વસ્ત્ર હતું જે અધિવાસની ઉપર પહેરાતું. ઉષ્ણીષ પાઘડીને કહેતા. ઉપરાંત સ્ત્રીઓ યજ્ઞીય કર્મકાંડના અવસરે કૌષ નામનું વસ્ત્ર ધારણ કરતી.’[૧૧]

બ્રાહ્મણ યુગમાં વસ્ત્રો માટે સર્વાધિક પ્રચલિત શબ્દ વાસસ્ છે. શતપથ બ્રાહ્મણમાં ઉલ્લિખિત શલ્મલીનો છોડ એ કપાસનો છોડ હતો એવું વિદ્વાનો માને છે. તેમાં સૂતરના વસ્ત્રનો સંકેત મળે છે. ત્રિપર્ણ નામના છોડમાંથી બનનાર ત્રિપાણ વસ્ત્રનો ઉલ્લેખ પણ કરાયો છે. શ્રીમતી ઊર્મિલાદેવી શર્માએ લખ્યા પ્રમાણે, ‘એ સમયમાં અજિન-વાસિન એટલે કે મૃગ કે અજના ચર્મના પરિધાન પણ પ્રયુક્ત થતા. ઉપરાંત અધિવાસ, ચણ્ડાતક, પ્રાચીનાવીત તથા ઉષ્ણીષ નામના પરિધાનોનું વિવરણ મળે છે. અધિવાસ ઉપરી પરિધાન હતું. અંગરખા જેવું. ચણ્ડાતક એક ભીતરી વસ્ત્ર હતું જેને સ્ત્રીઓ ધારણ કરતી. અને પ્રાચીનાવીત સાયણ અનુસાર યજ્ઞોપવીત હતું. જોકે ટિળક તેને એક પ્રકારનું પરિધાન માને છે. એ સમયમાં ઉષ્ણીષ પહેરવાની પ્રથા સામાન્ય હતી. તેનો રંગ મુખ્યત્વે લાલ રહેતો.’[૧૨]

પ્રાચીન ભારતીય વસ્ત્રોની વિવિધતા અંગે વાત કર્યા પછી ઊર્મિલાદેવીએ નોંધ્યું છે કે, ‘શતપથ બ્રાહ્મણ અનુસાર સમસ્ત પ્રાણીજગતમાં સ્ત્રીપુરુષ જ વસ્ત્ર ધારણ કરે છે કારણ કે સભ્ય વ્યક્તિએ કોઈ ને કોઈ પ્રકારનાં વસ્ત્ર અવશ્ય પહેરવાં જોઈએ.’[૧૩] અને વસ્ત્રોની સાથે આભૂષણો ભળે તો સૌંદર્યમાં સુગંધ ભળે. કદાચ આ જ કારણસર વસ્ત્રાભૂષણને ચોસઠ કળામાં સ્થાન મળ્યું છે. એ મુજબ સ્ત્રીપુંસો વસ્ત્રાલંકારસધાનમ્ એટલે કે સ્ત્રી અને પુરુષોએ વસ્ત્રાલંકારો પહેરવાં!

**પાદનોંધઃ**

૧. ઋગ્વેદ મેં નારી, ડૉ. કમલા, પૃ. ૬૨

૨. વૈદિક વાઙ્મયમેં નારી, ડૉ. સુષ્મા શુક્લ, પૃ. ૭૦

૩. એજન, પૃ. ૬૯

૪. ઋગ્વેદ મેં નારી, પૃ. ૭૩

૫. શતપથ બ્રાહ્મણ – એક સાંસ્કૃતતિક અધ્યયન, શ્રીમતી ઊર્મિલાદેવી શર્મા, પૃ. ૧૨૪

૬. વૈદિક વાઙ્મયમેં નારી, પૃ. ૭૨

૭. એજન, પૃ. ૭૩

૮. ઋગ્વેદમેં નારી, પૃ. ૭૭

૯. પ્રાચીન ભારત કા ઇતિહાસ, ડૉ. કૈલાશ ખન્ના, પૃ. ૬૨

૧૦. એજન

૧૧. વેદકાલીન સમાજ ઔર સંસ્કૃતિ, ડૉ. વિમલાદેવી રાય, પૃ. ૬૩

૧૨. શતપથ બ્રાહ્મણ – એક સાંસ્કૃતિક અધ્યયન, પૃ. ૧૩૦

૧૩. એજન

(ક્રમશઃ)

(સીવીએમ બંગલો-૧૧, ગો.જો. શારદા મંદિર સામે,
ભાઈકાકા સ્ટેચ્યૂ પાસે, વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦,
જિ. આણંદ. મો.: ૯૮૯૮૦૭૦૨૦૫)

# Physical Fitness and Nation Building

**P. D. Sharma**

The present-day life, due to scientific developments, is enjoying the highest level of physical comforts ever known to man. Modern technology is trying hard to make our life easier, more luxurious, more comfortable but less vigorous. Hence throughout the world man appears to be living a more and more inactive life. He rides instead of walks, sits instead of stands, and watches instead of participates. At the same time, the modern man is also living in an age of competition and he is passing through a highly disturbed state of life, because our modern *world* is characterized *by* speed, noise, explosion of population, industrial pollution and similar other tension-producing factors.

Keeping above introduction in view we will discuss the topic <u>"Physical Fitness and Nation Building"</u> with the help of the following points :

(1) Concept of Physical Fitness.

(2) Exercise and Physical Fitness.

(3) Physical Education, Sports and Physical Fitness.

(4) Physical Fitness and Productivity.

(5) Physical Fitness and Balanced Living.

(6) Observations and Suggestions.

## 1. Concept of Physical Fitness.

Physical fitness is one's richest possession. It can't be purchased but can be earned through a daily routine of physical exercise. Physical fitness is a positive and dynamic quality on a continuum from abundant life to death. It is related to the ability to meet the demands of the environment specifically to preserve, to withstand stress, to resist the fatigue and to possess the energy for an abundant life. Different philosophers and sports scientists have expressed their views regarding the importance of physical fitness in human life. Shree Ramakrishna said, "Who is soft and weak minded like the puffed rice soaked in milk, is good for nothing; he can not achieve great success. But strong and vivid one is heroic. He is the accomplisher of everything in life."

The Greek philosopher and thinker, Aristotle stated, "Body is the temple of the soul, and to reach harmony of body, mind and spirit, the body must be physically fit." Williams said, "Physical Fitness is essential not only in terms of general health but also special physical requirement for competitive sports and certain highly specialized and demanding occupation." Uppal had given importance of physical fitness to the citizens of the nation. He stated, "It is self-evident that the fit citizens are nation's best assets and weak ones are liabilities. It is therefore the responsibility of every country to promote physical fitness of its citizens as it is the basic requirement for most of the tasks to be undertaken by an individual in his daily life."

The wealth of the nation resides in the health and vitality of its people. Every nation is becoming increasingly concerned about the physical fitness of its men, women and children recognizing that physical fitness is fundamental and contributory to happy and useful living in any capacity.

Adequate level of physical fitness should be developed early in life and then continuously maintained through regular participation in a well-designed activity programme to promote the total well being of an individual. Children should be fit for participation in the play activities of childhood, through which they develop organic vigour, strength and other fitness qualities.

## 2. Exercise and Physical Fitness

Exercise is a sort of food to the body. Predominance of the scientific evidence indicates that daily exercise stimulates the processes of growth and development. The research studies indicate that regular exercise

improves muscular strength, increases circulation of blood, increases respiration, efficient elimination of waste products from the body, increases metabolic changes that are responsible for increased efficiency of the total body and efficient activity of the nervous system due to regular input and output of healthy impulses.

If an individual has to keep himself 'fit' and healthy, it is necessary that he must do some physical activities daily. No research in physiology has been able to make it clear as to how much amount of vigorous physical exercise does a man need daily. However, it will be absurd also to reduce the period of activity to some numerical hours. The type of activity changes from person to person, age to age and its need from person to person. For example, in childhood, free play is the best medium of child development. Since children have no other serious business of life, they should be given maximum opportunity of utilizing these play periods through planned experiences in activity pursuits, which are mainly developmental. For them, play is as vigorous as other games and sports. In the youth period, planned vigorous activity is a must for building up vigour and complete fitness. Here again, the activity plan will differ from person to person depending upon his occupation, his need for exercise and availability of time and good diet. In old age, light exercises and games, yoga etc. are very helpful in sustaining strength and vigour through much of the process of development is considerably slowed down due to aging.

### 3. Physical Education, Sports and Physical Fitness

Physical education, sports, and physical fitness are inter-related terms. One of the important aims of every physical education and sports programme should be to develop physical fitness of the participants. The National Plan of Physical Education prepared in 1956 rightly pointed out that "The aim of Physical Education must be to make every child physically, mentally and emotionally fit and also to develop in him such personal and social qualities as well as help him to live happily with others and build him as a good citizen". Similarly, one of the educational values of sports is to contribute to physical fitness.

### 4. Physical Fitness and Productivity

Physical fitness and productivity are interwoven and directly proportionate terms. This is because a nation's productivity power depend on the physical fitness of its citizens. Labour, whether manual or mental, is directly related to one's physical capacity to sustain duties of his daily life. Physical fitness is the richest possession of an individual because it can only be developed through regular participation in sports and physical education programmes. If any nation wants to remain strong physically, mentally and socially, then there must be enough stress on the fitness of its citizens.

### 5. Physical Fitness and Balanced Living

Today modern life is facing different types of stresses–mental, social, economical, emotional and intellectual. Dr. Robert Milliken, a Nobel prize winner in science, has rightly said:" The age of invention brought the age of discovery, the age of discoveiybrought the age of power; the age of power has brought the age of leisure with its many unsolved problems". In this context, physical fitness can be of great service to our society by developing healthful and balanced ling's.

A well balanced Physical Education Programme also helps in developing health and physical fitness awareness amongst the participants. Fitness is generally explained as "the ability of an individual live a happy and well-balanced life. It involves not only physical but also intellectual, emotional, social and spiritual aspects of an individual or athlete. Interaction and interdependence of these phases of a man's health are such that any deviation from normal in any aspect of these components of fitness will make an individual unable to meet the demands placed on him by his work, excercise or way of life." Hence, it is the reponsibility of every country to promote the physical fitness

of its citizens. The joy of life and the thirst for abundant life are lost, unless we have been sustaining physical fitness. If a person's body grows soft and inactive and he fails to develop physical prowess, he is undermining his capacity for thought and work which are vital to life and society in a welfare state.

**6. Observations and Suggestions**

1. The major purpose, if not the ultimate aim, of any government is nation-building. This goal is more apparent in developing countries, such as India, than in advanced countries. Thus, the common goal of the National Programme of Physical Education and Sports should be to enable the human body to move more effectively and efficiently so as to maximize its owner's capacity to utilize his vocational competencies to contribute to nation-building.
2. There is a need to set up a National Council of Physical Education by the Ministry of Human Resource and Development, Government of India, to frame policies and programmes at the national level as weH^s advice State Governments and Universities on matters related to physical education.
3. There is a great need to popularize the mass programmes like ' Run for Health' and Sports for All' in the public through press, radio, television and sports documentaries, so as to develop health consciousness as well as need for physical fitness in a common man.
4. Every progressive country in the world has recognized the need for national physical fitness and has taken different kinds of measures to promote it. In India, even though physical fitness has been lauded as a great national need and asset, it has been given very little attention. Thus, a National Physical Fitness Council at the Centre, with a corresponding council in every state, should be set up to consider and assist in all measures intended to promote physical fitness among the people.
5. Finally, Eduction for physical fitness should be started at young age, so that the children become well aware of their emotional and physical well-being.

**REFERENCES**


1. Charles A. Bucher, Foundation of Physical Education. The C. A. Mosby Company, 1960, p. 67.
2. Harold M, Barrow, Man and Movement: Priciples of Physical Education, Lea & Febiger, Philadelphia, 1977, p.304.
3. Dorothy La Salle, Guidance of Children Through Physical Education, Harper & Row Publishers, New York, 1957, p.13.
4 Edward F. Voltmer and Artnur A. Easlinger, The Organization and Administration of Physical Education, Appleton - Century Crofts, Inc. New Youk, 1958, p,6.
5. For details see National Plan of Physical Education, prepared by the Central Advisory Board of Physical Education and Recreation, Government of India, 1956.
6. For details see the author's article " International Charter of Physical Education and Sport: An Estimate". Vyayam Vidyan, H. V. P. Mandal, Arnravati, August, 1981, pp. 1 -6.
7. For details see the author's paper "Need for Diversification of Courses in Physical Education Recreation", presented at the XVth Annual Conerence of the All India Association of Colleges of Physical Education, Bangalore University, December 14-15,1983.
8. For details see the author's paper " Role-effectiveness of the Sports Promoting Agncies in Relation to Promotion of Sports and Physical Education in India" presented at the First National Conference on Physical Education and Sports Sciences, L.N.C.P.E., Gwalior, February 22-24,1985.
9. A.K.Uppal, Physical Fitness: How to develop, Delhi, Friends Publications, 1992, p. 1.
10. For details see the author's paper "Role-Effectiveness of Physical Education For Quality of Life" presented at the National Seminar on Physical Education for Quality of Life held at Mugberia Gangadhar Mahavidyalaya, Bhupatinagar, Purba Medinipur, West Bengal, August 22-23,2009.



((B-1, Swiss Avenue, Patel Colony,
Opp. Manekbaug Hall, Ambawadi,
Ahmedabad - 380 015.
Ph.: (R) 079-26564650, M.: 9898870840))

## બોર્ડની જાહેર પરીક્ષાઓના પરિણામ

- **ટી.વી. પટેલ હાયર સેકન્ડરીઃ**

  (સામાન્ય પ્રવાહ)

  ધો. ૧૨ – પાસ - ૧૯૪, નાપાસ - ૨૨૫, કુલ - ૪૧૯, પરિણામ - ૨૬.30%

  વિશેષઃ કેન્દ્ર તથા શાળામાં પ્રથમઃ

  (૧) સોની અનુ બહાદુરસિંહ – રેન્ક એ-૨, પરસન્ટાઈલ ૯૯.૨૦. કેન્દ્ર તથા શાળામાં દ્વિતીય

  (૨) રૂધાણી હેલી શૈલેશકુમાર – રેન્ક બી-૨, પરસન્ટાઈલ – ૯૮.૫૧

  (૩) કેન્દ્ર તથા શાળામાં તૃતીય – પરમાર હિના વજેસિંહ – રેન્ક બી-૧, પરસન્ટાઈલ ૯૮.૦૫

- **આર.પી.ટી.પી. હાયર સેકન્ડરીઃ**

  (વિજ્ઞાન પ્રવાહ)

  ધો. ૧૨ – પાસ - ૯૬૬, નાપાસ - ૦૧૯, પરિણામ - ૯૮.૨૭%

  વિશેષઃ

  (૧) વર્મા સુમીત ભરતભાઈ, એ ગૃપમાં એ-૧, પરસન્ટાઈલ ૯૯.૯૯, જેઈઈમાં ૩૬૦માંથી ૨૩૯ (જિલ્લામાં પ્રથમ)

  પ્રથમ – વર્મા સુમીત ભરતભાઈ ગ્રેડ-એ-૧, પરસન્ટાઈલ રેન્ક ૯૯.૯૯, પરિણામ ૯૨.૮૦%

  દ્વિતીય – પટેલ સચિન મહેન્દ્રભાઈ, ગ્રેડ-એ-૨, પરસન્ટાઈલ રેન્ક ૯૯.૮૩, પરિણામ ૮૯.૬૦%

  તૃતીય – જિંદાલ ગૌરવ ગણેશરાય, ગ્રેડ-એ-૨, પરસન્ટાઈલ રેન્ક ૯૯.૮૪, પરિણામ ૮૮.૮૦%

- **સી.વી.એમ હાયર સેકન્ડરીઃ**

  (વ્યવસાયલક્ષી પ્રવાહ – ગૃહવિજ્ઞાન)

  ધો. ૧૨ – પાસ - ૭૬, નાપાસ - ૨૪, પરિણામ - ૭૬%

  વિશેષઃ

  શાળામાં પ્રથમ – હિંગુ શિવાંગીબેન દિલીપભાઈ, ગ્રેડ-એ-૨, પરસન્ટાઈલ ૯૯.૨૭, પરિણામ - ૮૨.૨૮%

  શાળામાં દ્વિતીય – પરમાર અંકિતાબેન કનુભાઈ, ગ્રેડ-એ-૨, પરસન્ટાઈલ ૯૯.૦૪, પરિણામ - ૮૧.૪૨%

  શાળામાં તૃતીય – મારવાડી માયાબેન નવરતમલ, ગ્રેડ-બી-૧, પરસન્ટાઈલ ૯૮.૧૯, પરિણામ - ૭૮.૨૮%

- **એમ.યુ. પટેલ (ટેક.) હાઈસ્કૂલઃ**

  એસ.એસ.સી. – ધો. ૧૦, પાસ - ૩૪૫, નાપાસ - ૪૨, પરિણામ - ૮૯.૧૫%

  શાળામાં પ્રથમ – ઝીંઝુવાડિયા નિકેત એમ., ગ્રેડ-એ-૧, પરસન્ટાઈલ - ૯૯.૯૮, પરિણામ - ૯૫.૧૭%

  શાળામાં દ્વિતીય – રેથળીયા પીયૂષ આર., ગ્રેડ-એ-૧, પરસન્ટાઈલ - ૯૯.૯૩, પરિણામ - ૯૩.૬૭%

  શાળામાં તૃતીય – પરમાર શેલીન એમ., ગ્રેડ-એ-૧, પરસન્ટાઈલ - ૯૯.૯૧, પરિણામ - ૯૩.૩૬%

- **ગો.જો. શારદામંદિરઃ**

  એસ.એસ.સી. ધો - ૧૦, પાસ - ૨૪૩, નાપાસ - ૩૧, પરિણામ - ૮૮.૬૮%

  શાળામાં પ્રથમ – સ્નેહલ લક્ષ્મણભાઈ કટારા, પરસન્ટાઈલ, ૯૯.૮૮ - પરિણામ ૯૩.00%

  શાળામાં દ્વિતીય – ધ્વનિ પ્રકાશભાઈ પટેલ, પરસન્ટાઈલ - ૯૯.૮૧, પરિણામ - ૯૨.૯૬%

  શાળામાં તૃતીય - કાજલ મુકેશભાઈ પટેલ, પરસન્ટાઈલ - ૯૯.૭૧, પરિણામ - ૯૧.૫૨%

- **એસ.ડી. દેસાઈ હાઈસ્કૂલઃ**

  એસ.એસ.સી. ધો-૧૦, પાસ - ૧૦૨, નાપાસ - ૧૪૧, પરિણામ ૪૧.૯૫%

  શાળામાં પ્રથમ – પ્રજાપતિ તેજસ જી., પરસન્ટાઈલ - ૮૮.૫૨, ગ્રેડ-બી-૧, પરિણામ - ૭૪.00%

  શાળામાં દ્વિતીય – ભોઈ અંકિત એસ., પરસન્ટાઈલ - ૮૧.૯૬, ગ્રેડ-બી-૨, પરિણામ - ૬૯.૮૩%

  શાળામાં તૃતીય – સભાડ પૃથ્વીરાજ એચ., પરસન્ટાઈલ - ૮૧.૩૭, ગ્રેડ-બી-૨, પરિણામ ૬૯.૦૫%

## : સૂચના :

૧. 'વિ-વિદ્યાનગર' વલ્લભવિદ્યાનગરના શૈક્ષણિક ટ્રસ્ટ ચારુતર વિદ્યામંડળ તરફથી દર માસે નિયમિત પ્રકાશિત થતું શિક્ષણ, સાહિત્ય અને સંસ્કારવિષયક સામગ્રી પીરસતું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક છે. માનવજીવનને ઉન્નતિકારક અને યુવાવર્ગને પ્રેરક, શિષ્ટ સરળ શૈલીમાં, મૌલિક, અનુવાદિત ઉપરાંત સંચય સ્વરૂપ (digest) માં પણ સામગ્રી આપવામાં આવે છે.

૨. ।વિ। માં મોકલેલું લખાણ મૌલિક હોવું જરૂરી છે. પ્રકાશન અર્થે કૃતિ મોકલતી વખતે લેખકે એની ઝેરોક્ષ નકલ પોતાની પાસે અવશ્ય રાખવી. તંત્રીને ઝેરોક્ષ નકલ મોકલવી નહિ. મૂળ લખાણ જ મોકલવું. લખાણ કાગળની એક બાજુએ, ફૂલસ્કેપ કાગળ પર હાંસિયો પાડીને જ મોકલવું જરૂરી છે. પોસ્ટકાર્ડ કે ઈનલેન્ડ પર મોકલેલું લખાણ પ્રકાશન માટે સ્વીકારવામાં આવશે નહિ. કૃતિના સ્વીકાર-અસ્વીકાર અંગેના નિર્ણયનો અધિકાર તંત્રી-સંપાદક મંડળનો રહેશે.

૩. સાધારણ રીતે લાંબા લેખોને અવકાશ ઓછો છે. લખાણ ટૂંકું અને મુદ્દાસર હોય એ જરૂરી છે. લખાણમાં અંગ્રેજી શબ્દનો ઉપયોગ કર્યો હોય ત્યાં સાથે કૌંસમાં ગુજરાતી પર્યાય આપવો આવશ્યક છે. લખાણ ગૂજરાત વિદ્યાપીઠના માન્ય જોડણીકોશ અનુસાર જોડણીમાં હોવું જરૂરી છે. લેખમાંના લખાણના અભિપ્રાયની જવાબદારી સંબંધિત લેખકની જ રહેશે; તંત્રી કે સંપાદક મંડળ એ અંગે જવાબદાર રહેશે નહીં.

૪. ।વિ। માં મોકલેલું લખાણ પ્રકાશન અર્થે અન્ય સામયિકને પણ મોકલેલું ન હોવું જોઈએ. એ અંગેની કાળજી તેમજ જવાબદારી લેખકે રાખવી જરૂરી છે. સામાન્ય રીતે એક-બે માસમાં કૃતિ પ્રકાશિત ન થાય તો અસ્વીકૃત કૃતિ પરત મોકલવાની પદ્ધતિ નથી. તેથી જવાબી ટપાલખર્ચ ન મોકલવું. પ્રત્યેક કૃતિ નીચે લેખકે પિનકોડ સાથેનું પૂરેપૂરું સરનામું અવશ્ય લખવું.

૫. 'વિ-વિદ્યાનગર' દર માસની પચીસમી તારીખે નિયમિતરૂપે પ્રકાશિત થાય છે. સામયિકનો અંક ચોક્સાઈથી રવાના કરવામાં આવે છે. ટપાલમાં અંક ગેરવલ્લે જાય તો તે અંગેની જવાબદારી સંસ્થાની નથી. અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રગટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે. અલબત્ત, અંક સિલકમાં હશે તો બીજી નકલ મોકલવામાં આવશે.

૬. લવાજમ વાર્ષિક / આજીવન રૂબરૂમાં — મની ઑર્ડરથી — બેન્ક ડ્રાફ્ટ — ચેકથી મોકલી શકાય. મનીઑર્ડરની કૂપનમાં ગ્રાહકે સ્પષ્ટ અક્ષરે પોતાનું નામ-સરનામું, પિનકોડ સાથે લખળું. બહારગામના બેન્ક ડ્રાફ્ટ / ચેકમાં લવાજમની રકમ ઉપરાંત રૂપિયા પાંત્રીસ ઉમેરવા. ગમે તે માસથી ગ્રાહક થઈ શકાય છે. લવાજમ 'ચારુતર વિદ્યામંડળ કાર્યાલય'ના નામે મોકલવું. દિવંગત થયેલા આજીવન ગ્રાહક અંગે તેમનાં સગાં-સંબંધીઓને તે વિશે કાર્યાલયને જાણ કરવા વિનંતી.

૭. વ્યવસ્થા અંગેનો તેમજ તંત્રી સાથેનો સઘળો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવોઃ

- **ડૉ. રાજેન્દ્રસિંહ જાડેજા, ચારુતર વિદ્યામંડળ, પો.બો. ૨૨, વલ્લભ વિદ્યાનગર — ૩૮૮ ૧૨૦, જિ. આણંદ. ફોન.: (૦૨૬૯૨) ૨૩૦૧૯૩**
- **ડૉ. હરિ દેસાઈ, નિયામક, સેરલિપ, ભાઈકાકા લાઈબ્રેરી સામે, વલ્લભ વિદ્યાનગર —૩૮૮ ૧૨૦, જિ. આણંદ. ફોનઃ (૦૨૬૯૨) ૨૩૩૧૯૧, મો.: ૯૮૯૮૫૪૩૮૮૧, ઈ-મેઈલઃ editor.vidyanagar@gmail.com**

**લવાજમઃ** વાર્ષિકઃ ₹ ૧૫૦/- સ્થાનિક વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહક લવાજમ ₹ ૧૦૦/-

આજીવનઃ ₹ ૧૫૦૦/-

વિદેશમાં ૨૫ $ અથવા ૧૫ £; આજીવન ૧૦૦ $ અથવા ૭૦ £

છૂટક નંકલની કિંમતઃ ₹ ૧૫ + રવાનગી ખર્ચ ₹ ૧૦/-




મહાત્મા ગાંધીસંસ્થાપિત કોચરબ આશ્રમ (અમદાવાદ)ના સંકુલમાં શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન આયોજિત રાષ્ટ્રીય એકતા પર્વમાં જાણીતા ઈતિહાસલેખક ડૉ. રિઝવાન કાદરીલિખિત બે ગ્રંથનું લોકાર્પણ થયું હતું. ગાદીસંસ્થાનના વડા આચાર્યશ્રી પુરુષોત્તમપ્રિયદાસ સ્વામીના અધ્યક્ષસ્થાને યોજાયેલા કાર્યક્રમમાં સીવીએમના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલ મુખ્ય અતિથિ હતા. વક્તાત્રિપુટી શ્રી ગુણવંત શાહ, ડૉ. મકરંદ મહેતા અને શ્રી ભવેન કચ્છી પણ દૃશ્યમાન છે.



ચારુતર વિદ્યામંડળસંચાલિત એમ.યુ. ટેકનિકલ હાઈસ્કૂલના છ વિદ્યાર્થી એસએસસી બોર્ડની પરીક્ષામાં એ-૧ શ્રેણીમાં આવ્યા હતા. સીવીએમના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલે સંસ્થાની ઉપલબ્ધિ અંગે ખુશી વ્યક્ત કરતાં વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા હતા. તસવીરમાં શાળાઓના પ્રભારી માનદ સહમંત્રી ડૉ. એસ.જી. પટેલ અને આચાર્ય શ્રી સુરેશભાઈ પટેલ પણ છે.

**V-Vidyanagar**
**P.O.Reg. No. AND/318/2012-14**
**Valid upto 31-12-2014**
**Date of Posting 25th of Every Month**
**Posted at Vallabh Vidyanagar**

**ISSN 0976 - 9809 V-Vidyanagar**
**RNI No.Guj/2009-11/5433**
**July 2013**



**Kishor Narkhadiwala Oil on Canvas 90 x 75 cm**

Editors: Dr. Rajendrasinh Jadeja, Dr. Hari Desai Printed at Anand Press, Anand 388 001.
Printed, Published and owned by: Prin. S.M. Patel, Hon. Secretary, Charutar Vidyamandal and Published at Vallabh Vidyanagar 388 120., Gujarat